રાજકોટના પ્રાઈમ લોકેશનમાં
300 વાર
પ્લોટ વેચવાનો છે
"સાગર" સાત હનુમાન સામે, 100 ફૂટના રોડનો, કુવાડવા રોડ, રાજકોટ
98242 00970

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક
ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૨
તા. ૨૯-૮-૨૦૨૬, શનિવાર
વર્ષ: ૧૫, અંક: ૧૫૧
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia

શું તમે કોઈ આવી તકલીફ થી પીડાવ છો ?
હરસ-મસા, ભગંદર, ફિશર ની સારવાર
વેદાંત
રોગ ની ગંભીરતા અનુસાર ઓપરેશન દ્વારા સચોટ નિદાન અને સારવાર
મોટી ટાંકી ચોક, રાજકોટ.

# નેપાળ જળપ્રલયની પાંચ મહિના અગાઉ અપાય હતી ચેતવણી

## નેપાળ જળપ્રલયમાં મૃત્યુઆંક ૬૨૬ એ પહોંચ્યો: હિન્દુકુશ હિમાલય ક્ષેત્રમાં ગ્લેશિયર પીગળવાનો દર વર્ષ ૨૦૦૦ પછી બમણો થયો; ૩ દાયકામાં ૧૨ ટકા બરફ વિસ્તાર ઘટ્યો

## નદીમાં કાટમાળથી અસ્થાયી ડેમ બનતાં ૨.૫ મિલિયન ક્યુબિક મીટર પાણી ભરાયું: ફરી ફ્લેશ ફ્લડ ત્રાટકવાની ભીતિ

**અબતક, નવી દિલ્હી**

નેપાળ અને તિબેટ સરહદી વિસ્તારમાં ગ્લેશિયર તૂટી પડવાના કારણે આવેલા ભીષણ પૂર અને કાટમાળના પ્રકોપથી સેંકડો લોકોએ જીવ ગુમાવ્યા છે અને લગભગ ૧,૦૦૦થી વધુ લોકો લાપતા બન્યા છે. આ કુદરતી હોનારત અચાનક સર્જાઈ હોવાનું જણાતું હોવા છતાં, 'ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ઈન્ટિગ્રેટેડ માઉન્ટેન ડેવલપમેન્ટ' દ્વારા માર્ચ ૨૦૨૬માં જાહેર કરાયેલા બે મહત્વપૂર્ણ અહેવાલોમાં આ પ્રકારના વિનાશક ફ્લેશ ફ્લડ અંગે મહિનાઓ અગાઉ સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી હતી.

આઈસીમોડના ક્રાયોસ્ફિયર નિષ્ણાત મોહમ્મદ ફારૂક આઝમના જણાવ્યા અનુસાર, ગ્લેશિયરની નીચે રહેલા ખડકો પોતાની જગ્યા પરથી અલગ થઈ જતાં બરફ અને વિશાળ પથ્થરોનો હિમપ્રપાત ખીણમાં ધસી આવ્યો હતો. આ પ્રચંડ કાટમાળે માર્ગમાં આવતી માનવ વસ્તી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને તહસનહસ કરી નાખ્યું હતું.

અહેવાલના ગ્લેશિયર મોનિટરિંગ રિપોર્ટ મુજબ હિન્દુકુશ હિમાલય વિસ્તારમાં ૧૯૭૫ પછી ગ્લેશિયરની બરફની જાડાઈ ૨૭ મીટર સુધી ઘટી ગઈ છે.વર્ષ ૧૯૯૦થી ૨૦૨૦ વચ્ચે ગ્લેશિયર્સે પોતાના કુલ વિસ્તારનો આશરે



### અસ્થાયી ડેમ ઓવરફ્લો થતાં ફરી પૂરનો ખતરો

ભોટેકોશી નદીના વહેણમાં હિમપ્રપાતના કાટમાળને કારણે એક કુદરતી/અસ્થાયી સરોવર રચાઈ ગયું છે, જેમાં ૨.૫ મિલિયન ક્યુબિક મીટરથી વધુ પાણી જમા થયું છે. આ સરોવર ઓવરફ્લો થવા લાગતાં ખીણ વિસ્તારમાં 'સેકન્ડરી ફ્લેશ ફ્લડ' ત્રાટકવાની આશંકાએ નેપાળ અને ચીની બચાવ ટીમોએ કામગીરી અટકાવી નીચાણવાળા વિસ્તારો ખાલી કરાવ્યા છે.

૧૨ ટકા અને બરફના અનામત જથ્થાનો ૯ ટકા ભાગ ગુમાવી દીધો છે.વર્ષ ૨૦૦૦ પછી બરફ પીગળવાની ગતિ બમણી થઈ ગઈ છે.૦.૫ ચોરસ કિમીથી નાના ગ્લેશિયર્સ સૌથી ઝડપથી પીગળી રહ્યા છે, જે સમગ્ર વિસ્તારના ગ્લેશિયર્સમાં ત્રણ-ચતુર્થાંશ (૭૫%) હિસ્સો ધરાવે છે.પૂર્વીય હેંગડુઆન શાન પર્વતમાળામાં કેટલાક વિસ્તારોમાં ગ્લેશિયર વિસ્તારમાં ૩૩ ટકા જેટલો જંગી ઘટાડો નોંધાયો છે.

ધ્રુવીય પ્રદેશો બહાર હિન્દુકુશ હિમાલય સૌથી વધુ બરફ ધરાવતો વિસ્તાર છે, જ્યાં ૫૫,૭૮૨ ચોરસ કિમીમાં ૬૩,૭૦૦થી વધુ ગ્લેશિયર્સ આવેલા છે. આ ગ્લેશિયર્સ એશિયાની મુખ્ય ૧૦ નદીઓને પાણી પૂરું પાડે છે, જેના પર અબજો લોકોનો ખોરાક, પાણી અને ઊર્જા નિર્ભર છે. ૭૪ ટકાથી વધુ ગ્લેશિયર્સ સિંધુ, ગંગા અને બ્રહ્મપુત્રા નદીના બેસિનમાં કેન્દ્રિત હોવાથી લાંબા ગાળે જળ

(અનુ. આઠમા પાને)

# વધુ પડતું મીઠું, ખાંડ અને ફેટ ધરાવતા જંક ફૂડના પેકેટ ઉપર હવે વોર્નિંગ લેબલ લગાવવું પડશે

## સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને સૂચના આપ્યા બાદ એફએસએસએઆઈનો કડક નિર્ણય શરીર માટે નુકસાનકારક ફૂડની ઓળખ સરળતાથી થઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવાઈ

**અબતક, નવી દિલ્હી**

લોકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એફએસએસએઆઈ) એ એક મોટો નિર્ણય લીધો છે. જંક ફૂડમાં રહેલા વધુ પડતા મીઠું, ખાંડ અને ચરબી (ફેટ) વિશે ગ્રાહકોને સાવચેત કરવા માટે હવે ફૂડ પેકેજના આગળના ભાગમાં લાલ રંગના હેક્ઝાગોનલ (ષટ્કોણ) વોર્નિંગ લેબલ લગાવવામાં આવશે. એફએસએસએઆઈએ શુક્રવારે સુપ્રીમ કોર્ટમાં આ અંગે પોતાની સંમતિ દર્શાવી છે. ૧૩ ઓગસ્ટના રોજ સુપ્રીમ કોર્ટ દ્વારા ફ્રન્ટ-ઓફ-પેક લેબલિંગ (એફઓપીએલ) અંગે અપાયેલા આદેશના જવાબમાં એફિડેવિટ ફાઈલ કરીને આ માહિતી આપવામાં આવી છે.

આ નિર્ણય ત્યારે લેવામાં આવ્યો છે જ્યારે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આ મુદ્દે કડક સૂચના આપતા કહ્યું હતું કે જો સરકાર પોતાની જાતે આ દિશામાં પગલાં લેશે તો સારું છે, અન્યથા કોર્ટ આગળના નિર્દેશો પસાર કરશે. આ નવા ફ્રેમવર્ક હેઠળ, નિર્ધારિત માત્રા કરતાં વધુ પોષક તત્વો ધરાવતા ઉત્પાદનો પર ''હાઈ ફેટ'', ''હાઈ સોલ્ટ'', અથવા ''હાઈ સુગર'' લખેલા લાલ હેક્ઝાગોનલ વોર્નિંગ લેબલ અગ્રણી રીતે દર્શાવવામાં આવશે. આનાથી ગ્રાહકો ખરીદી

(અનુ. આઠમા પાને)

### પાકિસ્તાનના કાંકરીચાળા

# એલઓસી નજીક પાકિસ્તાની ડ્રોન દેખાતા સુરક્ષા દળો હાઈ એલર્ટ પર

## સરહદે પાકિસ્તાનની નાપાક હરકત: પૂંછના બાલાકોટમાં ઘૂસ્યું ડ્રોન હથિયાર કે નશાનો સામાન ફેંકાયાની આશંકાએ સેનાનું સર્ચ ઓપરેશન

**અબતક, રાજકોટ**

જમ્મુ-કાશ્મીરમાં નિયંત્રણ રેખા પર પાકિસ્તાન દ્વારા ફરી એકવાર ડ્રોન મોકલીને નાપાક હરકત કરવામાં આવી છે. પૂંછ જિલ્લાના મેંઢર સેક્ટર હેઠળ આવતા બાલાકોટના બેહરૂતી ગામ નજીક આકાશમાં એક પાકિસ્તાની ડ્રોન શંકાસ્પદ રીતે મંડરાતું જોવા મળ્યું હતું. ભારતીય સેનાના જવાનોની નજર પડતાં જ સમગ્ર સરહદી પટ્ટામાં તકેદારી વધારી દેવામાં આવી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ડ્રોન ભારતીય સીમામાં ઘૂસ્યા બાદ મંગલનાર-ડબરોટ વિસ્તાર તરફ આગળ વધ્યું હતું અને થોડીવાર બાદ ફરી પાકિસ્તાન તરફ રવાના થઈ ગયું હતું. ઘટનાને પગલે સેના અને સુરક્ષા દળોએ સમગ્ર ફોરવર્ડ સેક્ટરને હાઈ એલર્ટ પર મૂકી દીધું છે અને એરિયલ તેમજ ગ્રાઉન્ડ સર્વેલન્સ સઘન બનાવી દીધું છે.

સરહદ પારથી ડ્રોન મારફતે આતંકીઓ માટે હથિયાર, વિસ્ફોટકો કે નશીલા દ્રવ્યો (ડ્રગ્સ) ફેંકવામાં આવ્યા હોવાની આશંકાને ધ્યાને રાખીને સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારની ઘેરાબંધી કરી મોટા પાયે કોમ્બિંગ ઓપરેશન હાથ ધર્યું છે. આ સિવાય સરહદી વિસ્તારોમાં જંગલ અને અવાવરૂ જગ્યાઓ પર પણ ચાંપતો બંદોબસ્ત ગોઠવી તપાસ તેજ કરવામાં આવી છે.

ન્યુ રીનોવેટેડ A/C લગ્નહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટેલ ભાભા

અબતક
જોઈએ છે: રિસેપ્શનિસ્ટ (મેલ / ફીમેલ)

રસ ધરાવતા ઉમેદવારોએ પોતાના બાયોડેટા સાથે રૂબરૂ મુલાકાત લો
અબતક મીડિયા હાઉસ, રાષ્ટ્રીયશાળા રોડ, રાજકોટ મો: ૯૦૯૯૯૪૭૧૦૭

# શ્રી ગાયત્રી આશ્રમ, ગઢેથડ-ઉપલેટાના મહંત શ્રી લાલ બાપુનું સફળ ઓપરેશન

## રેડિયન્સ હોસ્પિટલ, અમદાવાદ ખાતે શ્રી લાલબાપુનું પ્રોસ્ટેટનું ઓપરેશન સફળતાપૂર્વક થયુ, હાલ બાપુની તબીયત ખુબ જ સારી

ડો. અમીત ત્રિવેદી (યુરોલોજી સર્જન) તથા ડો. અપૂર્વ વ્યાસ (ઓબેસિટી સર્જન) અને તેની ટીમ દ્વારા ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યુ.



ગુજરાતનાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા વિડીયો કોલથી બાપુના તબિયતનાં સમાચાર જાણ્યા. તેમજ શ્રી બાપુની તબિયતના ખબર અંતર પુછવા માટે ગુજરાતભરનાં મહાનુભાવો પધાર્યા હતા જેવા કે, ગુજરાતનાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, કેન્દ્રીય કેબીનેટ મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા, પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી પરષોતમ ભાઈ રૂપાલા, લોકસભા મેમ્બર પુનમબેન માડમ, પૂર્વ મુખ્યમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલા તથા શ્રી શકિતસિંહ ગોહિલ, તથા GTPL ના માલીકો શ્રી અનિરૂધ્ધ સિંહ જાડેજા, શ્રી કનકસિંહ રાણા, શ્રી રાજભા જેઠવા તથા શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ (મહામંત્રી- ગુજરાત પ્રદેશ, ભાજપ), તૃપ્તિબા રાઓલ (કન્વીનર સંકલન સમિતી) તથા ક્ષત્રિય સમાજનાં તમામ અગ્રણીઓ અને તમામ હોદેદારશ્રીઓ દ્વારા બાપુની તબિયતનાં સમાચાર પુછવામાં આવ્યા હતા. શ્રી જયરાજસિંહ પરમાર (પ્રવકતા - ગુજરાત પ્રદેશ, ભાજપ) તથા શ્રી કિશોરસિંહ ઝાલા (ઉદ્યોગપતિ) આ બન્ને મહાનુભાવોની બાપુની માંદગી દરમ્યાન સતત સેવા મળતી રહી. તેમજ રાજ્યનાં પોલીસ વડા શ્રી અનુપમસિંહ ગેહલોત પણ હાજર રહયા હતા.




શ્રી નરેશભાઈ પટેલ, શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ - ધારાસભ્ય શ્રી દસ્ક્રોઈ તથા દરેક પાટીદાર અગ્રગણ્ય આગેવાનો દ્વારા શ્રી લાલબાપુની તબીયતનાં સમાચાર પુછવામાં આવ્યા હતા.



પદ્મશ્રી ડો. જયંતભાઈ વ્યાસ (વાઈસ ચાન્સેલર, NSFU), પદ્મશ્રી ભીખુદાન ગઢવી તથા ઈશુદાનભાઈ ગઢવી પણ રૂબરૂ આવી બાપુના તબિયતનાં સમાચાર પુછયા હતા.

ભાગવત કથાકાર પુજય શ્રી જીજ્ઞેશ દાદાએ રૂબરૂ મુલાકાત કરી તેમજ શ્રી રામ કથાકાર પૂજય મોરારી બાપુ દ્વારા વિડીયો કોલથી તબિયતનાં સમાચાર પુછવામાં આવ્યા તથા અનેક કથાકારો દ્વારા બાપુના સ્વાસ્થ્ય માટે પ્રાથના કરવામાં આવી તેમજ તબીયતનાં સમાચાર પુછવામાં આવ્યા હતા.



**ડો. અપૂર્વ વ્યાસ**
ગુજરાત ના પ્રથમ અને એકમાત્ર રોબોટિક ઓબેસિટી સર્જન

સાળંગપુર કષ્ટભંજન હનુમાન મંદિરના પુજય હરિપ્રકાશ સ્વામી શ્રી અને વિવેક સ્વામી શ્રી, પંચનાથ મહાદેવ મંદિર, ધોરાજીના મહંત શ્રી શ્રધ્ધાનંદજી બાપુ, દંડીસ્વામી આશ્રમ, ડાકોરના મહંત શ્રી વિજયદાસ બાપુ ઉપરાંત ગુજરાતભરનાં સંતો અને મહંતશ્રીઓ દ્વારા રૂબરૂ તથા ટેલીફોનનાં માધ્યમથી બાપુની તબિયત માટે ચિંતા વ્યકત કરાઈ અને તેમના સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરવામાં આવી.

ગુજરાતનાં નામાંકિત કલાકારો દ્વારા રૂબરૂ તથા ટેલીફોનનાં માધ્યમથી બાપુનાં સારા સ્વાસ્થય માટે પ્રાર્થના કરવામાં આવી.

ઉપરાંત બાપુનાં અસંખ્ય સેવકો અને ભકતો દ્વારા તેમના સ્વાસ્થ્ય માટે ઉપવાસ, યજ્ઞો અને પ્રાર્થના કરવામાં આવી હતી.

શનિવાર, તા.૨૯/૮/૨૬નાં રોજ બાપુને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ છે. ત્યાર બાદ બાપુ સેવક રાજુભાઇ ગજેરાનાં નિવાસ સ્થાને થોડા સમય માટે રોકાશે.

**પુજય સંત શ્રી લાલબાપુનાં આશિર્વાદથી રેડિયન્સ હોસ્પિટલ, અમદાવાદમાં જરૂરીયાતમંદ દર્દીઓને ઓપરેશન ખર્ચમાં ખાસ રાહત આપવામાં આવશે**

સૌજન્ય :
RADIANCE HOSPITALS TRANSFORMING LIVES | ANSH Obecure Solutions for obesity
ત્રીજો અને ચોથો માળ, કેપીટલ-૨, વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ.
એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક : ૭૦૪૩૨ ૧૧૧૧૮, ૯૯૯૮૭ ૩૩૩૮૭ (એપોઇન્ટમેન્ટ લેવી ફરજીયાત છે)



RANI®
Premium Edible Oils
કંપની રીટેલ આઉટલેટ • રાજકોટ સીટી :- 'યુનિટી પ્લસ', સ્પીડવેલ પાર્ટી પ્લોટની બાજુમાં : 97266 53000, 97266 54000
ગોકુલ ધામ : 96877 61000/62000 ; જવાહર રોડ : 0281-2222700/800, 97126 43000 ; રૈયા રોડ : 97125 72000/73000
• શાપર : 97273 83000/84000/85000
• અમદાવાદ સીટી :- સાઉથ બોપલ : 97266 74000/75000 ; ચોખા બજારની સામે, કાલુપુર. 72111 51781/82

# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

### મેષ — અ,લ,ઈ

રિયાલ્ટી બિઝનેસના જાતક એવમ શેર બજાર, કોમોડિટી એકમના જાતક માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ નીવડશે તેવી પૂરી સંભાવના. હેવી મશીનરીઝ એવમ ધાતુ ઉદ્યોગ સમેત અન્ય મોટા ઔદ્યોગિક એકમ તથા જથ્થાબંધ વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. ધંધા-વ્યવસાયને લઈને આ સપ્તાહ દરમિયાન અનેક નવી તક મળવાની પૂર્ણ સંભાવના. આ સિવાયના અન્ય ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. છૂટક વ્યાપારી માટે આ સપ્તાહ લાભદાયક રહેવાની સંભાવના. સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ વ્યસ્ત નીવડશે. મહિલા કર્મી, ગૃહિણી, વિદ્યાર્થી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ પણ સાનુકૂળ રહેશે. ૪ તથા ૫ સપ્ટેમ્બર મધ્યમ રહેશે. (પન્નોતિનો ઉપાય ન્યાયિક માર્ગ)

### વૃષભ — બ,વ,ઉ

સર્વિસ બિઝનેસ, ફાઈનાન્સ એજન્સી એવમ રિટેલર માટે આ સપ્તાહ બહુ લાભદાયક રહે તેવી સંભાવના. ધંધા-વ્યવસાયમાં આકસ્મિક ધનલાભ થવાની શક્યતા, જે આર્થિક સ્થિતિમાં સુધારો લાવશે એવમ લાંબા સમયથી અટકેલા નાણાકીય કાર્યોમાં ગતિ લાવશે. દરેક પ્રકારના, દરેક કદના ઔદ્યોગિક એકમ તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભકારી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સંઘર્ષવાળું એવમ થોડું પ્રતિકૂળ નીવડે તેવી સંભાવના, સાથે બદલી કે સ્થાનાંતર થવાના પણ પ્રબળ સંયોગો જણાશે. કુટુંબ-પરિવારમાં સુખ-શાંતિ તેમજ પરસ્પર સાથ-સહકાર અકબંધ રહેશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. ૧ સપ્ટેમ્બર મધ્યમ રહેશે.

### મિથુન — ક,છ,ઘ

હેવી હ્યુજ મશીનરીઝ ધરાવતા તથા વિદ્યુત સંબંધિત મોટા ઔદ્યોગિક એકમના જાતક તેમજ તેનાં વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. ઈનઓર્ગેનિક કેમિકલ તેમજ ફાર્મા-કેમિકલ તથા ફાર્માસ્યુટિકલ એકમના જાતક માટે આ સપ્તાહ ભાગદોડવાળું નીવડશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. નાના (છૂટક, ફેરી) વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ જણાશે. વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. ૩૧ ઓગસ્ટ અને ૩ સપ્ટેમ્બર મધ્યમ નીવડશે.

### કર્ક — ડ,હ

અધૂરા રહેલા પ્રોજેક્ટ્સમાં ગતિ આવશે. ખાનગી સિક્યુરિટી એજન્સીના જાતક માટે આ સપ્તાહ લાભદાયી નીવડશે તેવી પૂર્ણ સંભાવના. લો એન્ફોર્સમેન્ટ વિભાગના અધિકારી તથા કર્મચારી માટે આ સપ્તાહ અતિ વ્યસ્ત નીવડશે, સાથોસાથ હળવું લાભકારી પણ જણાશે. તમામ કદના અને તમામ પ્રકારના ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયી નીવડશે, સાથે અનેક નવી તકવાળું રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું-હળવું લાભકારક નીવડશે. પરિવાર તરફથી સહકાર તેમજ આર્થિક લાભ મળે તેવી શક્યતા. નિવૃત્ત, ગૃહિણી, વર્કિંગ વુમન તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ લાભદાયી નીવડશે. કેવળ ૩ સપ્ટેમ્બર મધ્યમ જણાશે.

### સિંહ — મ,ટ

લાંબા ગાળાના રોકાણ માટે આ સપ્તાહ લાભદાયક સાબિત થશે. નાના-નાના ઉદ્યોગ-ધંધાના જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારી નીવડશે. આ સિવાયના, અન્ય તમામ નાના-મોટા ઔદ્યોગિક એકમના જાતક તેમજ વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ-લાભદાયી નીવડશે. નાના તથા છૂટક તેમજ પરિશ્રમી ધંધા-વ્યવસાયના જાતક માટે આ સપ્તાહ સરેરાશ રહેશે. સરકારી શૈક્ષણિક એકમના જાતક તેમજ ખાનગી શૈક્ષણિક સંસ્થાના જાતક માટે આ સપ્તાહ અર્ધ-પ્રતિકૂળ નીવડે તેવી પૂર્ણ સંભાવના. આ સિવાયના સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. કુટુંબથી સાથ-સહકાર અકબંધ રહેશે. મહિલા કર્મી, ગૃહિણી તથા વિદ્યાર્થી, નિવૃત્ત માટે આ સપ્તાહ પણ થોડું-થોડું લાભદાયી નીવડશે. ૪ સપ્ટેમ્બર સામાન્ય રહેશે.

### કન્યા — પ,ઠ,ણ

પૃથ્વી તત્વ સંબંધિત કોઈપણ ઔદ્યોગિક એકમના જાતક તેમજ વ્યાપારિક એકમના જાતક તથા ફૂડ ઈન્ડસ્ટ્રીઝના જાતક તથા રેસ્ટોરાં જેવા એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારી નીવડશે તેવી પૂરી શક્યતા. રેડીમેડ ગાર્મેન્ટ્સના નાના ઔદ્યોગિક એકમના જાતક તેમજ નાના વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ મધ્યમ અથવા સરેરાશ નીવડશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ પણ ચડાવ-ઉતારવાળું પરંતુ લાભદાયક નીવડશે. રિટેલર્સ માટે આ સપ્તાહ બહુ લાભકારી રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. નિવૃત્ત, ગૃહિણી, મહિલા કર્મી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૩ સપ્ટેમ્બર મધ્યમ નીવડશે.

### તુલા — ર,ત

વર્ષોથી વણસી ગયેલા નજીકના સંબંધમાં સુમેળ આવે તેવી પૂર્ણ સંભાવના અને સંયોગ પણ છે. નવા વાહન જેવા કે બાઈક તથા કારની ખરીદી કરવા માટે આ સપ્તાહ યોગ્ય રહેશે. વાત એવમ પિત્તની મિશ્ર પ્રકૃતિવાળા જાતકે આરોગ્યની હળવી કાળજી રાખવી. રેસ્ટોરાં, હોટલ તથા ટ્રાવેલ એજન્સીના જાતક માટે આ સપ્તાહ સરેરાશ નીવડશે. તમામ કદના, તમામ પ્રકારના ઔદ્યોગિક એકમના જાતક તથા તમામ કદના વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી તથા મહિલા કર્મી માટે આ સપ્તાહ મધ્યમ અથવા સાવ સરેરાશ નીવડશે. ૧ સપ્ટેમ્બર સામાન્ય નીવડશે.

### વૃશ્ચિક — ન,ય

બેંકિંગ એકમના જાતક માટે તથા સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ પ્રતિકૂળ જણાશે. પ્રિન્ટિંગ, ઓફસેટ, ગ્રાફિક્સ પ્રિન્ટિંગ્સ એકમના જાતક એવમ સ્ટેશનરી સંબંધિત ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ અત્યધિક લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. આ સિવાયના, અન્ય તમામ કદના, તમામ પ્રકારના ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ સાવ સરેરાશ અથવા મધ્યમ નીવડે તેવી પૂરી શક્યતા. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. આ સપ્તાહ દરમિયાન સગા-સંબંધી સાથે હળવો વિવાદ થઈ શકે તેવી સંભાવના. નિવૃત્ત તથા મહિલા કર્મી, ગૃહિણી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. ૪ સપ્ટેમ્બર સામાન્ય રહેશે.

### ધન — ભ,ફ,ધ,ઢ

પશુપાલન એકમના જાતક તથા ડેરી અને દૂધની વિવિધ ઉત્પાદન એકમના જાતક માટે આ સપ્તાહ અત્યધિક લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. આયુર્વેદિક-હર્બલ ઔષધિ, હર્બલ પ્રોડક્ટના ઉત્પાદક તેમજ વિક્રેતા જાતક માટે આ સપ્તાહ સાવ સરેરાશ અથવા અર્ધ-પ્રતિકૂળ નીવડશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ગ્રેઈન ગ્રોસરી એકમના જાતક તથા જથ્થાબંધ વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ-લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. પરિવાર સાથે ધાર્મિક યાત્રા થાય તેવી પૂર્ણ સંભાવના. વિદ્યાર્થી, મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૨ સપ્ટેમ્બર સાવ સાધારણ જણાશે.

### મકર — ખ,જ

આ સપ્તાહે ગોથે ચડી ગયેલા ધંધાના કામકાજને યોગ્ય દિશા સાથે વેગ મળવાની પૂરી શક્યતા. કુટિર ઉદ્યોગ એવમ નાના ઔદ્યોગિક એકમવાળા જાતક માટે આ સપ્તાહ અત્યધિક લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. કૃષિ, બાગાયતી એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક તથા જથ્થાબંધ વ્યાપારિક એકમના જાતક તથા દેશ-વિદેશ વ્યાપાર, વ્યવસાય સાથે જોડાયેલ તમામ જાતક માટે આ સપ્તાહ સાવ સામાન્ય નીવડશે. કઠોર પરિશ્રમવાળા ધંધા-વ્યાપાર માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ લાભકારી રહેશે. ગૃહિણી તથા મહિલા કર્મી માટે આ સપ્તાહ પણ લાભદાયી રહેશે. ૩૦ ઓગસ્ટ સામાન્ય રહેશે.

### કુંભ — ગ,શ,ષ

વાયુ તત્વ સંબંધિત ઉત્પાદન ઔદ્યોગિક એવમ વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારક નીવડશે તેવી પૂરી શક્યતા. આ સિવાયના અન્ય તમામ કદના, તમામ પ્રકારના ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું કે અર્ધ-પ્રતિકૂળ નીવડે તેવી પૂર્ણ સંભાવના. જથ્થાબંધ અને મોટા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ સરેરાશ નીવડશે. છૂટક તથા નાના વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ વ્યસ્ત એવમ હળવું-હળવું લાભકારી નીવડશે. સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ હળવું-હળવું લાભકારી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. મેડિકલ-ફાર્મસી ક્ષેત્રના વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી તેમજ મહિલા કર્મી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૧ સપ્ટેમ્બર સાવ સામાન્ય રહેશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન.)

### મીન — દ,ચ,ઝ,થ

જાહેર ક્ષેત્ર તેમજ રાજકીય ક્ષેત્રની વ્યક્તિ તથા સેલિબ્રિટી માટે આ સપ્તાહ પણ પ્રતિકૂળ નીવડશે. ફેશન સંબંધિત ઔદ્યોગિક એકમના જાતક એવમ તેને સંબંધિત વ્યાપારિક એકમના જાતક તથા જાહેરાત સંબંધિત વિવિધ માધ્યમની એજન્સીના જાતક માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ અથવા સરેરાશ નીવડશે તેવી પૂર્ણ સંભાવના. આ સિવાયના અન્ય ઔદ્યોગિક ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહે અનેક અણધારી સમસ્યા આવવાની સંભાવના છે, જ્યારે વ્યાપાર, સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ લાભકારક નીવડશે. પરિવાર તરફથી સાથ-સહકાર યથાવત રહેશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. ૨ તથા ૪ સપ્ટેમ્બર મધ્યમ રહેશે. (પન્નોતિનો ઉપાય દાન + અભ્યંગ સ્નાન)

---

## પહેલા સંયુક્ત કુટુંબ, આજે સંયુક્ત ફેમિલી ગ્રુપ ફક્ત વોટ્સએપ પર !

# સંયુક્ત કુટુંબની છાંયડીમાંથી 'માય સ્પેસ'ની ચાર દીવાલો સુધીની સફર

**પરિવાર એટલે જયા હું શ્વાસ લઉં છું, ત્યાં અસ્તિત્વના પ્રત્યેક કણ અને જીવનની હાજરી હોય તે મારો પરિવારઃ બાળકના જન્મથી જ તેનું કુટુંબ શરૂ થાય લોહીના સંબંધોથી જોડાયેલા લોકોનો સમુહ જે સમાજ વ્યવસ્થાની મજબૂત કડી ગણાય**

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આજના કુટુંબોની સામાજિક વાસ્તવિકતા એવી બની રહી છે કે ઘર તો આધુનિક બન્યાં, પરંતુ ઘરના સંબંધો સંકોચાતા ગયા છે. એક જ છત નીચે રહેતા સભ્યો પાસે એકબીજા માટે સમય નથી, જ્યારે દૂર બેઠેલા લોકો સાથે કલાકો સુધી મોબાઈલ પર વાત થાય છે. આર્થિક સ્વતંત્રતા, નોકરી-વ્યવસાયની દોડ, વધતી વ્યક્તિગત અપેક્ષાઓ, 'મારી જિંદગી, મારી મરજી'ની માનસિકતા અને પેઢીઓ વચ્ચે વધતું અંતર સંયુક્ત કુટુંબને ધીમે ધીમે વિભક્ત કરી રહ્યું છે. તહેવારોની ઉજવણી હવે પરિવારના આંગણામાં ઓછું અને સોશિયલ મીડિયાની પોસ્ટમાં વધુ દેખાય છે; સુખ-દુઃખમાં સાથે ઊભા રહેવાની જગ્યાએ 'લાઈક' અને 'કોમેન્ટ'થી લાગણી વ્યક્ત થવા લાગી છે. કટાક્ષ એટલો જ કે પહેલાં ઘરમાં માણસો વધારે અને સુવિધાઓ ઓછી હતી, છતાં દિલો વચ્ચે અંતર નહોતું, આજે સુવિધાઓ બધી છે, પણ એકબીજા માટે સમય અને લાગણીની જગ્યા ઓછી પડી રહી છે.

પહેલા કુટુંબમાં એક જ છત, આજે એક જ છત નીચે અલગ અલગ દુનિયા જોવા મળે છે. સમાજ વ્યવસ્થાનો પાયો જો કોઈ હોય તો તે પરિવાર છે. વ્યક્તિનો જન્મ પરિવારમાં થાય છે, તેનું ઘડતર પરિવારમાં થાય છે અને તેના સંસ્કારોનું સિંચન પણ પરિવાર જ કરે છે. ભારતીય સંસ્કૃતિમાં તો પરિવારને માત્ર રહેવાની વ્યવસ્થા નહીં, પરંતુ એક સંસ્કાર-પાઠશાળા તરીકે જોવામાં આવ્યો છે. જ્યાં સુધી પરિવાર મજબૂત છે, ત્યાં સુધી સમાજ મજબૂત છે, અને સમાજ મજબૂત હશે તો જ રાષ્ટ્ર મજબૂત બનશે.

આપણે ત્યાં મુખ્યત્વે બે પ્રકારની કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે - સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબ. સંયુક્ત કુટુંબ એટલે દાદા-દાદી, માતા-પિતા, કાકા-કાકી, ભાઈ-બહેન સૌ સાથે એક છત નીચે, એક ચૂલે રસોઈ અને એક જ આંગણામાં જીવન. જ્યારે વિભક્ત કુટુંબ એટલે પતિ-પત્ની અને તેમના બાળકો પૂરતું નાનું કુટુંબ. બંને વ્યવસ્થાના પોતાના ફાયદા-ગેરફાયદા છે, પરંતુ સંયુક્ત કુટુંબે ભારતીય સમાજને સદીઓ સુધી ટકાવી રાખ્યો છે.

બાળકનો સર્વાંગી વિકાસ પરિવારમાં જ શક્ય બને છે. માતાનો પ્રેમ, પિતાની શિસ્ત, દાદા-દાદીની વાર્તાઓ અને ભાઈ-બહેનનો સાથ - આ બધું મળીને બાળકમાં સંસ્કાર, સહનશીલતા અને સામાજિકતાનું નિર્માણ કરે છે. સંયુક્ત કુટુંબમાં બાળક ક્યારેય એકલું પડતું નથી. તેને પ્રેમ, હૂંફ અને સુરક્ષાની લાગણી સતત મળતી રહે છે. આજના મોબાઈલ અને ઈન્ટરનેટના યુગમાં બાળકને સંસ્કાર આપવાનું કામ માત્ર શાળા નથી કરી શકતી, તે કામ પરિવાર જ કરી શકે છે. પરિવારની સાચી ઓળખાણ એટલે પ્રેમ, લાગણી અને એકબીજાને મદદ કરવાની ભાવના. એકની તકલીફ સૌની તકલીફ અને એકની ખુશી સૌની ખુશી, આ ભાવના જ કુટુંબને જોડી રાખે છે.

**સમાજ વ્યવસ્થાની મજબૂત કડી એટલે પરિવારઃ જન્મથી મૃત્યુ સુધીનું અતુટ બંધનઃ તમે જયાં જન્મ્યા તે કુંટુંબ, તે તમારી આજુબાજુના લોકો જેની સાથે વર્તન વ્યવહારમાં જોડાયા છે, પ્રત્યાયનમાં છો એ સઘળો તમારો પરિવાર**

માંદગીમાં સેવા, અભ્યાસમાં માર્ગદર્શન, ધંધા-રોજગારમાં ટેકો - આ બધું પરિવારમાં સહજ મળી રહે છે. તહેવારોની ઉજવણી પણ પરિવાર વગર અધૂરી છે. દિવાળીના દીવા, હોળીના રંગો, નવરાત્રિના ગરબા કે ઉતરાયણની પતંગ - જ્યારે સૌ સાથે મળીને ઉજવીએ ત્યારે જ તેનો સાચો આનંદ આવે છે. એમ જ સારા-નરસા પ્રસંગે, લગ્ન હોય કે મરણ, સૌનો સાથ હોય તો દુઃખ હળવું થાય અને સુખ બમણું થાય.



આજે આ મજબૂત કુટુંબ પ્રથા ધીરે ધીરે તૂટતી જાય છે. તેના અનેક કારણો છે. સૌથી મોટું કારણ છે શહેરીકરણ અને રોજગાર માટેનું સ્થળાંતર. ગામડામાંથી યુવાનો શહેરમાં જાય છે અને ત્યાં નાનકડા મકાનમાં સંયુક્ત પરિવાર શક્ય બનતો નથી. બીજું કારણ છે આર્થિક સ્વતંત્રતા અને વ્યક્તિવાદી વિચારધારા. 'મારું ઘર, મારો નિર્ણય, મારી જિંદગી'-આ વિચાર વધતો જાય છે. સહનશીલતાનો અભાવ, પેઢીઓ વચ્ચે વિચારોનું અંતર, સાસુ-વહુના મતભેદો અને ખાનગી જીવનમાં દખલગીરીનો ડર પણ વિભક્ત થવાનું કારણ બને છે.

આજે બધાને એકલું રહેવું કેમ ગમે છે? તેની પાછળ આધુનિક જીવનશૈલી છે. સોશિયલ મીડિયાએ વર્ચ્યુઅલ દુનિયામાં મિત્રો આપ્યા છે પણ વાસ્તવિક સંબંધો છીનવી લીધા છે. લોકોને લાગે છે કે એકલા રહેવાથી સ્વતંત્રતા મળશે, કોઈ રોકટોક નહીં હોય. પરંતુ આ એકલતા શરૂઆતમાં સ્વતંત્રતા લાગે છે, પાછળથી એકલતામાં ફેરવાઈ જાય છે. એકલા રહેતા વૃદ્ધ માતા-પિતા, ડિપ્રેશનમાં જતા યુવાનો અને સંસ્કાર વગર ઉછરતા બાળકો-આ વિભક્તતાની ગંભીર આડઅસરો છે. સંશોધનો પણ કહે છે કે એકલા રહેતા લોકોમાં માનસિક તણાવ અને સ્વાસ્થ્ય સમસ્યાઓ વધુ જોવા મળે છે.

સંયુક્ત કુટુંબ એ કોઈ જૂની રૂઢિ નથી, એ સમયની જરૂરિયાત છે. વિભક્ત કુટુંબ ખરાબ છે એવું નથી, પણ સંબંધો વિભક્ત ન થવા જોઈએ. ભલે આપણે અલગ ઘરમાં રહીએ, પણ મનથી સાથે રહીએ, તહેવારોમાં ભેગા થઈએ, મુશ્કેલીમાં એકબીજાને સાથ આપીએ. પરિવારમાં થોડું જતું કરતા શીખીશું, થોડું સહન કરતા શીખીશું તો જ કુટુંબ ટકશે. અને યાદ રાખો, મકાન ઈંટ-સિમેન્ટથી બને છે, પણ ઘર તો પ્રેમ, લાગણી અને વિશ્વાસથી બને છે.

**ફેમિલી ગ્રુપમાં 'ગુડ મોર્નિંગ' ને ઘરમાં મૌન !**

આજના યુગમાં મોટાભાગના કુટુંબોના ઘર મોટા થયા છે, પણ પરિવાર નાનો થઈ ગયો છે, સોશિયલ મીડિયાના યુગમાં સંબંધો ઓનલાઈન થઈ ગયા પણ પરિવાર ઓફલાઈન થયો. આજે તો મોબાઈલમાં આખી દુનિયા મળી જાય છે, પણ ઘરમાં વાત કરવા વાળું મળતું નથી. આજે બધા પાસે પરિવાર છે, પણ આપણાપણું ક્યાં છે ? 'માય સ્પેસ' શોધમાં આપણું ઘર જ ખોવાઈ ગયું છે. આજે તો સાથે રહેવાનું ઘટ્યું, સાથે જીવવાનું તો દૂર થઈ ગયું છે. તહેવારોની તસવીરો વધી ગઈ અને પરિવારની બેઠકો ઘટી ગઈ છે. આજે સવારમાં જ આપણે ફેમિલી ગ્રુપમાં ગુડ મોર્નિંગ લખી નાખીએ છીએ પણ ઘરમાં તો સાવ મૌન રહીએ છીએ. આજે સગપણ નજીક છે પણ સંબંધો દૂર થઈ ગયા. આજના માનવીની સુવિધાઓ વધી, સંબંધોની ઉષ્મા ઘટી ગઈ છે.

---

## અબતક પંચાગ

**તા.૩૦-૮-૨૦૨૬ રવિવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિઃ** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** શ્રાવણ વદ બીજ પંચક
**નક્ષત્ર** ઉતરાભાદ્રપદ
**યોગ** શૂલ **કરણઃ** વણિજ
**સુર્યોદય** ૬.૩૦ **સુર્યાસ્તઃ** ૭.૦૫
**ચંદ્ર રાશી** મીન
**રાશિ અક્ષર** દ.ચ.ઝ.થ
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સાંજે ૪.૩૦ થી ૬
**દિવસનાચોઘડીયા**
ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ
**રાત્રીનાચોઘડીયા**
શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૪ થી ૧.૧૪

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

---

## સૂડોકુ -૬૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | | | | | ૪ | | |
| ૪ | | ૧ | | | | | | ૮ |
| | | ૫ | ૨ | | | ૧ | | |
| ૧ | | ૨ | ૪ | ૯ | | ૭ | | ૬ |
| | ૫ | | | | ૨ | ૩ | | ૧ |
| ૮ | | ૪ | ૧ | | | | | |
| ૩ | ૭ | | | ૮ | | | | ૪ |
| | | | ૫ | | ૪ | | ૩ | ૯ |
| ૫ | ૪ | ૬ | ૩ | | ૯ | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૬૦ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૯ | ૪ | ૭ | ૧ | ૨ | ૮ | ૫ | ૩ |
| ૭ | ૫ | ૮ | ૩ | ૯ | ૬ | ૧ | ૪ | ૨ |
| ૧ | ૨ | ૩ | ૮ | ૪ | ૫ | ૭ | ૯ | ૬ |
| ૩ | ૪ | ૯ | ૧ | ૨ | ૭ | ૫ | ૬ | ૮ |
| ૮ | ૭ | ૧ | ૫ | ૬ | ૩ | ૯ | ૨ | ૪ |
| ૫ | ૬ | ૨ | ૯ | ૮ | ૪ | ૩ | ૭ | ૧ |
| ૨ | ૮ | ૭ | ૪ | ૫ | ૧ | ૬ | ૩ | ૯ |
| ૯ | ૩ | ૬ | ૨ | ૭ | ૮ | ૪ | ૧ | ૫ |
| ૪ | ૧ | ૫ | ૬ | ૩ | ૯ | ૨ | ૮ | ૭ |

---

## કાર્યક્રમોની યાદી — અબતક CHANNEL

**તારીખ ૨૯-૦૮-૨૦૨૬ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (ઓલ ધ બેસ્ટ પંડ્યા)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ઈમ્યુનિટી બુસ્ટર ઢોસા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (ડો.તન્વી ચોટાઈ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કેરી ઓન લાલુ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ


**તારીખ ૩૦-૦૮-૨૦૨૬ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૦:૩૦ સાપ્તાહિક રાશિ ભવિષ્ય (શાસ્ત્રી, રાકેશ મહારાજજી વ્યાસ)
૧૦:૩૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (ઉંબરો)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પનીર કડાઈ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો. ફાલ્ગુની સુરેજા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કેરી ઓન લાલુ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૩૧-૦૮-૨૦૨૬ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

---

## આવતીકાલનું રાશિફળ

**તા.૩૦.૮.૨૦૨૬ રવિવાર, સંવંત ૨૦૮૨, શ્રાવણ વદ બીજ, ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર, શૂળ યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ મીન (દ,ચ,ઝ,થ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** વિદ્યાર્થીવર્ગે વધુ મહેનત કરવી પડે, સ્ત્રીવર્ગએ સમજીને ચાલવું પડે, નિર્ણયમાં ઉતાવળ ના કરવી.
**વૃષભ (બ,વ,ઉ) :** આકસ્મિત લાભ થાય, જુના મિત્રોને મળવાનું બને, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.
**મિથુન (ક,છ,ઘ) :** વેપારીવર્ગને ખરીદ વેચાણમાં લાભ આપતો દિવસ, નોકરિયાતવર્ગને પણ સારું રહે, આગળ વધી શકો.
**કર્ક (ડ,હ) :** આધ્યત્મિક ચિંતન થાય, મનોમંથન કરી શકો, ઘણા રહસ્યો પ્રાપ્ત કરી શકો, શુભ દિન.
**સિંહ (મ,ટ) :** માનસિક વ્યગ્રતા જણાય, મનનું ધાર્યું ના થાય, મૂડ વારંવાર બદલાતો જોવા મળે, મધ્યમ દિવસ.
**કન્યા (પ,ઠ,ણ) :** મિત્રો સાથે બગડેલા સંબંધ સુધારી શકો, યાત્રા પ્રવાસનું આયોજન કરી શકો, દિવસ આનંદદાયક રહે.
**તુલા (ર,ત) :** ઘણી નવી પરિસ્થિતિમાંથી પસાર થવાનું આવશે, નવા વાતાવરણને સમજી એ મુજબ ચાલી શકો, દિવસ એકંદરે સારો.
**વૃશ્ચિક (ન,ય) :** વિદેશ જવા ઈચ્છતા મિત્રો માટે સમય સારો રહે, કામગીરી આગળ વધે, પેપરવર્ક કરી શકો.
**ધન (ધ,ભ,ફ,ઢ) :** પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય લઈ શકો, કામકાજમાં પ્રગતિ થાય, આપેલ વાયદા પુરા કરી શકો.
**મકર (ખ,જ) :** તમારી અંદરની પ્રતિભા બહાર લાવી શકો, ખુદ માટે સમય પણ ફાળવી શકો, કાર્યમાં સફળતા મળે.
**કુંભ (ગ,સ,શ) :** પરિવારમાં સુખ શાંતિ રહે, વ્યક્તિગત રીતે કેટલાક પ્રશ્નો મુન્જાવતા જણાય, ઊંઘ આવવામાં પ્રશ્નો થતા લાગે.
**મીન (દ,ચ,ઝ,થ) :** ઘણા લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હો તેવી ઘટના બને, સામાજિક રીતે તમારી સ્વીકૃતિ વધે, શુભ દિન.

સાવરકુંડલાની ધરતી પર સર્જાશે

# ભક્તિ, વિકાસ અને સંસ્કૃતિનો ત્રિવેણી સંગમ એટલે ‘પંપા સરોવર’

## રામાયણના અમર પ્રસંગ સાથે અમૃત સરોવરનું નામકરણ થતાં ‘પંપા સરોવર’ તરીકે ઓળખાશે

**અબતક, રેહાન ધાનાણી, સાવરકુંડલા**

સાવરકુંડલા ના બાયપાસ માર્ગ પર ધારાસભ્ય મહેશ કસવાલાના સતત પ્રયત્નો અને માર્ગદર્શનથી વિકસિત થયેલું આ સરોવર ૬ કરોડના ખર્ચે પંપા સરોવરનો વિકાસ સાવરકુંડલામાં બનશે આકર્ષણનું નવું કેન્દ્ર આજે સાવરકુંડલાની નવી ઓળખ બની રહ્યું છે. સવાર-સાંજ કુદરતી વાતાવરણનો આનંદ માણવા આવતા નાગરિકો, પરિવારો અને યુવાનો માટે આ સ્થળ એક સુંદર વિરામસ્થળ બન્યું છે. સાવરકુંડલાથી આગળ વધીને આ સરોવરની સુંદરતા અને વિકાસ કાર્યની ચર્ચા હવે અમરેલી જિલ્લા બહાર પણ થવા લાગી છે. લોકોમાં આ સરોવર પ્રત્યેનો ઉત્સાહ અને આકર્ષણ તેને ટોક ઓફ ધ ટાઉન બનાવી રહ્યું છે.

આ સરોવરની વધતી લોકપ્રિયતા અને મુલાકાતીઓના ઉત્સાહને ધ્યાનમાં રાખીને હવે તેના બીજા તબક્કાના વિકાસની કામગીરી હાથ ધરવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે.

આ વિકાસ પૂર્ણ થયા બાદ પંપા સરોવર માત્ર ફરવા માટેનું સ્થળ નહીં રહે, પરંતુ પરિવાર સાથે આનંદ માણવા, બાળકોને કુદરત અને ભારતીય સંસ્કૃતિ સાથે જોડવા તેમજ નવી પેઢીમાં સારા સંસ્કારોનું સિંચન કરવા માટેનું એક જીવંત અને આકર્ષક કેન્દ્ર બની રહેશે.

રામાયણના પ્રસંગ અનુસાર વનવાસ દરમિયાન ભગવાન શ્રીરામ અને લક્ષ્મણજી સીતાજીની શોધમાં આગળ વધતાં માતા શબરીના આશ્રમ પહોંચ્યા હતા. માતા શબરીએ અતૂટ શ્રદ્ધા, નિર્મળ પ્રેમ અને ભક્તિભાવથી ભગવાન શ્રીરામનું સ્વાગત કર્યું હતું.


ભગવાન અને ભક્તના આ પવિત્ર મિલનની ગાથા ભારતીય સંસ્કૃતિમાં સદીઓથી શ્રદ્ધા, ભક્તિ અને પ્રેરણાનો સ્ત્રોત રહી છે. માતા શબરીની નિષ્કપટ ભક્તિ અને ભગવાન શ્રીરામ પ્રત્યેના તેમના સમર્પણનો સંદેશ આજે પણ સમાજ માટે પ્રેરણારૂપ છે. આ પવિત્ર ભાવનાને સાવરકુંડલાની ધરતી પર જીવંત રાખવાના ઉદ્દેશ્યથી અમૃત સરોવરનું નામ હવે પંપા સરોવર રાખવામાં આવશે. સરોવરના મધ્યમાં ભગવાન શ્રીરામ, લક્ષ્મણજી અને માતા શબરીની ભવ્ય પ્રતિકૃતિ પંપા સરોવરના મધ્યમાં ભગવાન શ્રીરામ, લક્ષ્મણજી અને માતા શબરીના દિવ્ય મિલનની ભવ્ય પ્રતિકૃતિ સ્થાપિત કરવામાં આવશે. આ પ્રતિકૃતિ માત્ર એક શિલ્પ કે સૌંદર્યવર્ધક રચના નહીં, પરંતુ ભક્તિ, પ્રેમ, સમર્પણ, શ્રદ્ધા અને ભારતીય સંસ્કૃતિના અમર સંદેશનું પ્રતીક બનશે. માતા શબરીની અતૂટ શ્રદ્ધા અને ભગવાન શ્રીરામ પ્રત્યેના નિષ્કપટ સમર્પણની ગાથા અહીં આવતા બાળકો, યુવાનો અને પરિવારો માટે ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારોનો જીવંત સંદેશ આપશે. સરોવરના મધ્યમાં સ્થાપિત થનારી આ ભવ્ય પ્રતિકૃતિ સમગ્ર સ્થળને એક આગવી આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ઓળખ આપશે તેમજ સાવરકુંડલામાં આવતા પ્રવાસીઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે.આધુનિક સુવિધાઓ સાથેના વિકાસ અને રામાયણના પવિત્ર પ્રસંગ સાથે જોડાયેલી ભારતીય સંસ્કૃતિનો સમન્વય સાવરકુંડલાને પ્રવાસન ક્ષેત્રે નવી ઓળખ અપાવશે.



સરોવરના બીજા તબક્કાના વિકાસ બાદ અહીં બાળકો, યુવાનો અને પરિવારો માટે વિવિધ આકર્ષણો ઊભા થશે. જેના કારણે સ્થાનિક લોકો ઉપરાંત આસપાસના વિસ્તારોમાંથી પણ લોકો અહીં મુલાકાતે આવે તેવી સંભાવના છે.

સાવરકુંડલાના વિકાસની સાથે સ્થાનિક સંસ્કૃતિ અને આધ્યાત્મિક વારસાને પ્રોત્સાહન આપવાની દિશામાં પંપા સરોવર એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

## ઘેલાં સોમનાથ મંદિરમાં લાખો શિવ ભક્તોએ દાદાને શીશ ઝુકાવ્યું



**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

જસદણથી ૧૮ કિલોમીટર દૂર આવેલા દેશના ઐતિહાસિક વિખ્યાત તીર્થધામ શ્રી ઘેલાં સોમનાથ મંદિરમાં પવિત્ર શ્રાવણ માસના પ્રથમ ૧૫ દિવસ પૂર્ણ થતાં દેશ વિદેશથી લાખો શિવભક્તો એ આ દરમિયાન દર્શન કરી ધન્યતા અનુભવી હતી આ મંદિરમાં ભાવિકો માટે પાણી થી લઈ આરોગ્ય સુધીની વ્યવસ્થા તંત્રએ ગોઠવી છે જેથી ભાવિકો માટે ભારે રાહત છે દરરોજ બ્રહ્મ ચોર્યાસી ધ્વજારોહણ અને પુજા અને ખાસ પુજા ભાવિકો દ્વારા કરવામાં આવે છે ખાસ કરીને શ્રાવણ વદ ત્રીજના રોજ રજવાડી પરિવારના મોભી માતૃશ્રી પુરીબેન પરષોત્તમભાઈ સાકરીયા દ્વારા તેમના પરિવારજનોએ નૂતન ધ્વજારોહણ અને બ્રહ્મચોર્યાસીનું ભવ્ય આયોજન કરતાં તેમનાં આ અવસરે શ્રી ઘેલાં સોમનાથ મંદિરમાં સૌરાષ્ટ્રભરમાંથી ઔધોગિક, રાજકીય, સેવાકીય સાથે જોડાયેલા બહોળી સંખ્યામાં રજવાડી પરિવારના આમંત્રણને માન આપી ઉમટી પડ્યા હતા.

## સુત્રાપાડાઃ સરા ગામે ધાર્મિક યાત્રામાં પ્રસ્થાન કરતા યાત્રાળુઓને મહાનુભાવોએ શુભેચ્છા પાઠવી




**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

સુત્રાપાડા તાલુકાના સરા ગામના વતની અને શિક્ષણ સમિતિના ચેરમેન મશરીભાઈ રાઠોડના પરિવાર સ્વ.પુજાભાઈ રાઠોડ તથા સ્વ.દૂધીબેન રાઠોડ ના સ્મરણઅર્થે નિશુલ્ક યાત્રાનું આયોજન કરેલ સરાગામ થી ઊંચા કોટડા ભગુડા બગદાણા આ યાત્રામાં સરા ગામના દરેક પરિવારમાંથી સભ્ય જોડાયેલ યાત્રાનું પ્રસ્થાન કરવા માટે તાલાલા મતવિસ્તારના ધારાસભ્ય ભગવાનભાઈ બારડ શિક્ષણ સમિતિના ચેરમેન મશરીભાઈ રાઠોડ જિલ્લા કિસાન મોરચાના મહામંત્રી પ્રતાપસિંહ બારડ સુત્રાપાડા તા પંચાયત કારોબારી સભ્ય જશુભાઈ સોલંકી સરા ગામના સરપંચ વનિતાબેન રાઠોડ સરા ગામના ઉપસરપંચ ભીખાભાઈ ઝાલા સરા ગામ પંચાયતના સદસ્યો વડીલો યુવાનો માતા બહેનો તમામનું પુષ્પોથી સ્વાગત કરેલ યાત્રા સુખમય સુંદર રહે તેવી શુભકામના ધારાસભ્ય ભગાભાઈ બારડે યાત્રાનું પ્રસ્થાન કરાવી શુભેચ્છા પાઠવી હતી.

## સોમનાથ મહાદેવના અલૌકિક ‘ચંદ્ર દર્શન શૃંગાર’



**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

સોમનાથ એ જ પાવન ભૂમિ છે જ્યાં પ્રજાપતિ દક્ષના શાપથી ક્ષય રોગગ્રસ્ત થયેલા ચંદ્રદેવને ભગવાન શિવજીએ કૃપાદ્રષ્ટિથી મુક્તિ આપી હતી અને પોતાના મસ્તક પર ધારણ કરી અમૃતવર્ષા દ્વારા તેમનું તેજ પુનઃ સ્થાપિત કર્યું હતું. શિવજીની આ કૃપાથી ચંદ્રદેવ પ્રતિમાસ કૃષ્ણ પક્ષમાં ક્ષીણ થઈને પણ શુક્લ પક્ષમાં સોમનાથ મહાદેવની કૃપાથી ફરી પૂર્ણ તેજ પ્રાપ્ત કરે છે.

ભગવાન શિવજી પ્રત્યે ચંદ્રદેવની ભક્તિ અને કૃતજ્ઞતા દર્શાવતી પ્રતિકૃતિ શિવલિંગ પર કલાત્મક રીતે તૈયાર કરવામાં આવી હતી. આ શૃંગાર દર્શન દ્વારા ચંદ્રદેવની જેમ જ સમસ્ત ભક્તોના દુઃખ અને કષ્ટો દૂર થાય તેમજ સૌના જીવનમાં સુખ, શાંતિ અને શીતળતા પ્રસરે તેવી મંગલ કામના કરવામાં આવી હતી.

## ગીર ગઢડામાં ગૌમાતાના અધિકાર મુદ્દે હિન્દુ યુવા સંગઠન દ્વારા આવેદનપત્ર પાઠવાયું

### કોદિયા ગામે ગૌ માતા સાથે અમાનવીય વર્તનને લઈ કડક કાર્યવાહીની માંગ



**અબતક, મનુ કવાડ, ગીરગઢડા**

ગીર ગઢડા ખાતે હિન્દુ યુવા સંગઠન-ભારત તેમજ વિવિધ સંગઠનો શિવસેના ગૌ રક્ષક દળ રાષ્ટ્રીય બજરંગ દળ સનાતન હિન્દુઓની આસ્થા અને ગૌમાતાના અધિકારોના મુદ્દે સરકાર સમક્ષ આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

સંગઠને ગૌવંશની કથિત હત્યા તથા ગૌમાતા પર થતા અત્યાચાર અટકાવવા માટે રાજ્ય સરકાર પાસે કડક પગલાં ભરવાની માંગ કરી છે.

સનાતન હિન્દુઓની આસ્થા પૂજ્ય ગૌવંશની હત્યા અને અત્યાચાર અટકાવવા રાજ્ય સરકારે આપેલા રાજ્ય માતાના વચન પૂર્ણ કરવા અંગે રજૂઆત કરવામાં આવી છે. સંગઠન દ્વારા ગૌમાતા સાથે થઈ રહેલા કથિત અત્યાચારને ગંભીર બાબત ગણાવી સરકારનું ધ્યાન દોરવામાં આવ્યું છે.

સંગઠને વધુમાં રજૂઆત કરી છે કે ગૌમાતા અંગે સરકાર દ્વારા અગાઉ આપવામાં આવેલા વચનો પૂર્ણ કરવામાં આવે અને ગૌવંશની સુરક્ષા માટે અસરકારક વ્યવસ્થા કરવામાં આવે. ગૌહત્યા કે ગૌમાતા પર અત્યાચાર કરનાર લોકો સામે કોઈપણ પ્રકારના ભેદભાવ વિના કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવે તેવી પણ માંગ ઉઠાવવામાં આવી છે. હિન્દુ યુવા સંગઠન-ભારતના કાર્યકરોએ જણાવ્યું કે ગૌમાતા સનાતન હિન્દુ સમાજની આસ્થાનું પ્રતિક છે અને ગૌવંશની સુરક્ષા માટે સરકાર ગંભીરતાથી કાર્યવાહી કરે તે જરૂરી છે. આવેદનના અંતે ગૌમાતા પર થતા અત્યાચારને રોકવા તથા જવાબદારો સામે કડક પગલાં લેવા સરકાર સમક્ષ માંગ કરવામાં આવી છે.

## સાવરકુંડલા નગરપાલિકા દ્વારા ગંદકી ફેલાવનારાઓ અને દબાણકારો સામે દંડનીય પગલાં



**અબતક, રેહાન ધાનાણી, સાવરકુંડલા**

શહેરને સ્વચ્છ, સુંદર અને વ્યવસ્થિત બનાવવાના હેતુથી સાવરકુંડલા નગરપાલિકા દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. નગરપાલિકાના સેનિટેશન વિભાગ દ્વારા તાજેતરમાં શહેરમાં વિશેષ ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં ગંદકી ફેલાવનારા, પ્રતિબંધિત પ્લાસ્ટિકનો બેફામ ઉપયોગ કરનારા અને જાહેર માર્ગો પર દબાણ કરનારાઓ સામે કડક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાર્યવાહી અંતર્ગત પરીમલ સોસાયટી અને મણીભાઈ ચોક સહિતના મુખ્ય વિસ્તારોમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. નિયમોનું ઉલ્લંઘન કરનારા આસામીઓ અને વેપારીઓ પાસેથી સ્થળ પર જ દંડ વસૂલવામાં આવ્યો હતો. તમામ વેપારીઓ તેમજ નાગરિકોને પોતાની આસપાસ સ્વચ્છતા જાળવવા માટે કડક સૂચનાઓ આપવામાં આવી હતી.

એક સ્વચ્છ, સુંદર અને હરિયાળા સાવરકુંડલાના નિર્માણ માટે પ્રત્યેક નાગરિકનો સહકાર અનિવાર્ય છે. નગરપાલિકા દ્વારા આગામી દિવસોમાં પણ આ પ્રકારની સઘન ચેકિંગ અને દંડાત્મક કાર્યવાહી સતત ચાલુ રાખવામાં આવશે.

## ધ્રાંગધ્રાની સંસ્થાકીય હોસ્પિટલમાં ગરીબ દર્દીઓ પાસેથી લેવાતા વિવિધ ચાર્જ સામે સવાલો

### સામાન્ય ઈજાની સારવારમાં રૂ.૧૭૦૦ જેટલો ખર્ચ થયાનો દર્દીનો આક્ષેપ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરના હળવદ રોડ પર સંસ્થા દ્વારા સંચાલિત હોસ્પિટલમાં ગરીબ અને મધ્યમવર્ગીય દર્દીઓને આપવામાં આવતી સારવાર તથા વસૂલવામાં આવતા વિવિધ ચાર્જને લઈને હવે સવાલો ઊભા થયા છે હોસ્પિટલ દ્વારા આર્થિક રીતે નબળા અને મધ્યમવર્ગીય લોકો માટે પરવડે તેવી આરોગ્ય સેવા આપવાનો દાવો કરવામાં આવે છે

પરંતુ બીજી તરફ ગરીબ દર્દીએ પગમાં સામાન્ય પ્રકારની ઈજા થતાં સારવાર લીધી હતી અને મેડિકલ તથા હોસ્પિટલ સંબંધિત વિવિધ ચાર્જ સહિત આશરે રૂ.૧૭૦૦ જેટલો ખર્ચ થયો હોવાનો આક્ષેપ કર્યો છે દર્દીનું કહેવું છે કે રોજની કમાણી પર પરિવારનું ગુજરાન ચલાવતા ગરીબ માણસ માટે રૂ.૧૭૦૦નો ખર્ચ પણ નાની રકમ નથી એક જ વખતની સારવાર પાછળ થતો આવો ખર્ચ તેના પરિવારના ઘરખર્ચના બજેટને સીધી અસર કરી શકે છે અહીં મુખ્ય પ્રશ્નએ છે કે જો કોઈ હોસ્પિટલ કે સંસ્થા ગરીબ દર્દીઓની સેવા અને પરવડે તેવી સારવારના ઉદ્દેશ્ય સાથે કાર્યરત હોવાનો દાવો કરતી હોય, તો સામાન્ય સારવાર માટે લેવાતા વિવિધ ચાર્જનું માળખું કેટલું દર્દીહિતકારી છે? દર્દીઓ પાસેથી લેવામાં આવતા ડોક્ટર ફી, મેડિકલ, તપાસ, ડ્રેસિંગ કે અન્ય હોસ્પિટલ ચાર્જની સંપૂર્ણ વિગતો દર્દીઓને સ્પષ્ટ રીતે આપવામાં આવે છે કે નહીં? ગરીબ દર્દીઓ માટે કોઈ રાહત, સબસિડી અથવા મફત સારવારની વ્યવસ્થા છે કે નહીં? તેમજ સંસ્થા દ્વારા કરવામાં આવતા ‘સેવા’ના દાવા અને વાસ્તવિક દર્દી ખર્ચ વચ્ચે કેટલું અંતર છે તે અંગે તટસ્થ તપાસ જરૂરી બની છે.

## માણાવદરના મટીયાણા ગામે પરંપરાગત ‘હળ જીત’ સ્પર્ધામાં લોક સંસ્કૃતિને જીવંત રાખવાનો અદભુત પ્રયાસ



**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**

જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના મટીયાણા ગામના જાણીતા સમાજસેવક અને ભામાશા કાનભાઈ બોરખતરીયા દ્વારા એક પ્રશંસનીય અને પ્રેરણાદાયી પહેલ કરવામાં આવી છે. ગામની વિસરાતી જતી પરંપરાઓને પુનઃજીવંત કરવા માટે તેમણે એક અનોખો રાહ ચીંધ્યો છે. આ પરંપરાને અકબંધ રાખવાના ભાગરૂપે, રક્ષાબંધનના પાવન પર્વ નિમિત્તે મટીયાણા ગામે પરંપરાગત ’હળ જીત’ સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગામના વડીલો, યુવાનો અને મોટી સંખ્યામાં ધર્મપ્રેમી ગ્રામજનો ઉત્સાહભેર જોડાયા હતા. વૈદિક મંત્રોચ્ચાર અને પૂરી વિધિ-વિધાન સાથે આ સમગ્ર મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી, જેણે સમગ્ર ગામમાં ઉત્સવનું વાતાવરણ ઊભું કર્યું હતું.

આજના આધુનિક યુગમાં પણ આપણી મૂળ સંસ્કૃતિને વળગી રહીને તેને જીવંત રાખવાનું આ અદભુત કાર્ય બદલ મટીયાણા ગામના દાનવીર ભામાશા કાનભાઈ બોરખતરીયાના આ સરાહનીય પ્રયાસને સૌ ગ્રામજનો અને નાગરિકો વંદન કરી રહ્યા.

## વડિયાઃ દેવી પૂજક વિસ્તારમાં ગટરના ગંદા પાણીની સમસ્યાથી લોકો ત્રાહિમામ

### ગ્રામ પંચાયતએ તાત્કાલિક સ્થળ તપાસ કરી ડ્રેનેજ વ્યવસ્થા યોગ્ય કરવા માંગ



**અબતક, માહિર સુમરા, વડિયા**

વડિયાના દેવી પૂજક વિસ્તારમાં વર્ષોથી ઉભરાતી ગટરો અને પીવાના પાણીની સમસ્યાને લઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, ગટરનું ગંદુ પાણી લોકોના ઘરોની આસપાસ ભરાઈ રહેતા રહેવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.સથાનિકો દ્વારા સરપંચ અને ગ્રામ પંચાયતને વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં આજદિન સુધી સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ગંદુ પાણી લાંબા સમય સુધી ભરાઈ રહેતા મચ્છરોનો ઉપદ્રવ વધવાની સાથે ડેન્ગ્યુ સહિતની બીમારીઓ ફેલાવાની ભીતિ પણ સ્થાનિકોમાં જોવા મળી રહી છે.ચોમાસા દરમિયાન પરિસ્થિતિ વધુ ગંભીર બની જાય છે. ભારે વરસાદ પડતા ગટરનું પાણી અને વરસાદી પાણી લોકોના ઘરો સુધી પહોંચી જાય છે, જેના કારણે કેટલાક પરિવારોને પોતાના ઘર ખાલી કરી શાળામાં આશરો લેવાની ફરજ પડતી હોવાનો સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે.

વિસ્તારની મહિલાઓએ જણાવ્યું હતું કે, વિસ્તારમાં પાણીની લાઈનો હોવા છતાં પાણી મળતું નથી. જીવનજરૂરિયાત માટે પાણી ભરવા માટે અન્ય સ્થળોએ જવું પડે છે. પાણીની સમસ્યા અંગે પણ વારંવાર રજૂઆત કરવામાં આવી હોવા છતાં કોઈ યોગ્ય કાર્યવાહી કરવામાં આવી નથી.સ્થાનિકોનું કહેવું છે કે, ચૂંટણી સમયે વિસ્તારમાં વિકાસના કામો અને સમસ્યાઓના ઉકેલના વાયદા કરવામાં આવ્યા હતા, પરંતુ વર્ષો વીતી ગયા છતાં ગટર અને પાણી જેવી પાયાની સમસ્યાઓનું નિરાકરણ આવ્યું નથી. સ્થાનિક રહેવાસીઓએ તંત્ર અને ગ્રામ પંચાયતને તાત્કાલિક સ્થળ પર તપાસ કરી ગટરનું ગંદુ પાણી દૂર કરવા, યોગ્ય ડ્રેનેજ વ્યવસ્થા ઉભી કરવા અને નિયમિત પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવા માંગ કરી છે.


**પશ્ચિમ રેલવે**
**રાજકોટ ડિવિઝન**

**એસ્કેલેટર્સ ની જોગવાઈ અને ઈલેક્ટ્રિકલ પાવર અર્થિંગનું નવીનીકરણ**

ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/ ૨૦૨૬-૨૦૨૭/૨૯ અને ૩૦ (ઈએલ) તા.૨૭.૦૮.૨૦૨૬ **અનું. નં. ૧ :** ટેન્ડર નં. ડીઆરએમ/આરજેટી/ ઈએલ/૨૦૨૬-૨૦૨૭/૨૯, **કામનું નામઃ** રાજકોટ ડિવિઝન :- રાજકોટ ડિવિઝન ઉપર ૧૨m પહોળા FOB કામોના સંબંધમાં ૧૦ વર્ષોના સર્વગ્રાહી જાળવણી કોન્ટ્રાક્ટ સહિત એસ્કેલેટર્સની જોગવાઈ કરવાનું કામ. **અંદાજિત પડતરઃ** ₹ ૮,૨૦,૦૬,૬૨૭.૮૬/-, **ઈએમડી પડતરઃ** ₹ ૧૬,૪૦,૧૦૦/- **અનું. નં. ૨ :** ટેન્ડર નં. ડીઆરએમ/આરજેટી/ઈએલ/૨૦૨૬-૨૦૨૭/ ૩૦, **કામનું નામઃ** રાજકોટ ડિવિઝન :- રાજકોટ ડિવિઝનના ઈલેક્ટ્રિકલ પાવર અર્થિંગનું નવીનીકરણ. **અંદાજિત પડતરઃ** ₹ ૩૮,૪૯,૨૪૧.૫/- **ઈએમડી પડતરઃ** ₹ ૭૭,૦૦૦/- **બંને ટેન્ડરો માટે : ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ** તા.૧૮-૦૯-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી, **ઓફિસનું સરનામુંઃ** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in RJT-129

અમને ફોલો કરોઃ x.com/WesternRly



**CHANGE OF NAME**

**GOLVALA ARAVA SHABBIRBHAI** CHANGE MY NAME FROM **GOLVALA ARVABAI SHABBIRBHAI** TO **GOLVALA ARAVA SHABBIRBHAI** HENCE IN FUTURE WILL BE KNOWN AS **GOLVALA ARAVA SHABBIRBHAI** **Add:**GOLVALA ARAVA SHABBIRBHAI parevdichowk Rajkot

**CHANGE OF NAME**

**GOLVALA SHABBIRBHAI ASAGARALI** CHANGE MY NAME FROM **GOLVALA SABIR ASGRARALI** TO **GOLVALA SHABBIRBHAI ASAGARALI** HENCE IN FUTURE WILL BE KNOWN AS **GOLVALA SHABBIRBHAI ASAGARALI** **Add:**GOLVALA SHABBIRBHAI ASAGARALI parevdichowk Rajkot.

તંત્રી લેખ

# ટેરિફ દબાણ ડોલરનો મજબૂત વિકલ્પ આપશે

ભારત આઝાદીનું અમૃત મહોત્સવ ઉજવી રહ્યું છે ત્યારે હવે વૈશ્વિક મંચપર ભારતની રાજદ્વારી આઝાદી ના પગલા પણ અસરકારક પ્રતિભાઉભી કરી રહ્યું છે ભારતના હિતમાં હવે કોઈ મોટા દેશનો પ્રભાવ અસરકારક બનતું નથી,

વૈશ્વિક અર્થતંત્રમાં જ્યારે અમેરિકા દ્વારા લાદવામાં આવતા સંરક્ષણવાદી ટેરિફઅને આર્થિક દબાણ વધતું જઈ રહ્યું છે, ત્યારે ભારતે પોતાના આર્થિક હિતોની સુરક્ષા અને વેપારના વિવિધીકરણ માટે એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક કદમ ઉઠાવ્યું છે. ભારતે કેનેડા સાથે દ્વિપક્ષીય રોકાણ સંધિ અને વ્યાપક આર્થિક ભાગીદારી કરાર પર વાટાઘાટો ઝડપી બનાવવા તૈયારી દર્શાવી છે. ભારત અને કેનેડાએ વર્ષ ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપારને ૪.૬૫ લાખ કરોડસુધી પહોંચાડવાનું લક્ષ્ય રાખ્યું છે.

હાલના સમયમાં અમેરિકાની કડક ટેરિફ નીતિઓ અને યુએસ ડોલર પર અતિશય નિર્ભરતા વિશ્વના ઉભરતા અર્થતંત્રો માટે જોખમ ઊભું કરી રહી છે. આ પરિસ્થિતિમાં ભારત વિશ્વના અન્ય સક્ષમ દેશો સાથે સીધા સંબંધો મજબૂત કરી રહ્યું છે. કેનેડા સાથેની આ વાટાઘાટોમાં બંને દેશો વચ્ચે યુપીઆઈ અને સ્થાનિક ફિનટેક સિસ્ટમ મારફતે સીમાપાર ચુકવણી ને સરળ બનાવવાની ચર્ચા થઈ છે. ભારત પોતાના ડિજિટલ પેમેન્ટ મોડેલ નો વિસ્તાર કરીને ડોલર આધારિત પરંપરાગત પેમેન્ટ સિસ્ટમ પર નિર્ભરતા ઘટાડવા તરફ આગળ વધી રહ્યું છે, જે ડોલર સિવાયના આર્થિક વિકલ્પો શોધવાની ભારતની દૂરંદેશી દર્શાવે છે.

કેનેડા સાથેના આર્થિક સંબંધોમાં સુધારો ભારત માટે અનેક રીતે ફાયદાકારક બની રહેશે જેમકેકેનેડિયન પેન્શન ફંડ્સ અને મોટો સંસ્થાગત રોકાણકારો ભારતમા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઊર્જા ક્ષેત્રે મોટું રોકાણ કરી શકશે.સ્વચ્છ ઊર્જા અને હાઈ-ટેક ઉદ્યોગો માટે જરૂરી ખનિજોના પુરવઠા માટે કેનેડા ભારત માટે એક ભરોસાપાત્ર ભાગીદાર બની શકે છે.અમેરિકા અથવા અન્ય પશ્ચિમી દેશોના નીતિગત ફેરફારો સામે ભારતીય નિકાસકારોને એક મોટું અને સ્થિર બજાર મળશે.

ભારતની આ પહેલ થીવૈશ્વિક આર્થિક અસ્થિરતા અને અમેરિકાના ટેરિફ દબાણ વચ્ચે પણ ભારત પોતાની આર્થિક સાર્વભૌમત્વ જાળવી રાખીને કેનેડા જેવા દેશો સાથે મિત્રતા મજબૂત કરી રહ્યું છે. ૪.૬૫ લાખ કરોડના વેપાર લક્ષ્યાંક અને નાણાકીય સહયોગ દ્વારા ભારત વૈશ્વિક મંચ પર એક સંતુલિત અને શક્તિશાળી આર્થિક સત્તા તરીકે ઉભરી રહ્યું છે.

# ઉપલેટા : રક્ષાબંધને ભાઈના કાંડે રક્ષા બાંધી કરી સુખ, શાંતિ, સમૃદ્ધિની પ્રાર્થના

## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન નિકુલ ચંદ્રવાડિયા, દેવરાજ ગઢવી, સિવિલ હોસ્પિટલના સિવિલ અધિક્ષક ડો. ખ્યાતી ગરેજા તેમજ વિવિધ ક્ષેત્રના અગ્રણી રાખડી બાંધી



**અબતક, કિરીટ રાણપરિયા, ઉપલેટા**

પવિત્ર શ્રાવણ માસની બળેવ પૂનમનું આમ તો આદીકાળથી મહત્વ ચાલ્યુ આવે છે. પૂનમના દિવસે બહેન પોતાના વહાલસોયા ભઈલાને કાંડે રક્ષા બાંધી લાંબુ અને નિરોગી આયુષ્યની પ્રાર્થના સાથે આર્શીવાદ આપે છે.

પૌરાણીક અને સૌભદાસિક કથાઓમાં દેવા સુર સંગ્રામ વખતે દેવરાજ ઈન્દ્રને વિજય બનાવવા ઈન્દ્રાણી (રાશી)એ શ્રાવણ પૂનમ દિવસે રક્ષા સુત્ર બાંધ્યું હતું. શિશુપાલ વધ સમયે કૃષ્ણની આંગળી કપાઈ જતાં દ્રોપદીએ પોતાની સાડીનો છેડો ફાડી હાથ પર બાંધ્યો હતો. જેમાં બદલામાં કૃષ્ણએ ચીરહરણ વખતે દ્રોપદીજીનું રક્ષણ કર્યુ હતું. યમુનાજીએ યમરાજને રાખડી બાંધી હતી જેનાથી પ્રસતી થઈને યમરાજે તેમને અમરત્વજી વરદાન આપ્યું હતું. મેવાડના રાણી કર્ણાવતીએ મુઘલ સમ્રાટ હુમાયુને રક્ષણ માટે રાખડી મોકલી હગતી આવી અતંક આદી કાળથી ચાલી આવતી પરંપરા મુજબ ગઈ કાલે બળેવ પૂનમના દિવસે બહેનોએ પોતાના વહાલસોયા વિરાને રક્ષા રૂપી રાખડી બાંધી આશિર્વાદ આપ્યા હતાં.

શહેરની મ્યુનિસીપલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના આચાર્ય ડો. દર્શના બોરીચાએ તેમના ભાઈ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન નિકુલભાઈ ચંદ્રવાડિયા, પાર્થ અને પ્રભુ ને રક્ષા બાંધી હતી. બ્રહ્મકુમારીની બહેનો રેખાબેને શહેરની સેવામાં જેનુ મહત્વનું યોગન છે તેવા ભાઈ સમાન હરપાલસિંહ જાડેજા અને નગર સેવક ચંદ્રપાલસિંહ જાડેજાને કાંડે રાખડી બાંધી હતી ગુજરાતના જાણીતા લોકસાહિત્યકાર અને ગુજરાતનું ઘરેણુ કહી શકાય તેવા દેવરાજ ગઢવીને તેમના મોટાબેન સમી બેન ચારણે વહાલ સોયાભાઈની રક્ષા માટે રાખડી બાંધી હતી. સિવિલ હોસ્પિટલ અધિક્ષક ડો. ખ્યાતિ ગરેજાએ તેમના નાનાભાઈ રામ કેશવાલાને કાંડે રક્ષા બંધન કર્યુ હતું. કુંભાણાના ચિફ ઓફિસર નિલમ ઘેટિયાએ પોતાના લાડલા વિરાને રક્ષા સ્વરૂપે રાખડી બાંધી હતી. જાણીતા આયુર્વેદ સેવાભાવી ડો. યશપાલ સિંહ જાડેજાને વિરાના નિરોગી આયુષ્ય માટે બહેન મીતાબા સરવૈયાએ મંત્રોચારે સાથે રક્ષા બાંધી હતી. ઉપલેટાના પ્રથમ નાગરીક વર્ષાબેન ગજેરાએ ભાજપના પૂર્વ પ્રમુખ મનસુખભાઈ ખાચરીયાને અને ભાયાવદર શહેરના પ્રથમ નાગરિક રેખાબેન સીણોજિયાએ સેવાભાવી સમાજના પ્રમુખ ઈન્દ્રવિજયસિંહ ચુડાસમાને કાંડે રક્ષા બંધન કરી આશિર્વાદ આપ્યા હતાં.

# ગોંડલના પંચનાથ ન્યુઝ એજન્સી વાળા પ્રિયંક ગણોદીયાનો કાલે જન્મદિવસ



ગોંડલમાં સાંધ્ય દૈનિક ચલાવતા એજન્ટ કમ પત્રકાર પ્રિયંક ગણોદીયાનો કાલે જન્મદિવસ છે. તેઓ નાની વયેથી દાદા પિતા કાકા સાથે જોડાઈને સાંધ્ય દૈનિક ચલાવી શહેરની સમસ્યા તેમજ વોટ્સએપ ગ્રૂપ થકી જાણીતાં બનેલા પ્રિયંક કાલે જીવનના ૨૩ વર્ષ પૂર્ણ કરી ૨૪માં વર્ષમાં પ્રવેશ કરતાં મળતાં અને શાલીન સ્વભાવના બહોળો મિત્ર વર્ગ ધરાવતા પ્રિયંક ગણોદીયાને જન્મ દિવસ નિમિત્તે તેમના મોં.નં.૯૫૧૦૮ ૬૬૪૯૭ ઉપર શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

# લખતરના સાકર ગામે બ્રાહ્મણી ચેક ડેમનો વેસ્ટ વેયર લંબાવવા ખેડુતોની કાર્યપાલક ઈજનેરને રજૂઆત

## ચેક ડેમનો ૧૦૦ મીટરનો વેસ્ટવેયર બનવાથી ૪ ગામના ખેડુતોને ફાયદો થઈ શકશે




**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

લખતર તાલુકાના સાકર ગામના સરપંચ તથા ખેડૂતો દ્વારા બ્રાહ્મણી ચેક ડેમના પાળા તૂટવાથી ખેતરોમાં નુકશાન પહોંચી રહ્યું છે. જેને ધ્યાને લઈને ડેમનો વેસ્ટ વીયર લંબાવવાની માંગ સાથે જીલ્લા પંચાયત કાર્યપાલક ઈજનેરને લેખિત રજૂઆત કરી છે.

આ અંગે રજૂઆતમાં જણાવ્યા મુજબ લખતર તાલુકાના સાકર ગામથી પૂર્વ બાજુ આવેલ બ્રાહ્મણી ચેક ડેમના વેસ્ટ વેયરની ૬૦ મીટર જ લંબાઈ હોવાથી ઉપરવાસમાંથી ઉમઈ નદીનું પાણી, ભાસ્કરપરાના આગારવા ડેમનું પાણી અને સાકર તળાવનું પાણી ખુબજ આવે છે તેમજ વધારે પડતાં વરસાદના કારણે ખુબ જ પાણીની આવક હોવાથી ૬૦ મીટર વેસ્ટ વેયરમાંથી પાણી જઈ શકતું નથી. જેના કારણે બંને બાજુના ખેતરોમાં અવાર નવાર પાણી ફરી વળતા ખેતરનું ધોવાણ થઈ ગયું છે અને પાક પણ નિષ્ફળ જાય છે. વર્ષે ડેમના પાળા તૂટી ગયા હતા પરંતુ ખેડૂતો દ્વારા વીઘા દીઠ રોકડ રકમ ઉઘરાવીને પાળા બંધાવ્યા હતા પરંતુ વધારે વરસાદના કારણે ડેમના પાળા તૂટી ગયેલ છે અને આ ડેમ હેઠળના કુલ ચાર ગામો જેમાં લખતર તાલુકાના બે ગામો સાકર અને માલિકા તેમજ લીંબડી તાલુકાના બે ગામો મોટી કઠેચી તથા નાની કઠેચી આ ચાર ગામનો બ્રાહ્મણી ચેક ડેમ જીવાદોરી સમાન ડેમ છે આથી આ ચાર ગામના ખેડૂતોને પિયતનો લાભ મળી રહે.

# સુરેન્દ્રનગર : પુરવઠા વિભાગ દ્વારા ખાંડના ભાવ વધારા અને કાળાબજારી રોકવા ગોડાઉનમાં સઘન તપાસ

## જથ્થાબંધ વેપારીઓ અને ગોડાઉનોમાં સ્ટોક મર્યાદા તેમજ રેકોર્ડની ચકાસણી કરી જરૂરી સુચનાઓ આપવામાં આવી



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં આગામી તહેવારોને ધ્યાને લઈ લોકોને વ્યાજબી ભાવે જરૂરી ચીજ વસ્તુઓ મળી રહે તેમજ વેપારીઓ દ્વારા કૃત્રિમ અછત કે સંગ્રહખોરી ન થાય તેવા હેતુથી સુરેન્દ્રનગર જીલ્લા પુરવઠા વિભાગની ટીમ દ્વારા સમગ્ર જીલ્લામાં હોલસેલ ખાંડના વેપારીઓ તથા મોટા વિક્રેતાઓને ત્યાં તપાસ હાથ ધરવામાં આવી હતી.

જેમાં પુરવઠા વિભાગની ટીમો દ્વારા જીલ્લાના મહેતા માર્કેટ, જીઆઈડીસી, હાઈવે સહિતના વિસ્તારોમાં આવેલ ગોડાઉનો અને વેપારીઓને ત્યાં રૂબરૂ સ્થળ તપાસ કરી ખાંડના ઉપલબ્ધ જથ્થા અને દસ્તાવેજી રેકોર્ડની ચકાસણી કરવામાં આવી હતી. જેમાં મહેતા ટ્રેડિંગ, ઝાલાવાડ સેલ્સ કોર્પોરેશન, એ.ડી. એન્ટરપ્રાઈઝ સહિતના વેપારીઓ અને ગોડાઉનમાં તપાસ દરમિયાન નક્કી કરેલ મર્યાદા ૪,૦૦૦ ક્વિન્ટલથી વધુ જથ્થાનો સંગ્રહ થયો છે કે નહીં તેમજ ૩૦ દિવસથી વધુ સમય માટે સ્ટોક જાળવી રાખવામાં આવ્યો છે કે કેમ ? તેની ચકાસણી કરવામાં આવી હતી. આ ઉપરાંત તંત્ર દ્વારા તમામ વેપારીઓને કેન્દ્ર અને રાજ્ય સરકારના ખાંડ નિયંત્રણ અંગેના કાયદાઓ અને નિયમોનું ચુસ્તપણે પાલન કરવા આદેશ આપવામાં આવ્યા હતા તેમજ જીલ્લામાં ખાંડ સહિતની જરૂરી ચીજ વસ્તુઓની સંગ્રહખોરી, કાળાબજારી કે ગેરરીતિ કરનાર વેપારીઓ અને વિક્રેતાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવી તાકીદ પણ કરી હતી.

# ઊના: ઓમકારેશ્વર મહાદેવ મંદિરે કૈલાસ પર્વતનો દિવ્ય શણગાર



**અબતક, ઉના**

ઊના શહેરમાં ત્રિકોણ બાગ સામે આવેલા સૂર્યમુખી હનુમાન મંદિરના પરિસરમાં આવેલા ઓમકારેશ્વર મહાદેવનું મંદિર આવેલ છે. જ્યાં શ્રાવણ માસમાં શિવલિંગને રોજ નવા નવા શણગાર કરવામાં આવે છે. જેમાં ભક્તજનો દ્વારા ઘીની પૂજા કરાય હતી તેમજ શિવલિંગ ઉપર શિવનો દરબાર કૈલાસ સફેદ દ્રવ્યોથી શણગાર કરી શિવજીનું જટા ઉપર શોભતું આભૂષણ ચંદ્ર ભગવાન બનાવેલ હતું. ભક્તો દર્શન કરી ધન્ય થયા હતા.

# ગિરનાર ક્ષેત્રમાં શ્રદ્ધાળુઓ અને સંતોની હેરાનગતિ મુદ્દે વીએચપી દ્વારા કલેક્ટરને આવેદન

## વન વિભાગના કડક વલણ અને હેરાનગતિ બંધ કરવા ૨ દિવસનું અલ્ટીમેટમ



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

વિશ્વ હિન્દુ પરિષદ જૂનાગઢ મહાનગર દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી, જૂનાગઢ ગિરનાર જંગલ સેટલમેન્ટ વિસ્તારમાં આવેલા સનાતન હિન્દુ ધર્મના પ્રાચીન આશ્રમો, મંદિરો અને ધાર્મિક સ્થાનો ખાતે દર્શનાર્થે આવતા શ્રદ્ધાળુઓ તેમજ સંતો-મહંતોને વન વિભાગ દ્વારા અટકાવી હેરાન-પરેશાન કરવામાં આવતા હોવાના ગંભીર આક્ષેપો કરી, વન વિભાગના કડક વલણ અને હેરાનગતિ બંધ કરવા ૨ દિવસનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે.

જૂનાગઢના વિવિધ હિન્દુ સંગઠનોના હોદેદારો, શહેરના શ્રેષ્ઠીઓ, શ્રદ્ધાળુઓએ કલેકટરને પાઠવેલ આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, આત્મેશ્વર મહાદેવ મંદિરે આવતા શ્રદ્ધાળુઓને ૧૨ વર્ષથી નાના બાળકો સાથે પ્રવેશવાની મનાઈ ફરમાવવા જેવા મનઘડત નિર્ણયો તથા જટાશંકર મહાદેવ મંદિરે જતા દર્શનાર્થીઓ સાથે વન વિભાગના કર્મચારીઓ દ્વારા તોછડું વર્તન કરી રોકવામાં આવતા હોવાનો દાવો કરાયો છે. આ ઉપરાંત દામોદર તીર્થ ખાતે મહાકાય મગરો આવી ચડતા હોવા છતાં સુરક્ષા કે સાવચેતીના પગલાં ન લેવાતાં જાનહાનિનું જોખમ ઊભું થવાની ચિંતા વ્યક્ત કરાઈ છે. સેટલમેન્ટ વિસ્તારોમાં લાઈટ, પાણી અને શૌચાલય જેવી પ્રાથમિક સુવિધાઓનો અભાવ હોવાનું પણ જણાવાયું છે. વીએચપી દ્વારા સ્પષ્ટ કરાયું છે.

# માણાવદર: નેહલગીરીબાપુ ઝૂંપડીના સંત બ્રહ્મલીન



**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**

માણાવદર ખખાવી રોડ ઉપર આવેલ નેહલગીરી બાપુ ઝૂંપડીના સંત શ્રી નેહલગિરી બાપુ દેવલોક પામ્યા છે, જેનાથી તેમના અનુયાયીઓ અને સંત સમાજમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. આધ્યાત્મિક જગતમાં સંતોનું પ્રસ્થાન એ માત્ર અંત નથી હોતો, પરંતુ એક દિવ્ય યાત્રાની શરૂઆત ગણવામાં આવે છે. બાપુના બ્રહ્મલીન થવાથી શ્રદ્ધાળુઓમાં શોક સાથે તેમની દિવ્ય સ્મરણોની શ્રૃંખલા તાજી થઈ છે.

સંત નેહલગિરી બાપુના પાર્થિવ શરીરના અંતિમ દર્શન માટેની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રદ્ધાળુઓ નેહલગિરી બાપુ આશ્રમ, માણાવદર ખાતે રાખેલ સવારે ૭:૦૦ થી ૯:૦૦ વાગ્યા સુધી ગુરુજીના અંતિમ દર્શન કરી શકાશે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરી શકશે.

અંતિમ દર્શનના સમય બાદ, સવારે ૯:૦૦ વાગ્યા પછી સંત નેહલગિરી બાપુના દેહને પવિત્ર હરિદ્વાર ખાતે લઈ જવામાં આવશે. શાસ્ત્રોક્ત વિધિ અને ધાર્મિક પરંપરા અનુસાર હરિદ્વાર ખાતે તેમને જલ સમાધિ આપવામાં આવશે.

# બાબરામાં નીલકંઠ મહાદેવના સાંનિધ્યમાં ભૂદેવોએ સામૂહિક નૂતન જનોઈ ધારણ કરી



**અબતક, મૌલિક તેરૈયા, બાબરા**

શ્રાવણી પૂર્ણિમાના પાવન પર્વ નિમિત્તે બાબરા શહેર ખાતે નીલકંઠ મહાદેવના સાંનિધ્યમાં બાબરા પંથકના ભુદેવો માટે સામૂહિક નૂતન જનોઈ ધારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શાસ્ત્રી યજ્ઞેશભાઈ શુકલ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ-વિધાન તથા મંત્રોચ્ચાર સાથે ભુદેવોને નૂતન જનોઈ ધારણ કરાવવામાં આવી હતી. સવારે ૯:૩૦ કલાકથી શરૂ થયેલો ધાર્મિક કાર્યક્રમ ૧૧:૩૦ કલાક સુધી ચાલ્યો હતો.શ્રાવણી પૂર્ણિમાના પવિત્ર પર્વે યોજાયેલા આ સામૂહિક ધાર્મિક કાર્યક્રમમાં બાબરા શહેરના ભુદેવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ધાર્મિક પરંપરાઓ અને સંસ્કારોને ઉજાગર કરવામાં આવ્યા હતા.

# જૂનાગઢની સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને નર્સિંગ સ્ટાફે રાખડી બાંધી દીર્ઘાયુની પ્રાર્થના કરી

## હોસ્પિટલના બિછાને જ્યારે રક્ષાનું પવિત્ર બંધન બંધાય ત્યારે પીડા પણ સ્મિતમાં બદલાઈ જાય છે!



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

હોસ્પિટલના બિછાને પણ જ્યારે રક્ષાનું પવિત્ર બંધન બંધાય છે, ત્યારે દર્દીની પીડા પણ સ્મિતમાં બદલાઈ જાય છે....! આવું જ કંઈક જૂનાગઢની જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલ ખાતે બન્યું... ગઈકાલે રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિત્તે જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલના નર્સિંગ સ્ટાફ દ્વારા હોસ્પિટલમાં દાખલ દર્દીઓને રાખડી બાંધીને તેમના ઝડપી સ્વાસ્થ્ય અને દીર્ઘાયુની પ્રાર્થના નર્સિંગ સ્ટાફ કરવામાં આવી હતી.

એક નર્સ માત્ર દવા કે સારવાર જ નથી કરતી, પણ જરૂર પડે ત્યારે એક બહેન બનીને દર્દીઓની વ્હાલથી સંભાળ પણ રાખે છે. આ રાખડી માત્ર સુતરનો દોરો નથી, પરંતુ સ્નેહ, હૂંફ અને સાજા થવાનો અતૂટ વિશ્વાસ છે. તે ગઈકાલે જૂનાગઢની સિવિલ હોસ્પિટલમાં સાર્થક થયું હતું. હોસ્પિટલના આ માહોલમાં પણ નર્સિંગ સ્ટાફ દ્વારા જ્યારે પ્રેમ પૂર્વક કુમકુમ તિલક કરી, કલાઈ પર રાખડી બાંધી, દુઃખણા લેવાયા ત્યારે દર્દીઓના ચહેરા પર આવેલી આત્મીય મુસ્કાન જોઈને બહેન બનેલ સ્ટાફ બહેનો પણ બોલી ઊઠી હતી, ''ભાઈ, આપનું સ્મિત જ અમારું સાચું ઈનામ છે.''

# માણાવદરમાં રક્ષાબંધનની ભાઈ-બહેનના પવિત્ર સ્નેહ સાથે ઉજવણી



**અબતક, જીજ્ઞેશ પટેલ,માણાવદર**

ભાઈ-બહેનના પવિત્ર સંબંધ, વાત્સલ્ય અને અતૂટ લાગણીના પ્રતીકસમા 'રક્ષાબંધન'ના મહાપર્વની માણાવદર શહેર સહિત સમગ્ર ગ્રામ્ય પંથકમાં અતિ આનંદ અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારથી જ ઘરોમાં પર્વનો ઉત્સાહ જોવા મળ્યો હતો અને વાતાવરણ ભક્તિ તથા સ્નેહના રંગે રંગાયું હતું.

સવારથી જ બહેનોએ સુશોભિત પૂજાની થાળીઓ તૈયાર કરી ભાઈઓના કપાળે કુમકુમ તિલક કરી, અક્ષત લગાવી અને આરતી ઉતારી હતી. ''ભાઈનું આયુષ્ય લાંબુ થાય અને તેને તમામ સુખ-સમૃદ્ધિ મળે'' તેવી મંગલ કામનાઓ સાથે બહેનોએ ભાઈઓના જમણા હાથની કલાઈ પર સ્નેહની રાખડી બાંધી હતી. તિલક અને રાખડી બાદ બહેનોએ ભાઈઓનું મોં મીઠું કરાવી તેમના સુખી જીવનના આશીર્વાદ આપ્યા હતા.સામે પક્ષે, ભાઈઓએ પણ પોતાની વહાલી બહેનોનું મોં મીઠું કરાવી, જીવનભર તેની રક્ષા કરવાનું, તેના દરેક સુખ-દુઃખમાં અડીખમ સાથ આપવાનું વચન આપ્યું હતું. આ સાથે ભાઈઓએ બહેનોને તેમની પસંદગી મુજબની સુંદર ભેટ-સોગાતો તેમજ રોકડ રકમ આપી તેમના મુખ પર ખુશી લાવવાનો સુંદર પ્રયાસ કર્યો હતો.

# ગીર ગઢડાના હરમડીયા ગામે ગાંજાનું વાવેતર ઝડપાયું

## ગાંજાના છોડ અને મોબાઈલ સાથે ધીરૂ પરમારની ધરપકડ



**અબતક, ઉના**

ગીર ગઢડાના પોલીસ ઈન્સ્પેકટર કે. ડી. ચાવડા, એસ. ઓ. જી. બ્રાન્ચના ઈનચાર્જ પી આઈ. આર. આર. રાયજાદા, પી. એસ. આઈ. એસ. જે. સોલંકી, એ. એસ. આઈ. સરમણ ભાઈ ભોપા ભાઈ, પોલીસ કોન્સ્ટેબલ નદીમ શેર મહમદ વિગેરે સ્ટાફને માહિતી મળી હતી કે હરમડીયા ગામની સીમમાં માદક પદાર્થ ગાંજોનું વાવેતર થયું છે. તેથી હરમડીયા ગામની સીમમાં આવેલ રાજ ટીંબા સીમ વિસ્તાર માં આવેલ ખેડૂત ધીરુભાઈ રૂખડભાઈ મકવાણા પાકની આડમાં માદક પદાર્થ વનસ્પતિ જન્ય ગાંજા ( મારી જુઆન/ હશીશ) વાવેતર કરેલ હોય. રેડ પાડતા ખેતર માં વાવેલ લીલા ગાંજો ના છોડ મળી આવ્યા હતા જેનું વજન કરતા ૬૨૧ ગ્રામ જેની બજાર કિંમત રૂપિયા ૩૧૦૫૦/ એક મોબાઈલ ફોન રૂપિયા ૫૦૦૦/મળી કુલ રૂપિયા ૩૬૦૫૦/ના મુદામાલ સાથે પકડી ગીર ગઢડા પોલીસ સ્ટેશન લાવી તેમની સામે ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી અને તેમણે ગાંજો નું વાવેતર કેટલા સમયથી કરતો હતો. કોને કોને વેચતો હતો. તે અંગે તપાસ કરી રહી છે.

# ગોંડલના પ્રૌઢને ત્રણ લાખ વ્યાજે આપી વ્યાજખોરે મકાન-વાહન પડાવી લીધું

## ૫૭ વર્ષીય પ્રૌઢને ધંધા માટે પૈસાની જરૂરિયાત ઉભી થતાં વ્યાજના વિષચક્રમાં ફસાયા : માસિક ૫% વ્યાજે નાણાં આપી વ્યાજખોરે રૂ.૧૬ લાખથી વધુની રકમ વસુલી

**અબતક, રાજકોટ**

ગોંડલમાં રહેતા પ્રૌઢને ત્રણ લાખ રૂપિયા વ્યાજે આપી વ્યાજખોરે રૂ.૧૬ થી ૧૭ લાખ વ્યાજ પેટે વસુલ્યા હતા. વધુમાં પ્રૌઢનું મકાન અને ટેમ્પો ગાડી પણ પડાવી લીધી હતી. જેથી પ્રૌઢે અંતે કંટાળી વ્યાજખોરના ત્રાસ અંગે ગોંડલ બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ગોંડલના સાંઢિયા પુલ નજીક વૃંદાવન-૩ માં રહેતા ૫૭ વર્ષીય પ્રૌઢ અરવિંદપરી રેવાપરી ગોસ્વામીએ વ્યાજખોર તારીકે સુભાષ ગીગાભાઈ ચાવડા (રહે. સિધ્ધાર્થનગર, ગોંડલ)નું નામ આપી જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૦ માં હું જામવાડી પાસે ગાઠીયાની રેકડી ચલાવતો હતો. વર્ષ ૨૦૨૧ ની શરૂઆતમાં મારે ધંધા માટે પૈસાની જરૂર પડતા મે સુભાષભાઈ ગીગાભાઈ ચાવડા પાસેથી પ્રથમ રૂ.૧ લાખ માસીક ૫ % ના વ્યાજ દરે લીધેલ હતા. સુભાષ ચાવડાએ વ્યાજ પેટે રૂ.૧૬ હજાર અગાઉ કાપી લીધેલ હતા. હું રોજના રૂ.૧૦૦૦ નો હપ્તો ભરતો હતો. બાદ મરે વધુ પૈસાની જરૂર પડતા મે કટકે કટકે કુલ રૂ. ૩ લાખ વ્યાજે લીધેલ હતા. જેનો રોજનો રૂ.૩ હજારનો હપ્તો મુળીમા જમા કરાવતો હતો. જેની મને સુભાસભાઈએ ડાયરી આપેલ હતી. જે ડાયરીમા સુભાષભાઈ પોતાના હાથે રૂપીયા જમા કરાવ્યા અંગે તારીખ તથા રકમ લખતા અને મારી ગાઠીયાની રેકડીએ આવી હપ્તો લઈ જતા હતા. બાદ રોજના ત્રણ હજારના હપ્તામા હું પહોંચી નહી શકતા બાદ દર મહીને ૧૫ હજાર વ્યાજ આપતો હતો. જે સુભાષ ચાવડા રોકડા લઈ જતો હતો, જેની ડાયરીમા નોંધ કરતા ન હતા. બાદ વ્યાજ ભરવામા હું પહોંચી નહી શકતા વર્ષ ૨૦૨૧ મા મારૂ વૃંદાવન પાર્ક-૩ નુ મકાન જે મારી પત્નીના નામે હોય તે મકાન સુભાષભાઈએ તેના નામે કરી દેવા માટે મને દબાણ શરૂ કર્યું હતું. પરંતુ મે મકાન તેમના નામે કરવાની ના પાડતા મને રૂબરૂમા આવી મારૂ એકસીડન્ટ કરાવી પતાવી દેવાની ધમકીઓ આપતા હતા. જેથી મને બીક લાગતા મે આ વાત મારી પત્નીને કરેલ હતી. મકાન સુભાષભાઈને દસ્તાવેજ કરી આપવા સમજાવતા મારી પત્ની માની જતા સુભાષભાઈએ તેના બદલામાં યાર્ડ પાછળ બે મકાન આપવાનુ કહી મકાનનો દસ્તાવેજ પોતાના નામે કરાવી લીધેલ હતો અને મને યાર્ડ પાછળ બે મકાન આપવાનો વાયદો કરેલ હતો પણ તે મકાનો પણ મને આપેલ નહી. વ્યાજખોરે મકાન ખાલી કરાવવા મારી ઉપર લેન્ડગ્રેબીંગની અરજી પણ કરેલ હતી અને અત્યાર સુધી મારી પાસેથી રૂ.૧૬ થી ૧૭ લાખ વ્યાજ પેટે લીધેલ છે. મને વ્યાજે રૂપીયા આપેલ તેના હપ્તા ડાયરીમા લખતા હતા, તે ડાયરી પણ મને આપેલ હતી. તેમજ મારી પાસેથી સેન્ટ્રલ બેંક ઓફ ઈંડીયાનો કોરો ચેક પણ પડાવી લીધેલ હતો. તેમજ એક ટેમ્પો મારી પાસે હતો, જે મારા દીકરા કરણના નામનો હતો તે પણ સુભાષભાઈએ પોતાના સબંધી સંજયભાઈ નાથાભાઈ ડવના નામે કરાવી લીધેલ હતો. જેથી પ્રૌઢે અંતે કંટાળી વ્યાજખોર વિરુધ્ધ ફરિયાદ આપતાં ગોંડલ બી ડિવિઝન પોલીસે મની લેન્ડ એકટની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી આદરી હતી.

## ગોંડલ બી ડિવિઝન પોલીસે સુભાષ ચાવડા વિરૂદ્ધ મની લેન્ડિંગ એકટની કલમો હેઠળ ગુનો નોંધ્યો

# કોટડાસાંગાણીના અરડોઈ ગામે લાઈટ બિલના પૈસા માંગતા પિતા-પુત્ર પર હુમલો

## જમીન ભાગીયે વાવનાર શખ્સે ગાળાગાળી કરી લાફા ઝીંકી ઢીંકાપાટુનો માર માર્યોઃ ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

કોટડા સાંગાણીના અરડોઈ ગામે ખેડૂત અને તેમના પુત્રને ગામમાં જ રહેતા શખસે લાફા ઝીંકી ઢીકાપાટુનો મારમારી ધમકી આપી હતી. ખેડૂતે આરોપીને અગાઉ જમીન વાવવા માટે આપી હોય તે સમયના લાઈટના બિલના પૈસાની બાકી હોય જેની માંગણી કરતા હુમલો કર્યો હતો.

રાજકોટમાં સેલિબ્રેશન પાર્ટી પ્લોટની બાજુમાં મારૂતિ રેસીડેન્સીમાં રહેતા ભીખુભાઈ ગાંડુભાઈ વિરડીયા (ઉ.વ. ૬૦) નામના ખેડૂતે કોટડા સાંગાણી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે કોટડા સાંગાણીના અરડોઈ ગામે રહેતા બાવા પોપટભાઈ વિરડીયાનું નામ આપ્યું છે.ભીખુભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ખેતી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગઈકાલે સવારના તે તથા તેમનો પુત્ર મહાદેવ કાર લઈ તેમના મૂળ વતન જવા માટે નીકળ્યા હતા અને સવારના આશરે ૦૯:૪૫ વાગ્યે અરડોઈ ગામ નવા પ્લોટ વિસ્તાર ખાતે આવેલા તેમના મકાન સામે પહોંચતા ત્યાં સામે ગાંધી બાપાના ઓટલા પાસે બાવા વિરડીયા બેઠો હતો અને તેણે ફરિયાદી સામે હાથ ઊંચો કરી ચાળો કરતા ફરિયાદી તથા તેમના પુત્ર તેમની પાસે ગયા હતા.

ફરિયાદીએ અગાઉ બાબાભાઈને એક વર્ષ પૂર્વે જમીન વાવવા માટે આપી હતી અને તે સમયનું ખેતીની જમીનનું લાઈટ બિલ ૨૦૦૦ ભરવાનું બાકી હોય જેથી ફરિયાદીએ બાવાભાઈને બાકીનું લાઈટ બિલ ભરવાનું કહેતા તે એકદમ ઉશ્કેરાય ગયો હતો અને કહેવા લાગ્યો હતો કે, હું બિલના પૈસા આપવાનો નથી તારાથી થાય તે કરી લે તેમ કહી ગાળાગાળી કરવા લાગ્યો હતો. જેથી ફરિયાદીએ તેને ગાળો દેવાની ના કહેતા ઝપાઝપી કરી ત્રણ થપ્પડો મારી દીધી હતી અને ફરિયાદીને નીચે પાડી દીધા હતા બાદમાં ઢીકાપાટુનો મારમાર્યો હતો જેથી ફરિયાદીનો પુત્ર મહાદેવ વચ્ચે પડતા તેને પગમાં લાત મારી હતી. દરમિયાન અહીં ગામના અન્ય લોકો એકત્ર થઈ જતા આરોપી અહીંથી ચાલ્યો ગયો હતો. જતા પૂર્વે ધમકી આપી હતી કે, ઉભો રહેજે હમણાં પૂરો કરી દઉં હુમલામાં ભીખુભાઈને ઈજા પહોંચી હોય જેથી સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા બાદમાં તેમણે આ અંગે ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદના આધારે કોટડા સાંગાણી પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# પારકા ડખ્ખામાં સમજાવટ કરવા ગયેલા પ્રૌઢ પર પાઈપ વડે હુમલોઃ હાથ ભાંગી નાખ્યો

## જેતપુરના અમરનગરનો બનાવ : સંબંધીની દીકરીને તેડવાં બાબતે મારામારી નહિ કરવાનું કહેતા જ ચાર શખ્સો તૂટી પડ્યા, ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

જેતપુરના અમરનગરમાં રહેતા ૫૫ વર્ષીય પ્રૌઢ પારકા ડખ્ખામાં સમજાવટ કરવા જતાં ચાર શખ્સોની ટોળકીએ માર માર્યો હતો. સંબંધીની દીકરીને તેડવાં બાબતે મારામારી કરતા શખ્સોને સમજાવવા જતાં ચાર શખ્સો પ્રૌઢ પર પાઈપ વડે તૂટી પડ્યા હતા અને હાથ ભાંગી નાખ્યો હતો. જે મામલે પ્રૌઢની ફરિયાદ પરથી જેતપુર તાલુકા પોલીસે ગુનો નોંધ્યો હતો.

જેતપુરના અમરનગરમાં રહેતા ૫૫ વર્ષીય પ્રૌઢ ભુપતભાઈ બાલુભાઈ ચારોલીયાએ આરોપી તરીકે મુનો લલ્લુભાઈ વાઘેલા, રાજુ લાલુભાઈ વાઘેલા(બંને રહે. અમરનગર, જેતપુર) અને અવનીશ કિશોરભાઈ પરમારતેમજ જયસુખ કિશોરભાઈ પરમાર (બંને રહે. ધારી, અમરેલી)નું નામ આપતાં જણાવ્યું હતું કે, ગત તા.

૨૮/૦૮/૨૦૨૬ ના રોજ બપોરના બે વાગ્યે હું મારા કામ માટે દેવળકી જતો હતો. ત્યારે અમારા સંબંધી મનુની દીકરી કાજલ જેના લગ્ન મનુના બહેનના દીકરા અવિનાશ સાથે થયેલા હોય અને કાજલને તેડવા બાબતે રોડ ઉપર ચર્ચા કરતા હતા. બાદ હું ચારેક વાગ્યા દેવળકીથી પરત ફરતા મારા સંબંધી મુન્નો લાલુ, રાજુ લાલુ તથા તેના ભાણા અવનીશ, જયસુખ, વિપુલ અને અતુલ અંદરો અંદર બોલાચાલી કરતા હતા અને ફાઈબરના પાઈપથી મારામારી કરતા હતા. જેથી હું મારું મોટરસાયકલ લઈને ત્યાં ગયેલ અને તેમની વચ્ચે પડી સમજાવવા જતા મુન્નો લાલુ વાઘેલાએ મને ડાબા હાથમાં એક ઘા મારી દિધેલ હતો. રાજુ વાઘેલાએ મારા ડાબે હાથે કોણીથી ઉપરના ભાગે એક ફાઈબરના પાઈપનો ઘા મારી દીધેલ હતો. અવનીશ કિશોર પરમાર તથા જયસુખ કિશોર પરમારે મારા જમણા પગમાં ગોઠણ નીચે ફાઈબરના પાઈપના ઘા મારેલ હતા. બાદ હું વધુ મારથી બચવા દોડીને ગામમા ચાલ્યો ગયેલો હતો અને મારા દીકરા અરવિંદને ફોન કરીને બોલાવેલ હતો. જેથી પુત્રએ દોડી આવી મને ૧૦૮ એમ્બયુલેન્સ મારફતે સારવાર અર્થે જેતપુર સરકારી હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

જેતપુર સરકારી હોસ્પિટલ ખાતે પ્રાથમિક સારવાર આપ્યા બાદ પ્રૌઢને વધુ સારવાર અર્થે જૂનાગઢ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ હતા. જયા તબીબે પ્રૌઢના ડાબા હાથમાં ફ્રેક્ચર થયાનું જાહેર કર્યું હતું. જેથી પ્રૌઢએ ચારેય શખ્સો સામે જેતપુર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# રાણપુર નજીક આઈસર અને કાર અથડાતા યુવાનનું મોત

## બોટાદનો પરિવારને નડ્યો અકસ્માતઃ બે ઘવાયા

**અબતક**
**વિપુલ લુહાર, બોટાદ**

બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના નાગનેસ ગામ પાસે હાઈવે પર ગુરુવારના મોડીરાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.જેમાં ફોરવ્હીલ કાર અને આઈસર ટ્રક સામ-સામે અથડાતા બોટાદની વોરાવાડ માં રહેતા આસિફ નામના યુવાન નું મોત નીપજ્યું હતુ અને ત્રણ લોકોને ઈજા થવા પામી છે જેમાં એક ને ગંભીર હાલત જણાતા વધુ સારવાર માટે ભાવનગર ખસેડવામાં આવેલ છે.

બનાવની મળતી મુજબ ગુરુવારના મોડી રાત્રે રાણપુર-ધંધુકા હાઈવે પર નાગનેશ ગામ નજીક ફોરવ્હીલર કાર અને આઈસર ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.બોટાદના આસિફભાઈ રહીમભાઈ માંકડ અને તેમના અન્ય ત્રણ પરિવારના સભ્યો નાગનેશ ગામ નજીક સામે થી આવતી આયસર ટ્રક સામસામે ધડાકા ભેર અથડાઈ હતી. જેમાં કારના આગળ નો ભાગ નો કચ્ચર ખાણ વળી ગયો હતો.

બનાવ ના પગલે ત્યાંતી પસાર થતા લોકો દોડી આવ્યા હતા. અને ૧૦૮ ને જાણ કરતા સ્થાનિક પોલીસ અને ૧૦૮ દોડી આવી ઈજાગ્રસ્તને મહામુસીબતે કારમાંથી બહાર કાઢી બોટાદની સબીહા હોસ્પિટલ માં સારવાર અર્થે દાખલ કરવા માં આવ્યા હતા.જ્યા



આસિફભાઈ રહીમભાઈ માંકડનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું.જ્યારે આસિફભાઈ ના પુત્ર ની હાલત ગંભીર હોય તેઓને વધુ સારવાર માટે ભાવનગર રીફર કરવામાં આવ્યા હતા.જયારે બે વ્યકિત સબીહા હોસ્પિટલ માં સારવાર હેઠળ છે. સ્થાનિક પોલીસ ઘટના સ્થળની તપાસ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ઊનાના રામપરા ગામની સીમમાં સિંહણનો સડેલો મૃત દેહ મળી આવ્યો

**અબતક, ઉના**

ઊના તાલુકાના રામપરા ગામ ની સીમ માં એક પુખ્ત વયની સિંહણ નો મૃત દેહ પડેલ હોવાની ગામ ના સરપંચ ને જાણ થતા તેમણે ગીર પૂર્વ વન વિભાગ ની જસાધાર રેન્જ ની કચેરી જસાધાર ગીર ગામે આવેલ હોય જાણ કરતા આર.એફ.ઓ. ચૌહાણ અને સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને સિંહણ નું અવલોકન કરતા અંદાજિત પાંચ થી નવ વરસ ની સિંહણ હતી. તેમના પાછલા પગ અને શરીર ના પાછલા ભાગે ઈજાઓ નો ચિહનો જોવા મળ્યા હતા. તેમાં જીવાત પડી ગઈ હતી. ચામડી સડી ગઈ હતી. વન વિભાગ ના અનુમાન મુજબ મૃત દેહ એક દિવસ પહેલા નો હોય. અને આ વિસ્તાર માં એક નર સિંહ અને માદા સિંહણ ની અવર જવર હતી. ઈન્ફાઈટ માં સિંહણ ઈજા પામી હોય અને ઘા સડી જતા મૃત્યુ પામી હોય તેવું પ્રાથમિક અનુમાન છે. હાલ સિંહણ નો મૃત દેહ જસાધાર ગીર એનિમલ કેર સેન્ટર માં પોસ્ટ મોર્ટમ માટે લઈ જવામાં આવ્યો છે. રિપોર્ટ આવ્યા બાદ મોત નું સાચું કારણ જાણવા મળશે.


# ધાંગધ્રામાં બેફામ ડમ્પરે ગાયને ટક્કર મારી ચાલક ફરાર

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરમાં ડમ્પરચાલકોની બેફામ ગતિ અને વાહનચાલકોની મનમાની સામે અગાઉથી જ લોકોમાં નારાજગી જોવા મળી રહી છે ત્યારે શનિવારે રાત્રે આશરે ૧૧ વાગ્યાના અરસામાં હળવદ રોડ પર એક ગાયને અજાણ્યા ડમ્પરે ટક્કર મારતા ગાયનું ઘટના સ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું પ્રાપ્ત માહિતી મુજબ, અકસ્માત બાદ ડમ્પરચાલક સ્થળ પર રોકાયા વિના વાહન હંકારી ફરાર થઈ ગયો હતો. ઘટનાને પગલે આસપાસના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા ગાય ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં તડપી રહી હતી, પરંતુ અંતે તેનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં ગૌપ્રેમીઓ પણ સ્થળ પર પહોંચ્યા હતા, જોકે ગાયને બચાવી શકાયી નહોતી આ બનાવને પગલે સ્થાનિક લોકો અને ગૌપ્રેમીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો અકસ્માત સર્જનાર ડમ્પરચાલકની ઓળખ કરી તેની સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવે તેમજ બેફામ ઝડપે દોડતા ડમ્પરો સામે પોલીસ દ્વારા અસરકારક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# થાનના રાવરાણી ગામે કૂવામાં પડેલા વણીયારનું વન વિભાગ દ્વારા રેસ્ક્યૂ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અવારનવાર વન્ય પ્રાણીઓ કુવા તેમજ નદીમાં પડી જવાના બનાવો વધી રહ્યાં છે ત્યારે થાન તાલુકાના રાવરાણી ગામે કૂવામાં વન્ય પ્રાણી વણીયાર પડી જતા દોડધામ મચી જવા પામી હતી. જેની જાણ આસપાસના સ્થાનિકો તેમજ ખેડુતોને કરવામાં આવતા વન વિભાગની ટીમે સ્થળ પર પહોંચી ભારે જહેમત બાદ જીવદયા પ્રેમીઓની મદદ થી કુવામાં ફસાયેલા વન્ય પ્રાણી વણિયારનું સુરક્ષિત રેસ્ક્યુ કરી સફળતાપૂર્વક મુક્ત કરી જીવ બચાવ્યો હતો.

# ધ્રાંગધ્રામાં જુગારના બે અડ્ડા પર પોલીસનો સપાટો

## આઠ શખ્સોની ધરપકડઃ કુલ રૂ.૧૪,૨૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરમાં જુગારની પ્રવૃત્તિ સામે સિટી પોલીસે કાર્યવાહી હાથ ધરી બે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડી કુલ આઠ શખ્સોને ઝડપી પાડ્યા હતા પોલીસે બંને સ્થળેથી રોકડ સહિત કુલ રૂ.૧૪,૨૦૦નો મુદ્દામાલ કબજે કરી જુગારધારા મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે પ્રાપ્ત માહિતી મુજબ, ધ્રાંગધ્રા શહેરના કોરીપરા વિસ્તારમાં મચ્છુ ડેરી પાસે કેટલાક શખ્સો જાહેરમાં જુગાર રમતા હોવાની માહિતીના આધારે સિટી પોલીસની ટીમે દરોડો પાડ્યો હતો પોલીસ કાર્યવાહી દરમિયાન હકાભાઈ રાણાભાઈ ખટોડીયા, રમેશભાઈ ભીમાભાઈ વલાણીયા, અજયભાઈ રમેશભાઈ મકવાણા, રવીભાઈ રણછોડભાઈ ખંડોરીયા અને સહુલભાઈ રાજુભાઈ ડાભીને ઝડપી પાડવામાં આવ્યા હતા તેમની પાસેથી રોકડ સહિત કુલ રૂ.૧૧,૨૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો આ ઉપરાંત પોલીસે શહેરના રેલવે સ્ટેશન નજીક પણ જુગાર રમતા શખ્સો સામે કાર્યવાહી કરી હતી અહીંથી સતિષભાઈ અમરશીભાઈ વિરાણી, સલીમભાઈ રસુલભાઈ અબડા અને અજયભાઈ લવજીભાઈને ઝડપી પાડવામાં આવ્યા હતા તેમની પાસેથી રૂ.૩,૦૦૦ની રોકડ રકમ મળી આવતા પોલીસે તે પણ કબજે કરી હતી આમ, ધ્રાંગધ્રા સિટી પોલીસે શહેરમાં જુગારની પ્રવૃત્તિ સામે એકસાથે બે સ્થળોએ કાર્યવાહી કરી કુલ ૮ ઈસમોને ઝડપી પાડી રૂ.૧૪,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો તમામ આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે

# જૂનાગઢના ભવનાથમાં ઘેડિયા કોળી સમાજ ભવનમાં 'રૂમ' આપવા મુદ્દે બબાલ : મેનેજરને માર માર્યો!

## સમાજની જગ્યામાં એકલા યુવકોને રોકાવા પર પ્રતિબંધની સૂચનાથી શખ્સ ઉશ્કેરાયોઃ ઘોડિયું અને ડસ્ટબિનથી માર માર્યો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢના ભવનાથમાં ઘેડિયા કોળી સમાજ ભવનમાં 'રૂમ' આપવા મુદ્દે બબાલ થઈ હોવાની તથા એક શખ્સ દ્વારા મેનેજરને ઢોર માર મારી, ઈજાગ્રસ્ત કર્યા હોવાની પોલીસ દફતરે ફરિયાદ નોંધાતા, પોલીસે આ બનાવની તપાસ હાથ ધરી છે. જાણવા મળતી વિગતો મુજબ, જૂનાગઢના ભવનાથ વિસ્તારમાં આવેલા ઘેડિયા કોળી સમાજ ભવનના મેનેજર તરીકે ફરજ બજાવતા રામશી જીવા બાલસ પર એક શખ્સ એ સવારના આશરે ૬ વાગ્યાના સુમારે સમાજ ભવનમાં આવી, મેનેજરની ચેમ્બરનો દરવાજો ખખડાવી તેમને જગાડ્યા હતા. અને મેનેજર રામશીભાઈ કંઈ સમજે તે પહેલાં જ શખ્સે તેમનો કાંઠલો પકડી પછાડી દીધા હતા. ત્યારબાદ ઘોડિયું ઉપાડી તેમના પર ફટકાર્યું હતું અને ડસ્ટબિનથી પણ માર માર્યો હતો.

આ ઘટના અંગે પ્રાપ્ત વધુ વિગતો મુજબ, ઘેડિયા કોળી સમાજ દ્વારા ભવનની જગ્યામાં અગાઉ કેટલાક યુવકો દ્વારા અસામાજિક પ્રવૃત્તિઓ અને અયોગ્ય વર્તન થતું હોવાની બાબત ધ્યાને આવતા સમાજની શિસ્ત અને પ્રતિષ્ઠા જળવાઈ રહે તે માટે જાહેર સૂચના લગાવવામાં આવી હતી. જેમાં દેલવાડા ગામના યુવકોને એકલા સમાજની જગ્યામાં રહેવા પર પ્રતિબંધ મુકાયો હતો, જ્યારે પરિવાર સાથે આવનારને રહેવાની મંજૂરી આપવાનો નિર્ણય કરાયો હતો. દરમિયાન રાત્રિના સમયે એક શખ્સ સમાજ ભવનમાં રોકાવા માટે આવ્યો હતો. તે સમયે નોકરી પર હાજર મેનેજર રામશી જીવા બાલસે તેને સમાજ દ્વારા લગાવવામાં આવેલી સૂચના વાંચી લેવા જણાવ્યું હતું. જો કે શખ્સે રૂમ આપવાની જીદ કરતાં મેનેજરે પોતાની સત્તાથી રૂમ ફાળવી શકાય તેમ ન હોવાનું જણાવી સમાજના આગેવાન સાથે વાતચીત કરવા જણાવ્યું હતું. બાદમાં અશોકભાઈ સાથે વાતચીત થયા પછી શખ્સ ત્યાંથી ચાલ્યો ગયો હતો. જો કે, મામલો અહીં અટક્યો ન હતો. બીજા દિવસે વહેલી સવારે આશરે ૬ વાગ્યાના અરસામાં આ યુવક ફરી આવ્યો હતો અને સમાજના મેનેજર પર હુમલો કરી, ઈજાગ્રસ્ત કરી, નાશી ગયો હતો.

# મોબાઈલના વળગણ અંગે માતા-પિતાએ ઠપકો આપતાં બે બહેનોએ ઘર છોડ્યુંઃ પોલીસે મિલન કરાવ્યું

## જસદણના કડુકા ગામેથી બે સગી બહેનો ગત તા.૨૪ ના નીકળી ગઈ ચોટીલા દર્શન કરી રાજકોટથી ગોંડલમાં કેટરર્સમાં નોકરી કરવા લાગી'તી

**અબતક, રાજકોટ**

સોશિયલ મીડિયાના યુગમાં લોકો માટે મોબાઈલ અને તેની દુનિયા જ સર્વસ્વ બની ગઈ હોય તેવા બનાવો છાસવારે સામે આવતા હોય છે ત્યારે આવા જ એક બનાવમાં જસદણના કડુકા ગામે રહેતી બે બહેનોને માતા-પિતાએ સતત મોબાઈલના ઉપયોગ કરવા અંગે ઠપકો આપ્યો હતો. જે બાબતનું માઠુ લાગી આવતા બંને બહેનો ગત તા.૨૪ ઓગસ્ટના રોજ ઘરેથી નીકળી ગઈ હતી. જે અંગે રૂરલ એલસીબી ટીમે તાત્કાલિક સંવેદનશીલતા દાખવી બંને બહેનોને શોધી કાઢી પરીવાર સાથે સુખદ મિલન કરાવ્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ, જસદણના કડુકા ગામે રહેતા કાનજીભાઈ પ્રાગજીભાઈ અણીયાળીયાની બે દીકરીઓ રવિનાબેન (ઉ.વ.૨૩) અને સ્નેહલબેન (ઉ.વ.૧૮) કોઈને પણ કહ્યા વગર પોતાના ઘરેથી નીકળી ગઈ હતી. આ અંગે તેણીના પિતા કાનજીભાઈએ ભાડલા પોલીસ સ્ટેશનમાં તેઓની બંને પુત્રી ગુમ થયાની જાણ કરતાં પોલીસ એક્શનમાં આવી હતી.

જસદણ એએસપી ડો.નવીન ચક્રવર્તી રેપુડી ના સુપરવિઝન હેઠળ એલસીબી પીઆઈ જે.પી.રાવની રાહબરીમાં પીએસઆઈ પી.એન.ભરવાડની ટીમે તાત્કાલિક ટેકનિકલ સોર્સિસ તેમજ હ્યુમન સોર્સિસ (બાતમીદારો) ની મદદથી તપાસ શરૂ કરી હતી. ચોક્કસ ખાનગી હકીકતના આધારે પોલીસે બંને બહેનોને ગોંડલ ખાતેથી સહીસલામત શોધી કાઢી હતી અને તેમના પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું હતું. વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, ગુમ થયાં બાદ મળી આવેલ મોટી પુત્રીએ ગ્રેજ્યુએશન અને નાની પુત્રએ ધો.૭ સુધી અભ્યાસ કરેલ છે. બંને પુત્રીઓ ઘરકામમાં મદદ કરવાના બદલે સતત મોબાઈલ જ જોયા રાખતી હોય જેથી બંને પુત્રીઓને માતા પિતાએ ઠપકો આપતાં ગઈ તાં.૨૪ ના ઘરેથી નિકળી ગઈ હતી. બંને પ્રથમ ચોટીલા દર્શન કરી રાજકોટ આવ્યાં અને અહીંથી ગોંડલ જવા નિકળી હતી, જ્યાં કેટરર્સમાં કામે રહી જઈ જીવન નિર્વાહ કરવાનો નિર્ણય કર્યો હતો. જો કે, તે પહેલાં જ પોલીસ પહોંચી ગઈ હતી અને બંને યુવતીઓનું રેસ્ક્યુ કર્યું હતું. ઘટના બાદ રૂરલ પોલીસે સંતાનો અને વાલીઓને ટાંકી એક અપીલ કરતા જણાવ્યું છે કે, જીવનમાં કોઈ તકલીફ હોય તો ઘર છોડવું એ ઉપાય નથી. તમારા સંતાનોને ઠપકો ન આપો, તેમની સાથે મિત્ર બની વાત કરો. બહારની દુનિયા એટલી સુરક્ષિત નથી જેટલી આપણે ધારીએ છીએ. લગ્ન, ભણતર કે અન્ય બાબતે બાળકો પર વધુ પડતું દબાણ ન કરો. આવારા અને રોમિયો જેવા લુખ્ખા તત્વોથી હંમેશા સાવધાન રહો. બાળક મોબાઈલ પર કોની સાથે વાત કરે છે અને સોશિયલ મીડિયા પર શું જુએ છે તેનું ધ્યાન રાખો. અપરિચિત વ્યક્તિની લોભ-લાલચ કે વિશ્વાસમાં ન આવવું. સંતાનોને ઈન્સ્ટાગ્રામ, ફેસબુક કે વોટ્સએપ પર અજાણ્યા લોકોને ફોલો ન કરવા સમજાવો. સોશિયલ મીડિયા પર અજાણ્યા વ્યક્તિઓ સાથે વાતચીત ટાળવી. સંતાનોની ભૂલ થાય તો પ્રેમથી સમજાવો જેથી તે ઘર છોડીને ન જાય. કોઈપણ તકલીફમાં તાત્કાલિક ૧૧૨ અથવા ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈનનો સંપર્ક કરો. જો બાળક અચાનક ગુમ થાય તો તુરંત ૧૧૨, ૧૦૯૮ કે નજીકના પોલીસ સ્ટેશને જાણ કરો.

## રૂરલ એલસીબી પીઆઈ જે પી રાવ અને પીએસઆઈ પી એન ભરવાડની ટીમે બંને બહેનોને શોધી પરીવાર સાથે સુખદ ભેંટો કરાવ્યો

# સિલ્વર પાર્ક સોસાયટીમાંથી રૂ.૮.૨૧ લાખનો દારૂ પકડાયો

## ક્રાઈમ બ્રાંચે ૧૦૯૨ બોટલ કબ્જે કરી: ગાડી મૂકી ચાલક ફરાર, આરોપીની શોધખોળ



**અબતક, ઋષિ મહેતા**

મોરબીના જુના ઘૂંટુ રોડ પર આવેલી સિલ્વર પાર્ક સોસાયટીમાંથી ક્રાઈમ બ્રાંચે મારૂતી સુપર કેરી માલવાહક ગાડીમાંથી વિદેશી દારૂની ૧૦૯૨ નંગ બોટલ સહિત કુલ રૂ.૧૧.૨૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસને જોઈ ચાલક ગાડી મૂકી ફરાર થઈ જતા તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

મોરબી જીલ્લામાં પ્રોહિબિશન તથા જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવવા પોલીસ અધિકારીઓની સૂચનાથી એલસીબી અને પેરોલ ફર્લો સ્કવોડની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન ખાનગી બાતમીના આધારે જુના ઘુંટુ રોડ સિલ્વર પાર્ક સોસાયટીમાં મારૂતી કંપનીની સુપર કેરી માલવાહક ગાડી નં. જીજે-૩૬-વી-૫૭૧૫ ઉપર દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન ગાડીમાંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની કુલ ૧૦૯૨ બોટલ કિ.રૂ. ૮,૨૧,૨૯૨/- મળી આવી હતી. આ સાથે પોલીસે દારૂ ભરેલી માલવાહક ગાડી કિ.રૂ.૩ લાખ સહિત કુલ રૂ.૧૧,૨૧,૨૯૨/- નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસની કાર્યવાહી દરમિયાન ગાડીનો ચાલક સ્થળ પરથી વાહન રેઢું મૂકી ફરાર થઈ ગયો હતો. આ અંગે મોરબી સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન ધારા હેઠળ ગુનો નોંધી ફરાર ચાલકની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

# ઘૂંટુમાં દુકાનમાં થયેલી કોપર વાયર ચોરીનો ભેદ ઉકેલાયો

## તાલુકા પોલીસે ૮૦ કિલો કોપર વાયર અને રૂ.૬૨ હજાર રોકડા મળી રૂ.૮૦ હજારનો મુદ્દામાલ કબજે કર્યો: ત્રિપુટીની ધરપકડ

**અબતક, ઋષીમહેતા**

મોરબીના ઘૂંટુ ગામે એસી-ફ્રીઝ રિપેરિંગની દુકાનમાંથી થયેલી કોપર વાયર ચોરીનો ભેદ મોરબી તાલુકા પોલીસે ઉકેલી ત્રણ આરોપીઓને ઝડપી લીધા છે. આ સાથે પોલીસે પકડાયેલ આરોપીઓ પાસેથી ૮૦ કિલો શુદ્ધ કોપર વાયર અને રૂ.૬૨ હજાર રોકડા મળી કુલ રૂ.૮૦ હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. હાલ એક આરોપી હજુ ફરાર હોવાનું સામે આવ્યું છે.



મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા મિલકત સંબંધિત ચોરીના ગુનાની તપાસ દરમિયાન પોલીસ ઈન્સ્પેક્ટરના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સની અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. ટીમે હ્યુમન સોર્સ તથા ટેકનિકલ માધ્યમથી મળેલી બાતમીના આધારે ઘુંટુ ગામની સીમમાં આઈ.ટી.આઈ.ની બાજુમાં આવેલા ઝાંખડામાંથી ચોરીના મુદ્દામાલ સાથે આરોપી રાકેશભાઈ ભુપતભાઈ શેકરા રહે. કુળદેવી પાન પાસે મફતીયાપરા મોરબી-૨, રાજુભાઈ સવશીભાઈ દેલવાણીયા રહે. આઈ.ટી.આઈ. પાછળ ઘુંટુ તા.જી.મોરબી મૂળ ગામ સરવડ તા.માળીયા(મી) તથા એક કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરને હસ્તગત કર્યા હતા. તાલુકા પોલીસે તેમની પાસેથી ૮૦ કિલો શુદ્ધ કોપર વાયર, કિ.રૂ.૧૮ હજાર અને રોકડા રૂ.૬૨ હજાર મળી કુલ રૂ.૮૦ હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. તપાસ દરમિયાન આરોપી જયેશભાઈ ઉર્ફે ભાણો ચમનભાઈ કુંઢીયા રહે. આઈ.ટી.આઈ. પાછળ ઘુંટુ તા.જી.મોરબી હજુ પોલીસ પકડથી દૂર છે અને તેની શોધખોળ ચાલુ છે.

# મહિલા પોલીસ સ્ટેશન દ્વારા વૃદ્ધાશ્રમ ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી





**અબતક, ઋષી મહેતા**

મોરબી મહિલા પોલીસ સ્ટેશન દ્વારા કાઠીયાવાડ નિરાશ્રિત બાલાશ્રમ-રાજકોટ સંચાલિત વૃદ્ધાશ્રમ ખાતે રક્ષાબંધનના પાવન પર્વની લાગણીસભર ઉજવણી કરવામાં આવી હતી.

રક્ષાબંધનના પાવન પર્વ નિમિત્તે મોરબી મહિલા પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા વૃદ્ધાશ્રમની મુલાકાત લઈ વૃદ્ધજનો સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. પોલીસ ટીમે વડીલો સાથે આત્મીય સંવાદ કરી તહેવારની ખુશીઓ વહેંચી હતી. આ પ્રસંગે વૃદ્ધજનોમાં આનંદ અને લાગણીસભર વાતાવરણ સર્જાયું હતું.

# વિશ્વ હિન્દુ પરિષદ-દુર્ગાવાહિની તથા માતૃશક્તિ દ્વારા સેવાકીય ક્ષેત્રે ફરજ બજાવતા ભાઈઓને રક્ષા સુત્ર બાંધી કરાઈ ઉજવણી





**અબતક, ઋષિ મહેતા**

મોરબી શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ - દુર્ગાવાહિની તથા માતૃશક્તિ, મોરબી દ્વારા રક્ષાબંધનના પાવન પર્વ નિમિત્તે વિવિધ સેવાકીય ક્ષેત્રોમાં ફરજ બજાવતા ભાઈઓને રક્ષાસૂત્ર બાંધી રક્ષાબંધન પર્વની ભાવભીની ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે સમાજની સેવા અને સુરક્ષા માટે સતત કાર્યરત વિવિધ વિભાગોના કર્મચારીઓ તથા ભાઈઓને રક્ષાસૂત્ર બાંધી તેમના પ્રત્યે સન્માન અને બંધુત્વ ની ભાવના વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ અંતર્ગત ટ્રાફિક પોલીસના કર્મચારી ભાઈઓ, સિવિલ હોસ્પિટલના કર્મચારી ભાઈઓ, મહાનગરપાલિકાના કર્મચારી ભાઈઓ, સબ જેલના કર્મચારી ભાઈઓ, યદુનંદન ગૌશાળાના સેવાભાવી ભાઈઓ, વૃદ્ધાશ્રમના વડીલો, મનોવિકલાંગ ભાઈઓ તેમજ સમાજના વિવિધ ક્ષેત્રોમાં સેવા આપતા ભાઈઓને રક્ષાસૂત્ર બાંધવામાં આવ્યા હતા. અને રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

# ક્રેટા કારમાંથી ૭૦૦ લીટર દેશી દારૂ સાથે સલીમ ઝડપાયો

**અબતક, ઋષી મહેતા**

મોરબી તાલુકા પોલીસે રૂ.૫.૫૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો: દારૂ મંગાવનાર ત્રણ શખ્સની શોધખોળ.



મોરબી તાલુકાના લાલપર ગામ નજીક વાંકાનેર-મોરબી નેશનલ હાઈવે પરથી મોરબી તાલુકા પોલીસે ક્રેટા કારમાંથી ૭૦૦ લીટર દેશી દારૂ સાથે એક શખ્સની ધરપકડ કરી છે. પોલીસે કાર અને બે મોબાઈલ સહિત કુલ રૂ.૫.૫૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

મોરબી જીલ્લામાં પ્રોહિબિશન અને જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અટકાવવા પોલીસ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ મોરબી તાલુકા પોલીસની સર્વેલન્સ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન બાતમી મળી હતી કે, હુન્ડાઈ ક્રેટા કાર નં. જીજે-૧૦-સીજી-૪૬૩૦માં ગેરકાયદેસર રીતે દેશી દારૂનો જથ્થો ભરી વાંકાનેર તરફથી લાલપર ગામ થઈ મોરબી તરફ આવી રહ્યો છે.

બાતમીના આધારે પોલીસે દરોડો પાડી ક્રેટા કારમાંથી ૭૦૦ લીટર દેશી દારૂ કિ.રૂ.૧,૪૦,૦૦૦/- સાથે આરોપી સલીમભાઈ ઉર્ફે સલો બાબુભાઈ વિકીયાણી રહે. સરાયા તા. ટંકારા વાળાને ઝડપી લેવામાં આવ્યો હતો. આ સાથે પોલીસે રૂ.૪ લાખની ક્રેટા કાર તથા બે મોબાઈલ ફોન કિ.રૂ.૧૫ હજાર મળી કુલ રૂ.૫,૫૫,૦૦૦/-નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પકડાયેલ આરોપીની સઘન પૂછતાછમાં દારૂ મંગાવનાર ઈરફાનભાઈ રહે. મોરબી, સદામભાઈ જામ રહે. મોરબી અને સલીમ ઉર્ફે રાહુલભાઈ પઠાણ રહે. મોરબી વાળાના નામ ખુલતા તેઓને ફરાર દર્શાવી છે.

# વાંકાનેરના કણકોટમાં યુવતીને ભગાડી જવાના મનદુ:ખમાં પિતા-પુત્ર પર હુમલો

## પાંચ શખ્સો સામે ફરિયાદ: ત્રણેય બાપ-દીકરાને ઈજા

**અબતક, ઋષિ મહેતા**

વાંકાનેર તાલુકાના કણકોટ ગામે યુવતીને ભગાડી લઈ જવાના જૂના મનદુ:ખમાં પાંચ શખ્સોએ ધારીયા અને લોખંડના પાઈપ વડે બાપ-દીકરા સહિત ત્રણ વ્યક્તિ પર હુમલો કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

મળતી વિગતો મુજબ, કણકોટ ગામમાં રહેતા નિલેશભાઈ અરવિંદભાઈ મકવાણા ઉવ.૨૩એ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની બહેન અસ્મીતાએ આશરે એક વર્ષ અગાઉ રાજકોટના ગોવિંદભાઈ સરવૈયા સાથે પ્રેમલગ્ન કર્યા હતા. ત્યારે અસ્મીતાને ભગાડી લઈ ગયેલ ગોવિંદભાઈના મામા જીવરાજભાઈ નાથાભાઈ સારદીયા કે જેઓ કણકોટ ગામમાં જ રહેતા હોય તેની સાથે મનદુ:ખ ચાલતું હતું. તે દરમિયાન ગઈકાલ તા.૨૮/૦૮ના રોજ કણકોટ ગામના ચોરા પાસે ફરિયાદી નિલેશભાઈ અને તેમના ભાઈ પંકજભાઈ પહોંચતા આરોપી જીવરાજભાઈ નાથાભાઈ સારદીયા, રમેશભાઈ નાથાભાઈ સારદીયા, અલ્પેશ ઉર્ફે કિશનભાઈ રમેશભાઈ સારદીયા, જયરાજભાઈ જીવરાજભાઈ સારદીયા અને હાર્દીકભાઈ જીવરાજભાઈ સારદીયા સહિતના વ્યકિતઓએ હાથમાં ધારીયું તથા લોખંડના પાઈપ લઈને બંને ભાઈઓ પર તૂટી પડ્યા હતા.

હુમલામાં નિલેશભાઈને માથામાં છ ટાંકા, પંકજભાઈને માથામાં ત્રણ ટાંકા, જ્યારે તેમના પિતા અરવિંદભાઈને માથામાં ઈજા તથા હાથમાં ફ્રેક્ચર થયું હતું. ત્રણેય ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે વાંકાનેર સરકારી હોસ્પિટલમાં લઈ જવાયા બાદ વધુ સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પિટલમાં રિફર કરાયા હતા. હાલ વાંકાનેર તાલુકા પોલીસે પાંચેય આરોપીઓ વિરુદ્ધ બીએનએસ તથા જીપી એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી અને હળવદ પંથકમાં જુગારના પાંચ દરોડા: ૨૯ ઝડપાયા

**અબતક, ઋષિ મહેતા**

મોરબી જીલ્લામાં પોલીસે જુગારની પાંચ અલગ-અલગ રેઈડ કરી હતી. જુગાર રમતા કુલ ૨૯ શખ્સોને ઝડપી લેવામાં આવ્યા છે. કુલ રૂ.૯૬,૫૭૦/-રોકડ રકમ જપ્ત કરી હતી.

પ્રથમ દરોડામાં મોરબી શહેરના શનાળા બાયપાસ તુલસી પાર્ક શેરી નં.૩માં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા કાનજીભાઈ ઉર્ફે કાનાભાઈ સામતભાઈ કુંભારવાડીયા ઉવ.૩૦, દેવદાનભાઈ આયદાનભાઈ કુંભારવાડીયા ઉવ.૪૯, પ્રવિણભાઈ સામતભાઈ બાળા ઉવ.૪૦, રમેશભાઈ લાખાભાઈ સવસેટા ઉવ.૩૩, અનીલભાઈ શાંતીભાઈ રેવાભાઈ ગૌસ્વામી ઉવ.૩૬, વિજયભાઈ આયદાનભાઈ મેઘાભાઈ જીલરીયા ઉવ.૩૯, ભરતભાઈ બાબુભાઈ બોરીચા ઉવ.૩૭, ભરતભાઈ છગનભાઈ બીજયાભાઈ ગોગરા ઉવ.૩૭ અને મયુરસિંહ રાજેન્દ્રસિંહ પરમાર ઉવ.૩૬ સહિત ૯ શખ્સોને રોકડા રૂ.૨૪,૩૦૦/-સાથે પકડી લેવામાં આવ્યા હતા.

જ્યારે બીજા દરોડાની મળતી વિગતો મુજબ, મોરબી બી ડિવિઝન પોલીસ મથક વિસ્તારના વીસીપરા લાયન્સનગરમાં તીનપત્તી રમતા અજયભાઈ તળશીભાઈ ચાવડા ઉવ.૪૨, મુનેશભાઈ પ્રેમજીભાઈ ચાવડા ઉવ.૨૯, અજયભાઈ મોહનભાઈ વાઘેલા ઉવ.૪૦, વિક્રમભાઈ પ્રેમજીભાઈ ચાવડા ઉવ.૨૩, દેવજીભાઈ મુકેશભાઈ પરમાર ઉવ.૨૦, શામજીભાઈ ધીરૂભાઈ અગેચણીયા ઉવ.૨૦ અને સવજીભાઈ તુલશીભાઈ વાઢેર ઉવ.૨૪ તમામ રહે. મોરબી વાળાને રંગેહાથ ઝડપી લેવાના આવ્યા હતા. આ સાથે તેઓની પાસેથી પોલીસે રોકડા રૂ.૧૧,૫૫૦/-જપ્ત કર્યા હતા.

જુગારની ત્રીજી રેઈડમાં સામાકાંઠા વિસ્તારમાં ત્રાજપર હડકાઈ માતા વાળી શેરીમાં જાહેરમાં જુગાર રમતા સાવનભાઈ હિતેશભાઈ માલકીયા ઉવ.૨૨ અને તુલસીભાઈ રમેશભાઈ ઉપસરીયા ઉવ.૨૪ને બી ડિવિઝન પોલીસે રૂ.૩,૯૨૦/-ની રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા. જ્યારે ચોથી રેઈડમાં પણ સામાકાંઠા વિસ્તારના ત્રાજપર ગામ સનુરા વાળી શેરીમાં તીનપત્તીનો જુગાર રમતા અમીતભાઈ ભરતભાઈ કુંવરીયા ઉવ.૨૨, રાહુલભાઈ સુરેશભાઈ મકવાણા ઉવ.૩૦ અને સુનીલભાઈ સુરેશભાઈ મકવાણા ઉવ.૩૦ સહિત ૩ શખ્સો રોકડા રૂ.૫,૩૦૦/-સાથે ઝડપાયા હતા.

આ ઉપરાંત પાંચમા દરોડાની વિગતો મુજબ, હળવદ પોલીસે સુસવાવ ગામ પાસે આવેલા વોકળામાં જાહેરમાં જુગાર રમતા લખમણભાઈ રણછોડભાઈ માલકિયા, દિવ્યેશભાઈ મનીષભાઈ માલકિયા, રવજીભાઈ હમીરભાઈ રાઠોડ, સબીરભાઈ ગુલામભાઈ ભટ્ટી, દિનમહમદ ગુલમામદ રાઉમા, મેહુલભાઈ મનસુખભાઈ માલકિયા, સુજલભાઈ નરેશભાઈ માલકિયા અને નરેશભાઈ ગોવિંદભાઈ માલકિયા સહિતનાઓને શખ્સોને રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે તેમની પાસેથી રૂ.૪૧,૫૦૦/-રોકડા જપ્ત કર્યા હતા.

# લુપ્ટેન સિરામિકની લેબર કોલોનીમાંથી સાત મોબાઈલની ચોરી

## મોડી રાત્રે અલગ અલગ ચાર રૂમમાં ઘૂસેલા તસ્કરે શ્રમિકોના મોબાઈલ ઉઠાવી લીધા

**અબતક, ઋષિ મહેતા**

મોરબી તાલુકાના રંગપર-જીવાપર રોડ પર આવેલી લુપ્ટેન સીરામીકની લેબર કોલોનીમાં મોડી રાત્રે અજાણ્યા ચોરે વિવિધ ચાર રૂમમાં પ્રવેશ કરી છ શ્રમિકોના કુલ સાત મોબાઈલ ફોન ચોરી કરી લીધા હતા.

મળતી માહિતી મુજબ, લુપ્ટેન સીરામીકમાં લેબર કોન્ટ્રાક્ટર તરીકે કામ કરતા વિપુલભાઈ પ્રાગજીભાઈ અમૃતીયા ઉવ.૪૩ રહે. જેતપર તા.જી- મોરબી વાળાએ મોરબી તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં ગત તા.૨૭ ઓગસ્ટની રાત્રે શ્રમિકો પોતાના ક્વાર્ટરમાં સૂતા હતા. જે બાદ તા.૨૮ ઓગસ્ટે રાત્રિના સમયે મોબાઈલ ફોન શોધતા કેટલાક શ્રમિકોના મોબાઈલ મળી આવ્યા નહોતા. તપાસ કરતાં લેબર કોલોનીના અલગ-અલગ રૂમમાંથી કુલ સાત મોબાઈલ ચોરાયા હોવાનું સામે આવ્યું હતું.

ચોરીમાં સાહીલભાઈ યાદવ, મનિષકુમાર ઠાકુર, સુનીલકુમાર યાદવ, દેવરાજભાઈ દાવર, ભગીરથ કેવટ અને વીરસિંગ આદિવાસીના એમ સાત નંગ મોબાઈલ કિ.રૂ.૨૯,૦૦૦/- અજાણ્યો ચોર રાત્રિના સમયે લેબર કોલોનીના રૂમોમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી મોબાઈલ ચોરી કરી ગયો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. હાલ તાલુકા પોલીસે બીએનએસની કલમ હેઠળ ગુનો નોંધી અજાણ્યા ચોરની શોધખોળ હાથ ધરી છે.

# કારની અડફેટે બાળકનું મોત

**અબતક, ઋષિ મહેતા**

મોરબીમાં નવાગામ-લીલાપર રોડ પર આજવીટો કંપની સામે રોડ ક્રોસ કરી રહેલા ૭ વર્ષના માસૂમ બાળકને કારની ઠોકરે મોત નિપજ્યું છે.

મોરબી તાલુકાના નવાગામ-લીલાપર રોડ પર ગત તા. ૨૭ ઓગસ્ટના સાંજના સમયે ૭ વર્ષીય અલ્પેશભાઈ રોડ ક્રોસ કરી રહ્યો હતો. તે દરમિયાન ફોરવ્હીલ વાહન નં. જીજે-૩૬-એએલ-૬૧૨૨ના ચાલકે પુરઝડપે અને બેદરકારીથી વાહન ચલાવી બાળકને હડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો. અકસ્માતમાં અલ્પેશને માથાના ભાગે ગંભીર ઈજાઓ સહિત શરીરે ઈજાઓ થતાં તેને મોરબીની ક્રિષ્ના હોસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે મૃતકના પિતા તોફાનભાઈ ઘુમસીંહ ભુરીયા રહે.નવાગામ રોડ સોમનાથ પેપરમીલની લેબર કોલોનીમા તા.જી.મોરબી મૂળ રહે.ગામ-નાગનખેડી તા.રાણાપુર જી. જાંબુઆ(મધ્યપ્રદેશ) વાળાની ફરિયાદના આધારે પોલીસે ફોરવ્હીલ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# છરીની અણીએ લૂંટ કરતી ગેંગ સક્રિય

## મોપેડ પર આવેલી ત્રિપુટીને શ્રમિકોને આંતરી મોબાઈલ અને રોકડ મળી રૂ.૧૧ હજારની લૂંટ ચલાવી

**અબતક, ઋષિ મહેતા**

મોરબીના ભરતનગર પાસે મોડી રાત્રે મોપેડ પર આવેલા ત્રણ અજાણ્યા શખ્સોએ ત્રણ શ્રમિકોને આંતરી છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી બે મોબાઈલ ફોન અને રૂ.એક હજાર રોકડા મળી કુલ રૂ.૧૧ હજારની લૂંટ કરી હોવાની ફરિયાદ નોંધાઈ છે. મોરબી તાલુકાના ભરતનગર ગામ પાસે કે.કે. હોટલેથી કારખાના તરફ પરત ફરી રહેલા રાહુલભાઈ વેલાભાઈ વાલડીયા ઉવ.૧૮ પોલો સર્કલ પેપરમીલની ઓરડીમાં ખોખરા હનુમાન રોડ તા.જી.મોરબી મુળ રહે. મીઠાવીચારણ તા.વાવ જી-બનાસકાંઠા તથા તેમના મિત્રો રાણાભાઈ લક્ષ્મણભાઈ વાલડીયા ઉવ.૧૭ રહે. હાલ સર્કલ પેપરમીલ અને સુરજભાઈ રામદયાલ જાટમ રહે.ભરતનગર કે.કે. હોટલ પાસે સત્વ કંપનીમાં વાળા મોપેડ પર આવેલા ત્રણ અજાણ્યા શખ્સોએ રસ્તામાં આંતરી લીધા હતા. ત્રણેય શખ્સોમાંથી એકે છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી મોબાઈલ અને રોકડની માંગણી કરી હતી.

આ દરમિયાન રાહુલભાઈ અને રાણાભાઈ પાસેથી બે મોબાઈલ ફોન કિ.રૂ.૧૦ હજાર તેમજ રાહુલભાઈના ખિસ્સામાંથી રૂ.એક હજાર રોકડા બળજબરીથી કઢાવી લઈ ત્રણેય શખ્સો બેલા ગામ તરફ નાસી ગયા હતા.

તાલુકા પોલીસે અજાણ્યા ત્રણેય આરોપીઓ સામે છરી બતાવી લૂંટ, ધમકી, હેઠળની કલમો હેઠળ ગુનો નોંધી તપાસની તજવીજ શરૂ કરી છે.

# વાંકાનેર પંથકની સીમમાં બાઈક ચલાવવા બાબતે ૬ શખ્સોએ આતંક મચાવ્યો

## લાકડીઓ વડે શ્રમિકો પર હુમલો કરતા પિતા-પુત્રને ગંભીર ઈજા: અન્ય નવને માર માર્યો

**અબતક, ઋષિ મહેતા**

વાંકાનેરના સરતાનપર ગામની સીમમાં બાઈક ચલાવવા બાબતે બોલાચાલી કરી છ શખ્સોએ લાકડીઓ વડે શ્રમિકો પર હુમલો કર્યો હતો. હુમલામાં ફરિયાદી અને તેના પિતાને માથા તથા આંખના ભાગે ઈજાઓ થઈ હતી, જ્યારે અન્ય ૯ શ્રમિકોને પણ નાના-મોટી ઈજાઓ પહોંચાડી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, સરતાનપર ગામની સીમમાં મોટો સ્લીમ સિરામીક્ની લેબર કોલોનીમાં રહેતા અને મોટો રોલ્સ કારખાનામાં ગ્લેઝ લાઈન વિભાગમાં મજૂરી કરતા અભિષેક હુકમસીંગ રાજપુત ઉવ.૨૨ એ આરોપી વિજય રઘુભાઈ ગોરાલીયા, ગામ ભીમગુડા, તા.વાંકાનેર, જી. મોરબી, તેમજ મુકેશ સુરેશ મગવાનીયા, વિષ્ણુ જુગા મગવાનીયા, સુરેશ વરસીંગ મગવાનીયા, મનહર સુરેશ મગવાનીયા અને જુગા વરસીંગ મગવાનીયા સહિત છ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે ગત તા.૨૭ ઓગસ્ટની રાત્રે ટિફિન આપી બાઈક પર પરત ફરી રહ્યા હતા. દરમિયાન મોટો કારખાના સામે ત્રણ શખ્સો લાકડીઓ સાથે ઉભા રહી મજૂરો સાથે બાઈક ચલાવવા બાબતે ઝઘડો કરતા હતા. આ દરમિયાન ફરિયાદી અભિષેકભાઈ ત્યાંથી પસાર થતા તેને રોકી ગાળાગાળી કરી ઝઘડો કરતા તેણે તેમના પિતાને બોલાવ્યા હતા.બાદમાં ત્રણેય શખ્સોએ લાકડીઓથી અભિષેક તથા તેના પિતા હુકમસીંગને માર મારતા બંનેને માથા તથા આંખના ભાગે ઈજાઓ થઈ હતી. દરમિયાન અન્ય મજૂરો ભેગા થતાં આરોપીઓએ ફોન કરી વધુ ત્રણ શખ્સોને બોલાવ્યા હતા. જેથી ઈકો કારમાં આવેલા અન્ય ત્રણ શખ્સોએ પણ લાકડીઓ વડે મજૂરો પર હુમલો કર્યો હતો. હુમલામાં ફરિયાદીને ડાબી આંખ ઉપર કપાળના ભાગે ત્રણ ટાંકા, જ્યારે તેના પિતાને માથામાં છ ટાંકા આવ્યા હતા. ઉપરાંત અન્ય ૯ શ્રમિકોને પણ હાથ-પગ તથા માથાના ભાગે ઈજાઓ થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા.

# અમરેલીના બાંટવા દેવલી ગામના યુવાનનું અકસ્માતમાં મોત

## લોધિકા પોલીસે વધુ તપાસ હાથ ધરી: પરિવારમાં કલ્પાંત

**અબતક રાજકોટ**

અમરેલી જિલ્લાના બાટવા દેવલી ગામે રહેતા ૨૭ વર્ષીય યુવાન ગઈ કાલે રાત્રે ૯:૦૦ વાગે આસપાસ રાવકી ગામ પાસે ઈજાગ્રસ્ત હાલતમાં પડેલ હોય જેને રાહદારીઓ એ ૧૦૮ મારફતે સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો ત્યાં સારવાર મળે તે પહેલા યુવાને દમ તોડતા ઘટના સ્થળે લોધીકા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગે મળતી માહિતી મુજબ અમરેલી જિલ્લાના બાટવા દેવલી ગામે રહેતા મિલનભાઈ જેન્તીભાઈ કોટડીયા ઉંમર વર્ષ ૨૭ વર્ષીય યુવાન ગઈકાલે રાત્રે ૯:૦૦ વાગે આસપાસ પોતે રાવકી ગામ પાસે અકસ્માતમાં ઈજાગ્રસ્ત હાલતમાં પડેલ હોય જેથી જાગૃત નાગરિક દ્વારા તાત્કાલિક ૧૦૮ ટીમને જાણ કરતા ૧૦૮ મારફતે સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ચાલુ સારવાર દરમિયાન મોત નીપજતા ઘટના સ્થળે લોધીકા પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક પોતે બાઈક નો અકસ્માત થયો હોવાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે યુવાનના મોત થી પરિવારમાં આક્રંદ છવાયો હતો આ અંગે લોધીકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પુનિતભાઈએ વધુ તપાસ હાથ ધરી છે

# ભાડલાના દહીંસરા નજીકથી પાયલોટિંગ સાથે આવતી દારૂ ભરેલી કાર ઝડપાઈ

## બોટાદના રતનપરથી દારૂ લાવી વેંપલો કરે તે પૂર્વે જ રાજકોટનો બુટલેગર દબોચાયો : ૬૮૪ બોટલ શરાબ, કાર મળી. રૂ. ૩.૫૭ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક, રાજકોટ**

ભાડલાના દહીંસરા ગામ નજીક રૂરલ એલસીબી ટીમે દરોડો પાડી પાયલોટીંગ સાથે આવતી દારૂ ભરેલી કાર ઝડપી રાજકોટના બુટલેગરની ધરપકડ કરી હતી. પોલીસે ૬૮૪ બોટલ દારૂ, કાર, મોબાઈલ મળી કુલ રૂ. ૩.૫૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પાયલોટીંગ કરતી બેલડીની શોધખોળ આદરી હતી.

દરોડાની વિગત મુજબ રૂરલ એલસીબી પીઆઈ જે.પી.રાવની રાહબરીમાં પીએસઆઈ પી.એન. ભરવાડ ટીમ સાથે જસદણ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ વિ. એમ.આલ અને કોન્સ્ટેબલ અશોકભાઈ ડાંગરને બોટાદ તરફથી એક દારૂ ભરેલી કાર રાજકોટ તરફ જતી હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે એલસીબીની ટીમે ભાડલાના દહીસરા ગામ નજીક આવેલ વીરપુર ચોકડી પાસે વોચ ગોઠવી હતી. જે દરમિયાન ત્યાંથી પસાર થયેલ કાર નં. જીજે- ૦૩-જે.એલ.૦૦૩૦ ને અટકાવી તેમાં હાજર કાર ચાલકને અટક કરી તેનું નામ પૂછતા પોતે રવિ ભીખુ ગિડા (રહે. રાજકોટ આજી વસાહત, ખોડીયારપરા) હોવાનું જણાવ્યું હતું.

પોલીસની ટીમે કારચાલકને સાથે રાખી કારમાં તપાસ કરતા તેમાંથી અલગ અલગ બ્રાન્ડની ૬૮૪ બોટલ દારૂ મળી આવતા પોલીસે રૂ.૧.૫૨ લાખનો શરાબ અને કાર, મોબાઈલ મળી કુલ રૂપિયા ૩.૫૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

વધુમાં પોલીસે પકડેલ આરોપીની સઘન પૂછપરછ કરતાં જણાવ્યું હતું કે, રાજકોટનો પ્રતિક ઉર્ફે મયુર બાબુ ગીડા અને પૃથ્વી વલકુ ધાંધલ સાથે દારૂ લેવા માટે બોટાદના રતનપર ગામે ગયાં હતા અને ત્યાંથી દારૂનો જથ્થો લઈ પરત રાજકોટ આવવા નીકળ્યા ત્યારે તેની સાથેના પ્રતિક ઉર્ફે મયુર ગીડા અને પૃથ્વી ધાંધલ પોલીસથી બચવા માટે આગળ પાયલોટિંગ કરતાં હતાં. જે પોલીસ પકડમાં ન આવતાં તેની શોધખોળ યથાવત રખાઈ છે.

### ખાખીજાળીયા ગામની વાહવાડી સીમની વાડીમાંથી ૨૨૩ બોટલ દારૂ સાથે ખેડૂતની ધરપકડ : ઝાંઝમેરના સપ્લાયરની શોધખોળ

ખાખીજાળીયા ગામની વાહવાડી સીમમાં પોલીસે દરોડો પાડી ખેતીકામ સાથે દારૂ વેંચતા ખેડૂતને દબોચ્યો હતો. પોલીસે દારૂની ૨૨૩ બોટલ કબ્જે કરી સપ્લાયર ઝાંઝમેર ગામના યોગીરાજસિંહ ચુડાસમાની શોધખોળ આદરી હતી.દરોડાની વિગત મુજબ ભાયાવદર પોલીસ મથકના એએસઆઈ શક્તિસિંહ જાડેજા, કોન્સ્ટેબલનિકુંજભાઈ સુતરીયા, અઝીમભાઈ સમા, સત્યપાલસિંહ જાડેજા અને અજયભાઈ સોરઠીયા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે ખાખીજાળીયા ગામની વાહવાડી સીમ વિસ્તારમા મહાવિરસિંહ ચુડાસમા પોતાની વાડીએ વિદેશી દારૂની બોટલ રાખી વેચાણ કરે છે, જે મળેલ ચોક્કસ બાતમીના આધારે વાડીએ દરોડો પાડતાં ત્યાં હાજર શખ્સનું નામ પૂછતા પોતે મહાવિરસિંહ ટપુભા ચુડાસમા (ઉ.વ.૩૭,ધંધો ખેતી, રહે.ખાખી-જાળીયા ગામ, દરબારગઢ, ઉપલેટા) હોવાનુ જણાવેલ હતું. પોલીસની ટીમે વાડીએ ઓરડીમા તપાસ કરતા અંદરથી બે પ્લાસ્ટીકના બાચકા મળી આવેલ જેમાંથી દારૂની બોટલો મળી આવતાં પોલીસે કુલ દારૂની ૨૨૩ બોટલ રૂ.૪૦ હજારનો મુદ્દામાલ સાથે બુટલેગર મહાવીરસિંહ ચુડાસમાની ધરપકડ કરી હતી. વધુમાં પકડાયેલ આરોપીને દારૂના સપ્લાય અંગે પૂછતા તે દારૂનો જથ્થો ઝાંઝમેર ગામના યોગીરાજસિંહ ચુડાસમા પાસેથી વેચાણ કરવા લઈ આવતો હોવાની કબૂલાત આપતાં પોલીસે સપ્લાયર યોગીરાજસિંહની શોધખોળ આદરી હતી.

## રૂરલ એલસીબી પીએસઆઈ પી એન ભરવાડ ટીમનો દરોડો : પાયલોટીંગ કરતી રાજકોટની બેલડી ફરાર

# ‘અબતક’ મીડિયાના નિર્ભીક ક્રાઈમ રિપોર્ટર ગૌરવરાજસિંહ ગોહિલનો આજે જન્મદિવસ



અબતક મીડિયાના નિર્ભીક અને વિશ્વસનીય પત્રકારત્વની ઓળખ સમાન ક્રાઈમ રિપોર્ટર ગૌરવરાજસિંહ ગોહિલનો આજે શુભ જન્મદિવસ છે.પત્રકારત્વ ક્ષેત્રે ખાસ કરીને ક્રાઈમ રિપોર્ટિંગમાં ગૌરવરાજસિંહે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. ગુનાખોરીના બનાવોની પળેપળની સચોટ માહિતી, કાયદો-વ્યવસ્થાની સ્થિતિ અને પોલીસ તંત્ર સાથે સંબંધિત મહત્ત્વના સમાચારો વાચકો સુધી સૌથી ઝડપી અને નિષ્પક્ષ રીતે પહોંચાડવામાં તેઓ હંમેશા અગ્રેસર રહે છે.પોતાની આગવી સૂઝબૂઝ, નીડરતા અને સમર્પિત કાર્યશૈલી માટે જાણીતા ગૌરવરાજસિંહ ગોહિલને આજે તેમના જન્મદિવસ નિમિતે ‘‘અબતક પરિવાર‘‘ લાખેણી શુભેચ્છા પાઠવે છે. આજે તેઓનો મોં.નંબર ૯૯૭૪૩ ૫૪૨૬૦ પર સ્નેહીજનો અને શુભેચ્છકો તરફથી જન્મદિનની સાદર શુભેચ્છાઓ અને સફળ તેમજ દીર્ઘાયુ જીવનની શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

# કચ્છ જિલ્લામાં ચાર સ્થળોએ જુગાર રમતા ૩૨ શકુની ઝડપાયા

## અંજારના મેઘપર કુંભરડી, વર્ષામેડી અને ગાંધીધામમાં પોલીસે દરોડા પાડી રૂા. ૧.૫૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**





કચ્છ જિલ્લામાં ચાર સ્થળોએ પોલીસે જુગારના દરોડા પાડી ૩૨ શખ્સોની ધરપકડ કરી છે. જેમાં અંજારના મેઘપર કુંભારડી, વર્ષામેડી અને ગાંધીધામ શહેરના કૈલાશ નગરની ઝુપડપટ્ટી તેમજ ગુરૂકુળ વિસ્તારમાં પોલીસે દરોડા પાડી જુગારના પટ્ટમાંથી રોકડા ૧.૫૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગાંધીધામમાં જુગારની પ્રવૃત્તિ સામે એ ડિવીઝન પોલીસે ગળપાદર જિલ્લા જેલ પાછળ કૈલાશનગર ઝૂંપડપટ્ટી નજીક ખુલ્લી જગ્યામાંથી છ આરોપીઓ રમેશભાઈ દેવાભાઈ પરમાર , સુરેશભાઈ નરશીભાઈ કોલી , મનોજભાઈ મશરાજી ભીલ , ઈશ્વરભાઈ લક્ષ્મણભાઈ ઠાકોર, રાજુભાઈ મંગળાજી માજીરાણા અને જયદીપ રમેશભાઈ પરસોડા ઝડપાયા હતા. તેમની પાસેથી રૂા.૧૧,૨૧૦ રોકડા અને ગંજીપાના ૫૨ નંગ કબજે કરવામાં આવ્યા હતા.

બીજી કાર્યવાહી ગુરુકુળ વિસ્તારના વોર્ડ નં. ૧૦-બી/સી નજીક પંકજભાઈ દેવાભાઈ બારોટ , ભરતકુમાર મનસુખભાઈ સોલંકી, રાજુ પ્રહલાદભાઈ તુરી (બારોટ), હરેશ નટવરલાલ સોલંકી, હિતેષ શંકરભાઈ બારોટ, સંજય રમેશભાઈ તુરી , પ્રકાશ બચુભાઈ રાઠોડ, અજય પુંજાભાઈ રાઠોડ, પંકજ સાગરભાઈ સોલંકી, વલકેશ ઈશ્વરભાઈ સોલંકી,ગૌતમ મલાભાઈ બારોટ,ગિરીશ પુંજાભાઈ બારોટ અને રાહુલ દલસુખભાઈ બારોટને રોકડ રકમ ૩૩,૫૩૦ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા.

આ કામગીરી એ ડિવિઝન પીઆઈ એમ.જે રાઠોડ તથા પોલીસ સ્ટાફના માણસો દ્વારા કરવામાં આવેલ છે.

મેઘપર કુંભારડી ખાતે આવેલી મેઘમાયા સોસાયટીમાં જુગાર રમતા રાજેશ કાનજીભાઈ બુચીયા,અમૃતભાઈ વજાભાઈ બારોટ,અરવિંદભાઈ મણીલાલ સીજુ ,દિપક કનૈયાલાલ ભદરૂ,જુસબશા અલીશા શેખ,કાંતીલાલ શામજીભાઈ ઘુડાર,પ્રવીણભાઈ ખેતશીભાઈ ઠક્કર અને હમીરભાઈ આતુભાઈ ઘેડાને ઝડપી રોકડ અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૭૧,૬૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. તે ઉપરાંત વર્ષામેડી ગામની સાંઈ આશિષ સોસાયટીમાં જુગાર રમતા હિરેન શશીકાન્ત જોષી,ખેતા રામજી ભીલ,પૃથ્વીરાજસિંહ ઉર્ફે કાનો નોગુભા જાડેજા,અકરમ સિધીક જીયેજા અને જીત્તેશ રણમલ અખીયાણીને ઝડપી રોકડ અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૩૮,૧૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

# કાંગશિયાળીની કલ્પવન સોસાયટીમાંથી જુગારધામ ઝડપાયું

## પારડી અને પડધરીના ખોડાપીપર સહિત ત્રણ સ્થળોએ જુગાર રમતા ૨૨ ઝડપાયા : ૧.૧૫ લાખનો મુદ્દામાલ કબ્જે



**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં ત્રણ સ્થળોએ જુગારના દરોડા પાડવામાં આવ્યા છે. જેમાં લોધીકા તાલુકાના કાંગશિયાળી ગામની સીમમાં આવેલ કલ્પવન સોસાયટીમાંથી જુગારધામ ઝડપાયું છે. જ્યારે પારડી અને પડધરીના ખોડાપીપર ગામે જુગારના દરોડા પાડવામાં આવ્યા છે. પોલીસે ૨૨ શખ્સોની ધરપકડ કરી ૧.૧૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. વધુ વિગત મુજબ સાતમ-આઠમ પૂર્વે જિલ્લામાં ઠેર ઠેર જુગારની બાજીઓ મંડાણી છે. તેને કડક હાથે ડામી દેવા જિલ્લા પોલીસ વડા એસ.પી. વિજયસિંહ ગુર્જરે આપેલી સુચનાને પગલે શાપર-વેરાવળ પોલીસ મથકના પી.આઈ. આર.બી. રાણા સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ત્યારે કાંગશિયાળી ગામની સીમમાં આવેલ કલ્પવન સોસાયટીના એપ્લાન્ટીસ હાઈટ્સમાં રહેતા ભાર્ગવ રાજેશ ડેડકિયા જુગાર રમાડતા હોવાની મળેલી બાતમીના આધારે પીએસઆઈ વી.જી. જેઠવા અને એએસઆઈ ડી.આર. સરવૈયા સહિતના સ્ટાફ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન જુગાર રમતા ભાર્ગવ ડેડકિયા, દિપક ગોપાલ મારડિયા, મયુર કાંતિ ઘોડાસરા, જયેશ ચંદુ કાલરિયા, નિકુંજ ચિમન ટાંક, ધવલ કાંતિ દેલવાડિયા, કિશન મનસુખ બુટાણી, ચિરાગ દિનેશ પરમાર અને ભાવિન વિનુ આંબલિયાળાની ધરપકડ કરી રોકડ અને મોબાઈલ મળી ૩૮,૭૬૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જ્યારે પાલડી-પડવલા રોડ ઉપર આવેલ વેલનાથ સોસાયટીમાં જુગાર રમતો રોહિત વાલજી રાઠોડ, સુજલ વજુ વેગડા, અનિલ પ્રેમજી ભાસ્કર, ભૌતિક નરસી પરમાર, રાજેશ દેવશી ભાસ્કર અને મિલન જીતેન્દ્ર બાબરિયાની ધરપકડ કરી રોકડ અને પાંચ મોબાઈલ મળી ૪૦ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જ્યારે પડધરી તાલુકાના ખોડાપીપર ગામમાં જાહેરમાં જુગાર રમતા રાજેશ નાથા પીપળિયા, દિનેશ વરજાંગ રબારી, અનિલ અમરશી પીપળિયા, વિપુલ મોહન પટેલ, રવિ દિનેશ પટેલ, નરેન્દ્ર મગન સિંગાળા, નવનીત પ્રેમજી પીપળિયા અને પ્રવિણ ભીખા પટેલની ધરપકડ કરી રૂા. ૩૬,૨૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

# ગોંડલી નદીના રાજવીકાળના બંને બ્રિજ પર કલાકો સુધી ચક્કાજામ: વાહનચાલકો અને પ્રજાજનોને ભારે હાલાકી

## આટકોટ, જસદણ, અમરેલી અને ભાવનગર તરફ જતા વાહનો ગોંડલમાં અટવાયા; ટ્રાફિક સુચારૂ કરવા કાયમી ઉકેલની માંગ:

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**



ગોંડલ શહેરની મધ્યમાંથી પસાર થતી ગોંડલી નદી પર આવેલા રાજવીકાળના બંને બ્રિજ પર આજેરક્ષાબંધન નાં પર્વ માં રાહદારીઓ ની ખાસ્સી અવરજવર વચ્ચે કલાકો સુધી ભારે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. બ્રિજ પર વાહનોની લાંબી લાઈનો લાગી જતાં વાહનચાલકો અને રાહદારીઓ કલાકો સુધી અટવાઈ પડ્યા હતા.

ગોંડલ થઈને આટકોટ, જસદણ, અમરેલી અને ભાવનગર તરફ જતાં તેમજ ત્યાંથી આવતા નાના-મોટા વાહનો ટ્રાફિકમાં ફસાયા હતા. ઉપરાંત ભગવતપરા થી પુલ પર થઈ ગામ માં આવતા કે જતા રાહદારીઓ પણ ટ્રાફિક માં ફસાયા હતા.

રાજવીકાળના પુલ પર એકસાથે ફોર-વ્હીલર, ઓટોરિક્ષા અને માલવાહક વાહનોનો ધસારો વધી જતાં વાહન વ્યવહાર તદ્દન થંભી ગયો હતો. બ્રિજની બંને બાજુ વાહનોની લાંબી કતારો જોવા મળી હતી.

સેન્ટ્રલ સિનેમા ચોક માં પણ ટ્રાફિક જામની અસર થવા પામી હતી.

પોલીસ દ્વારા ભરાતા લોકદરબાર માં ટ્રાફિક સમસ્યાઓ અંગે અનેક રજૂઆતો થઈ છે.પણ પોલીસ તંત્ર ટ્રાફિક સમસ્યા ને જાણે કોઈ મહત્વ આપતી ના હોય શહેર નાં સર્કલો પર ટ્રાફિક પોલીસ નજરે પડતી નથી.જેને કારણે લોકોને રોજીંદા પરેશાની ભોગવવી પડે છે.

મુખ્ય માર્ગોને જોડતા આ રાજવીકાળના બ્રિજ પર અવારનવાર ટ્રાફિકની સમસ્યા સર્જાતી રહે છે. પીક અવર્સ દરમિયાન યોગ્ય ટ્રાફિક નિયમનના અભાવે વાહનચાલકો વચ્ચે ઘર્ષણ અને ચક્કાજામની સ્થિતિ નિર્માણ પામે છે. કલાકો સુધી ચક્કાજામ રહેતાં મુસાફરો, રાહદારીઓ અને વેપારીઓ ભારે પરેશાન થયા હતા. સ્થાનિક લોકોએ આ વિસ્તારમાં કાયમી ટ્રાફિક પોલીસ બંદોબસ્ત ગોઠવવાની પ્રખર માંગ કરી છે.

# ગોંડલ રેલવે સ્ટેશનમાં રાજવી કાળની તકતીનું પુનઃ સ્થાપન : વરસાપ્રેમીઓમાં ખુશીનો માહોલ

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**



ગોંડલનાં રાજવી મહારાજા સર ભગવતસિહ નાં સંભારણા રુપ રાજવી સમય નાં રેલવે સ્ટેશનના નવનિર્માણ અને રિનોવેશનની કામગીરી પુર્ણ થઈ છે. આ કામગીરી દરમિયાન થોડા સમય અગાઉ સ્ટેશન પર મૂકવામાં આવેલી શિલાલેખ સમાન આરસની ઐતિહાસિક તકતીઓ દૂર કરવામાં આવતા અને નુકશાન થતા ભારે વિવાદ સર્જાયો હતો. આ ઘટનાને પગલે ગોંડલ તાલુકા શહેર રાજપૂત યુવક મંડળ અને સ્થાનિક લોકોમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો હતો અને તકતી તેના મૂળ સ્થાને સન્માનપૂર્વક મૂકવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

લોકોની લાગણી અને માંગને ધ્યાનમાં રાખીને અંતે રેલવે તંત્ર દ્વારા હકારાત્મક નિર્ણય લેવામાં આવ્યો છે. ગોંડલ રેલવે સ્ટેશન ખાતે રિનોવેશન દરમિયાન કાઢી નાખવામાં આવેલી આ ઐતિહાસિક તકતીને ફરીથી યોગ્ય સ્થાને પુનઃસ્થાપિત કરી દેવામાં આવી છે.

# વેરાવળ રેલવે સ્ટેશન માસ્ટર એ.ડી. મહાપાત્રની સોમવારે વયમર્યાદા નિવૃત્તિ

## સ્ટેશનોના નવીનીકરણ અને ગૌરવપૂર્વ ટ્રેનોના સંચાલન દ્વારા કરી યશસ્વી કામગીરી

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**



પ્રભાસ - પાટણ યશસ્વી અને કાર્યદક્ષ એવા વેરાવળ રેલવે સ્ટેશનના મુખ્ય સ્ટેશન માસ્ટર એલ.ડી.મહાપાત્ર વયમર્યાદા સબબ તારીખ ૩૧- ૮-૨૦૨૬ ના રોજ સેવા નિવૃત્ત થાય છે ૧૯૯૧ માં રેલવે નોકરીમાં દાખલ થયેલા તેઓ વેરાવળ, તાલાલા,સોમનાથ સહિતના રેલવે સ્ટેશનોમાં ફરજો બજાવી છે તેઓની ૩૫ વર્ષની નોકરીમાં રેલ્વે સ્ટેશનોનો વિકાસ અને નવીનીકરણ બાદ સુપરવાઈઝિંગ સહિત દેખરેખમાં તેઓનું મોટું યોગદાન છે વેરાવળ- સોમનાથને લાંબા ગાળાની જે જે નવી ટ્રેનો કે વેકેશન ટ્રેનો મળી તેના પેપરવર્કને કારણે આ સુવિધાઓ ઘર આંગણા સુધી પહોંચી તમ ટ્રેનો જેવી કે હરિદ્વાર,પ્રયાગરાજ, બાંદ્રા સીધીટ્રેન, બનારસ, વંદેમાતરમ વિગેરે સોમનાથ સ્વાભિમાન પર્વ પ્રસંગે દેશના ૧૨ રાજ્યોમાંથી ખાસ ટ્રેનો આવતી રહેતી હતી જેની વ્યવસ્થા - સંચાલન અને યાત્રિકોનું સન્માન અને સમયસર સંચાલન ઉપલી કચેરી - સ્ટાફ - રેલવે સલાહકાર સમિતિ અને રાજ્ય સરકારના સહયોગથી ઉત્તમ રીતે પાર પાડ્યું.


# જૂનાગઢ રેન્જના આઈ.જી. રાજેન્દ્ર ચુડાસમાનો પરિવાર રમત ક્ષેત્રે નિપુણ

## પત્ની વંદનાબા તથા પુત્ર માનવરાજ નિશાનાબાજી રમત ક્ષેત્રે મેળવી ચુકયા છે રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય એવોર્ડ

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

રાષ્ટ્ર ૨૯ ઓગસ્ટે દેશના મહાન હોકી ખેલાડી જ્ઞાનચંદની જન્મ જયંતીના ઉપલક્ષયમાં રાષ્ટ્રીય સ્પોર્ટ્સ ડે તરીકે ઉજવાય છે ત્યારે એ જાણવું રસપ્રદ થશે કે કોડીનાર તાલુકામાં આવેલું સરખડી ગામની લગભગ ઘર ઘરની યુવતિ- મહિલાઓ વોલીબોલ રમતમાં શ્રેષ્ઠ નીપુણતા મેળવી દેશ અને વિદેશમાં ડંકો વગાડી શિલ્ડ,એવોર્ડ કે સન્માનો મેળવેલ છે. સોમનાથના પ્રભાસ - પાટણ પાસેના ભાલપરા લાટી સહિત વિવિધ ગામોની યુવતીઓએ પણ જુદી - જુદી રમતોમાં વિજેતા બની જિલ્લાનું ગૌરવ વધારે છે

જુનાગઢ રેન્જના પોલીસ આઈ.જી રાજેન્દ્રસિંહ ચુડાસમા શૂટિંગ સ્પર્ધાના વિજેતા કોચ છે અને તેમના જ કોચિંગથી તેમના ધર્મપત્ની વંદનાબા ચુડાસમાએ રાજ્ય- રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડો - સન્માન અને સ્પર્ધાઓમાં ભાગ લીધેલ છે અને રાષ્ટ્રીય સ્તરે રાજ્યનું ગૌરવ વધારેલ છે રેન્જ આઈ.જી ચુડાસમાના પુત્ર માનવરાજ ચુડાસમાએ પણ અમરસન શૂટિંગ એકેડમી મહેમદાબાદ પાસે ખેડામાં ૪૪મી ગુજરાત




સ્ટેટ શૂટિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૫ દરમ્યાન ઈન્ટરનેશનલ મેડલ વિજેતા થયેલ છે કોડીનાર પાસેના ગામડામાં ક્યાંક ક્યાંક રક્ષાબંધન પર્વ પરંપરા સાથે દોડ પણ રખાય છે આમ રમત ગમતનું મહત્વ જળવાઈ રહે છે થાઈલેન્ડમાં યોજાયેલ ૧૬મી એશિયન વોલીબોલ ચેમ્પિયનશિપમાં કોડીનારની ત્રણ દીકરીઓએ ભારતનું પ્રતિનિધિત્વ કરેલ હતું શહેરમાં જેમ જેમ વસ્તી વધતી જાય છે તેમ - તેમ મકાનો - જાહેર સ્થળો બંધાતા જાય છે જેને કારણે યુવા ધનને રમતગમતના મેદાનની અછત ઊભી થાય છે શરીરને તન - મન- ને તંદુરસ્તી રાખતી રમતો સદાય રહેવી જોઈએ તે જરૂરી છે.

# જિલ્લામાં શ્રાવણી જુગારની મોસમ પૂરબહારમાં: ૯ દરોડામાં બે મહિલા સહિત ૪૯ ઝડપાયા

## રોકડ રૂ.૧,૪૧,૬૨૦ મળી રૂ.૨,૭૬,૬૨૦નો મુદ્દામાલ કબ્જે કર્યો: એક ફરાર

**અબતક, જામનગર**

જામનગર જિલ્લામાં જુગારના નવ દરોડા પાડ્યા હતા. બે મહિલા સહિત ૪૯ શખ્સો ઝડપાયા હતા, જ્યારે લાલપુરના એક જુગાર કેસમાં એક આરોપી ફરાર જાહેર થયો છે. પોલીસે આ કાર્યવાહીમાં કુલ રૂ.૧,૪૧,૬૨૦ની રોકડ રકમ ઉપરાંત મોબાઇલ ફોન, બે મોટરસાઇકલ અને અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.૨,૭૬,૬૨૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

દરેડ જીઆઇડીસી ફેઝ-૩માં પ્લોટ નં.૪૩૦૮ સામે જાહેરમાં દરોડો પાડી પોલીસે વર્લી-મટકાના આંકડા લખી પૈસાની હારજીતનો જુગાર રમતા ધર્મેન્દ્રસિંહ ભીખુભા જાડેજા (ઉં.વ.૨૪) અને ગોલુભાઇ ગંધારવભાઇ સૌર (ઉં.વ.૨૫)ને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી રોકડ રૂ.૩,૦૦૦ તથા જુગારનું સાહિત્ય કબજે કરવામાં આવ્યું હતું.

જામજોધપુરના પાટણ ગામ બસ સ્ટેન્ડ પાસે પોલીસે વર્લી-મટકાના આંકડા લખી જુગાર રમતા મુકેશભાઇ આંબાભાઇ બારીયા (ઉં.વ.૨૪)ને ઝડપી પાડ્યો હતો. સરકારી હોસ્પિટલ પાસે દરોડો પાડી વર્લી-મટકાનો જુગાર રમતા રાજુભાઇ નાથાભાઇ મુછાર (ઉં.વ.૨૭)ને ઝડપી પાડવામાં આવ્યો હતો.

સોહીલ ઉર્ફે નાળી મામદભાઇ રાવકરડા (ઉં.વ.૩૦)ને ઝડપી પાડ્યો હતો. નવાગામ-ઘેડ, મધુરમ સોસાયટીમાં પાણીના સંપ પાછળ જાહેરમાં પોલીસે તીનપત્તીનો જુગાર રમતા રામદેવસિંહ રતુભા ગોહિલ (ઉં.વ.૩૯), અફજલભાઇ લતીફભાઇ ખફી સુમરા (ઉં.વ.૨૭), ધર્મેન્દ્રસિંહ પોલુભા જાડેજા (ઉં.વ.૩૩), હમીદભાઇ હુશેનભાઇ ગુમરા ખત્રી (ઉં.વ.૨૬), મયુરભાઇ દેવશીભાઇ આલ રબારી (ઉં.વ.૪૦), રંજનબેન ઉર્ફે મંજુબેન છગનભાઇ પરમાર (ઉં.વ.૩૭) અને આનંદબા લખમણજી ભુરભા વાઢેર (ઉં.વ.૨૮)ને ઝડપી પાડ્યા હતા.

આ દરોડામાં રોકડ રૂ.૬૧,૦૦૦, મોબાઇલ ફોન નંગ-૩ કિંમત રૂ.૨૫,૦૦૦ તથા બે મોટરસાઇકલ કિંમત રૂ.૧ લાખ મળી કુલ રૂ.૧,૮૬,૦૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. મોટી ખાવડી ગામમાં વિનાયક પેટ્રોલ પંપ પાછળ જુગાર રમતા મુકેશભાઇ મોતીભાઇ વાજા (ઉં.વ.૪૫)ને ઝડપી પાડ્યો હતો. સીટી-એ ડિવિઝન પોલીસે મોરકંડા રોડ સેટેલાઇટ પાર્ક સામે જંગલીપીર રોડ પર ૬૬ કે.વી. લાઇન પાસે દરોડો પાડી તીનપત્તીનો જુગાર રમતા રાહુલ કિશોરભાઇ માડવીયા, શંકર જગદીશભાઇ દેગામા, અનીલ રાજેશભાઇ વાઘોણા, જયેશ મનુભાઇ પાટડીયા, વિજય રમેશભાઇ વિરમગામા, મેહુલ અમરશીભાઇ ધારેવાડીયા અને હપાલસિંહ નવલસિંહ ઝાલાને ઝડપી પાડ્યા હતા. આ સાત આરોપીઓ પાસેથી રોકડ રૂ.૧૦,૦૫૦ તથા ગંજીપાનાના પાના કબજે કરવામાં આવ્યા હતા.

રણજીતસાગર રોડ પર રઘુવીર પાર્ક પાછળ અટલ આવાસ પાસે જુગાર રમતા હરીશ રમણીકભાઇ ચુડાસમા, બાલાભાઇ ઉર્ફે અક્ષય નાથાભાઇ ગોસ્વામી, તુલસી રમેશભાઇ રાણ, લાલાભાઇ કનુભાઇ સોલંકી, નરેશભાઇ કરશનભાઇ કદવાતર, નાનુભા રામસંગજી જાડેજા, પ્રકાશભાઇ નવલભાઇ ઝાલા, વિજયભાઇ ભુપતભાઇ ગજરા, ભાવીન રમેશભાઇ મુંજાલ અને મિલનભાઇ ઉર્ફે ભુરો હરીશભાઇ ચાંદ્રાને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી રોકડ રૂ.૧૦,૨૪૦ તથા ગંજીપાનાના પાના મળી આવ્યા હતા. કાલાવડના ખરેડી ગામે જુગાર રમતા કેશુભાઇ ખીમજીભાઇ ઘાડીયા, ભરતભાઇ રમેશભાઇ ગીણોયા, અશોકભાઇ ધીરજભાઇ ગીણોયા, રાજેશભાઇ કાળુભાઇ ઠુમ્મર, સંગ્રામભાઇ કાનાભાઇ બાંભવા, ખેતાભાઇ ભીખાભાઇ ભુંડીયા અને જીતેશભાઇ પ્રેમજીભાઇ સિંગાળા સામે કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે તેમની પાસેથી રોકડ રૂ.૧૯,૦૦૦ તથા ગંજીપાનાના પાના કબજે કર્યા હતા.

લાલપુરના ઉગમણી સીમ જુગાર રમતા કિરણ કુરજીભાઇ ભાલોડીયા, અરજણ કરાભાઇ ગોજીયા, જયેશ રમણીકભાઇ વીરપરીયા, સંજય ગંગાભાઇ અઘેરા, રાજેશ કરશનભાઇ ભાલોડીયા અને ભરત મગનભાઇ રાબડીયાને ઝડપી પાડવામાં આવ્યા હતા.

આ દરોડામાં હીરેન ઉર્ફે ધણી વિનોદભાઇ રાબડીયા ફરાર હોવાનું નોંધાયું છે. પોલીસે રોકડ રૂ.૨૭,૪૫૦ તથા ગંજીપાનાના પાના કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# બગસરામાં શિવાગ્રુપ દ્વારા લોકગાયક પ્રદીપદાન ગઢવીને ઝવેરચંદ મેઘાણી એવોર્ડ અર્પણ

## રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૩૦મી જન્મજયંતિ નિમિત્તે યોજાયેલા સમારોહમાં લોકસાહિત્ય અને લોકગીતોની રમઝટ સાથે મેઘાણીજીના જીવન-કવનને યાદ કરાયું

**અબતક રાજકોટ**

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીજીની ૧૩૦મી જન્મજયંતિ નિમિત્તે બગસરામાં શિવાગ્રુપ દ્વારા ગુજરાતના ખ્યાતનામ લોકગાયક પ્રદીપદાન ગઢવીને ઝવેરચંદ મેઘાણી એવોર્ડ અર્પણ કરવાનો સમારોહ યોજાયો હતો. અરવિંદભાઈ મણિયાર ભવન ખાતે રવિનભાઈ ડોડિયાના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ સમારોહમાં સાહિત્યપ્રેમીઓ, સામાજિક આગેવાનો તથા રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.સમારોહ દરમિયાન રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીજીની અમર રચનાઓ અને લોકગીતોની કલાકારો દ્વારા મનમોહક રજૂઆત કરવામાં આવી હતી. મેઘાણીજીના લોકસાહિત્યની વિવિધ રચનાઓની રજૂઆતથી સમગ્ર વાતાવરણ લોકસંસ્કૃતિના



રંગે રંગાયું હતું. ઉપસ્થિત સાહિત્યરસિકોએ લોકગીતોની રમઝટ માણી હતી. આ પ્રસંગે ઝવેરચંદ મેઘાણીજીના જીવન અને સાહિત્યસર્જનને યાદ કરી તેમની ગુજરાતી લોકસાહિત્ય ક્ષેત્રે રહેલી અમૂલ્ય પ્રદાનને બિરદાવવામાં આવ્યું હતું. મેઘાણીજીની લોકસંસ્કૃતિને જીવંત રાખવામાં લોકગાયકો અને કલાકારોની ભૂમિકા અંગે પણ ઉપસ્થિત મહાનુભાવોએ અભિપ્રાય વ્યક્ત કર્યા હતા.

સમારોહમાં ગુજરાતના જાણીતા લોકગાયક પ્રદીપદાન ગઢવીને તેમની લોકસંગીત ક્ષેત્રની કામગીરી બદલ ઝવેરચંદ મેઘાણી એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. એવોર્ડ પ્રાપ્ત થતાં પ્રદીપદાન ગઢવીનું ઉપસ્થિત મહાનુભાવોએ અભિનંદન કરી સન્માન કર્યું હતું.સમગ્ર કાર્યક્રમનું આયોજન શિવાગ્રુપના પ્રમુખ નિતેષ ડોડિયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સાહિત્યરસિકો તથા વિવિધ ક્ષેત્રના આગેવાનો જોડાયા હતા.

# રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જન્મ જયંતિએ મેઘાણી વંદના કાર્યક્રમ યોજાયો



**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**

મહાત્મા ગાંધીએ જેમને રાષ્ટ્રીય શાયરના ગૌરવભર્યા બિરૂદથી નવાજેલા તેવા સાહિત્યકાર, લોકસાહિત્યના સંશોધક, પત્રકાર અને સ્વાતંત્ર્ય સેનાની તથા પોતાને પહાડનું બાળક તરીકે ઓળખાવનાર ઝવેરચંદ મેઘાણીની ૧૩૦મી જન્મજયંતી અવસરે એમની જન્મભૂમિ ચોટીલા (જિ. સુરેન્દ્રનગર) ખાતે મેઘાણી વંદના - સ્મરણાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નવી પેઢી આપણી ગૌરવવંતી સંસ્કૃતિ-સાહિત્યની મહામૂલી વિરાસતથી વધુ નિકટથી પરિચિત-પ્રેરિત થાય તેમજ રાષ્ટ્ર-ભાવના અને જીવન-મૂલ્યોનું સંસ્કાર-સિંચન થાય તે આશયથી ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી નાનકભાઈ મેઘાણી સ્થાપિત ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન દ્વારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી જન્મસ્થળ સ્મારક તથા સંગ્રહાલય ખાતે આ પ્રેરક આયોજન કરવામાં આવેલું.

રાજકોટ લોકસભા સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા અને ખ્યાતનામ લોકગાયક અભેસિંહ રાઠોડ ઉપરાંત ભાજપ શહેર પ્રમુખ રવિરાજભાઈ ખાચર, નગરપાલિકા પ્રમુખ લલિતભાઈ જાદવ અને ઉપપ્રમુખ પ્રતાપભાઈ ખાચર, મેરૂભાઈ ખાચર, ભૂપતભાઈ ખાચર, પ્રદીપભાઈ ખાચર, બેચરભાઈ પરમાર, વરૂણ વનના પ્રણેતા બ્રીજભાઈ અને મીનાબેન ઠક્કર (દિલ્હી), શિક્ષણવિદ કિરીટસિંહ રહેવર (મામા), સંગ્રહાલયના આસી. ક્યુરેટર મિલનભાઈ પરમાર અને ફઝલભાઈ ચાવડા, વન વિભાગના વનરક્ષક મયુરભાઈ ગોહિલ અને વનપાલ અરૂણદીપ રવિભાણ, નેશનલ યુથ પ્રોજેકટના રાજેશભાઈ ભાતેલીયા, ભરતભાઈ કારાણી (દુબઈ), ચિરાગભાઈ અને અતુલભાઈ કોટક, વાલજીભાઈ પિત્રોડા સહિત મોટી સંખ્યામાં વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ, સાહિત્ય-પ્રેમીઓ અને મેઘાણી-ચાહકો ઉપસ્થિત રહ્યાં હતાં.

# દ્વારકાધીશ મંદિરની ધજા ચડાવવાની ડુપ્લીકેટ પહોંચ "ધાબડનારો" ઝડપાયો

## જ્ઞાતિ સંસ્થાના નામે કથિત ખોટી પહોંચ બનાવી તેમાં ખોટી સહી કરી સાચી તરીકે ઉપયોગ કરનાર શિવમ ઠાકરની ધરપકડ

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકાધીશ મંદિરના શિખરે ધ્વજાજી ચડાવવા માટે જ્ઞાતિ સંસ્થાના નામની કથિત બનાવટી પહોંચથી રૂ.૧.૦૨ લાખ મેળવ્યાની ફરિયાદ દ્વારકા પોલીસ મથકે નોંધાઈ છે. પોલીસે ટી.વી. સ્ટેશન વિસ્તારમાં રહેતા શિવમ દિપકભાઈ ઠાકરની અટક કરી વધુ તપાસ હાથ ધરી છે.

બરડીયા ગામના ધવલભાઈ વિનોદભાઈ દેવપુરારીની ફરિયાદ મુજબ, આરોપીએ મહિલા સાહેદને દ્વારકાધીશ મંદિરના શિખરે ધ્વજાજી ચડાવવાના નામે વિશ્વાસમાં લીધાં હતાં. આરોપીએ સમસ્ત ગુગળી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ દ્વારકા સંસ્થાના નામની કથિત ખોટી અને બનાવટી પહોંચ બનાવી, તેમાં ખોટી સહી કરી સાચી તરીકે ઉપયોગ કર્યાનો આરોપ છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ ધ્વજાજીની બે પહોંચ પેટે રૂ.૫૧,૦૦૦ લેખે કુલ રૂ.૧,૦૨,૦૦૦ મેળવી આર્થિક લાભ લીધો હતો. આ રીતે સાહેદ તથા જ્ઞાતિ સંસ્થા સાથે કથિત વિશ્વાસઘાત અને છેતરપિંડી આચર્યાનો ફરિયાદમાં ઉલ્લેખ છે.

દ્વારકા પોલીસે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૩૧૬(૨), ૩૧૮, ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૬(૪), ૩૩૮ અને ૩૪૦ હેઠળ ગુનો નોંધ્યો છે. ૨૭ ઓગસ્ટે બપોરે ૩:૩૦ વાગ્યે ગુનો નોંધાયા બાદ પોલીસે એ જ રાત્રે ૯:૧૦ વાગ્યે આરોપીની અટક કરી હતી. પો.સબ.ઈન્સ. નરેન્દ્રસિંહ સુરુભા ગોહિલ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# ગાંધીધામ નજીક કવાર્ટરમાંથી દારૂની ખાલી બોટલ પકડાતા ખળભળાટ

## એલ.સી.બી.એ દરોડો પાડી બેને દબોચ્યા: કડી મેળવવા તપાસનો ધમધમાટ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

આદિપુરમાં કથિત ડુપ્લીકેટ દારૂ ફેક્ટરીનો મામલો સામે આવ્યા બાદ પૂર્વ કચ્છમાં વધુ એક ચોંકાવનારી કાર્યવાહી સામે આવી છે. ગાંધીધામ એલસીબીની ટીમે ગોડાઉન તરીકે ઉપયોગમાં લેવાતા સ્થળેથી મોટી સંખ્યામાં ખાલી દારૂના કવાર્ટર ઝડપી પાડ્યા હોવાનું જાણવા મળ્યું છે.

આ કાર્યવાહીમાં ભારતનગર વિસ્તારના બે આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. આ ખાલી કવાર્ટર કયાંથી આવ્યા, કોણે મંગાવ્યા અને તેમાં ડુપ્લીકેટ દારૂ ભરી સપ્લાય કરવાની કોઈ યોજના હતી કે કેમ તે સહિતની સમગ્ર કડી અંગે એલસીબી દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી છે.

# આદિપુરના ડુપ્લીકેટ દારૂ કેસમાં વધુ ૨ આરોપીઓ રાજસ્થાનથી ઝડપાયા

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

આદિપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ડુપ્લીકેટ દારૂ બનાવવાના ગુનામાં એલસીબી પૂર્વ કચ્છ ગાંધીધામ અને આદિપુર પોલીસને વધુ સફળતા મળી છે. ટેકનિકલ સર્વેલન્સ અને ખાનગી બાતમીના આધારે પોલીસે રાજસ્થાનમાંથી શેરસિંહ દયારામ જાટ અને કોમલસિંઘ બાબુસિંઘ જાટ નામના બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. તા. ૨૫ ઓગસ્ટે નોંધાયેલા આ ગુનામાં અગાઉ બે આરોપીઓની ધરપકડ કરી તેઓના ૩ સપ્ટેમ્બર સુધી ૯ દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મેળવવામાં




આવ્યા હતા. તપાસ દરમિયાન વધુ આરોપીઓના નામ સામે આવતા પોલીસની અલગ-અલગ ટીમો દ્વારા તપાસ અને શોધખોળ હાથ ધરવામાં આવી હતી. આ કેસને વધુ તપાસ પોલીસ દ્વારા ચાલુમાં છે.

(પહેલા પાનાનું ચાલું)

### નેપાળ...

સંકટ અને ટૂંકા ગાળે અચાનક પૂરનું જોખમ વધી રહ્યું છે. રિપોર્ટ અનુસાર, હિમાલયના ૩૮ મોનિટર કરાતા ગ્લેશિયર્સમાંથી માત્ર ૭ જ વૈશ્વિક માપદંડો મુજબ તપાસાય છે. કારાકોરમ, સિક્કિમ, ઝાંસ્કર અને ભૂતાન જેવા વિશાળ વિસ્તારો હજુ પણ મોટાભાગે મોનિટરિંગ વિનાના છે. નદીઓ અને પૂર દેશોની સરહદો ઓળખતા ન હોવાથી ભારત, નેપાળ અને ચીન જેવા પડોશી દેશો વચ્ચે રિયલ-ટાઈમ ડેટા શેરિંગ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે સંયુક્ત નીતિ અનિવાર્ય હોવાનું નિષ્ણાતોએ ભારપૂર્વક જણાવ્યું છે.

### વોર્નિંગ લેબલ...

કરતી વખતે સ્વાસ્થ્ય માટે હાનિકારક તત્વોની સરળતાથી ઓળખ કરી શકશે.ઉદ્યોગોને તેમના ઉત્પાદનોમાં જરૂરી સુધારા કરવા માટે સમય મળી રહે તે હેતુથી આ નવો નિયમ તબક્કાવાર રીતે લાગુ કરવામાં આવશે. ફેઝ ૧ માં એવા ઉત્પાદનોને આવરી લેવામાં આવશે જેમાં બે અથવા વધુ નિર્ધારિત પોષક તત્વોનું પ્રમાણ વધુ હોય. જ્યારે ફેઝ ૨ માં માત્ર એક જ પોષક તત્વ વધુ હોય તેવા ઉત્પાદનો પર પણ ચેતવણી લેબલ લગાવવાનું ફરજિયાત બનશે. જોકે, ઘી, ખાદ્ય તેલ, મીઠું, ખાંડ, ગોળ અને મધ જેવા સિંગલ-ઈન્ગ્રીડિયન્ટ (એક જ ઘટકવાળા) ખાદ્યપદાર્થોને આ સૂચિત ચેતવણીઓમાંથી મુક્તિ આપવામાં આવી છે. આ નિયમો આઈસીએમઆર-એનઆઈએન દ્વારા જાહેર કરાયેલ ડાયેટરી ગાઈડલાઈન્સ ફોર ઈન્ડિયન્સ, ૨૦૨૪ હેઠળ નિર્ધારિત પોષક માપદંડો પર આધારિત છે. ખાસ કરીને બાળકોમાં વધી રહેલી સ્થૂળતાની ચિંતાઓ વચ્ચે સુપ્રીમ કોર્ટના જાહેર સ્વાસ્થ્ય અંગેના અવલોકનોને પગલે આ કાર્યવાહી કરવામાં આવી છે. આ સમગ્ર મામલો એનજીઓ ઉએસ અને અવર હેલ્થ સોસાયટી દ્વારા એડવોકેટ રાજીવ શંકર દ્વિવેદી મારફતે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજી (પીઆઈએલ) થી શરૂ થયો હતો. આ વોર્નિંગ લેબલ સિસ્ટમ કેનેડા અને ચિલી જેવા દેશોમાં અપનાવવામાં આવેલા મોડલથી પ્રેરિત છે.ઉલ્લેખનીય છે કે ૬ રાજ્યોના ૨૮૬૯ પુખ્ત વયના લોકો પર કરવામાં આવેલા એક પ્રયોગમાં જાણવા મળ્યું છે કે લેબલ વગર માત્ર ૩૯.૧ ટકા લોકો જ હાઈ સુગર કે ફેટવાળા ઉત્પાદનોને યોગ્ય રીતે ઓળખી શક્યા હતા. પરંતુ વોર્નિંગ લેબલ સાથે આ આંકડો વધીને ૬૦.૮ ટકા થઈ ગયો હતો. લેબલના કારણે જાગૃતિમાં ૨૧.૭ પોઈન્ટનો સીધો વધારો જોવા મળ્યો હતો. ટ્રાફિક લાઈટ અથવા હેલ્થ સ્ટાર રેટિંગ કરતા આ હેક્ઝાગોનલ લેબલ ગ્રાહકોને માહિતગાર કરવામાં વધુ અસરકારક સાબિત થયા છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### વરસાદની આશ...

રીતે કટિબદ્ધ છે.રાજ્યના ૩૦૧ ગામોના ૯૦,૦૦૦ જેટલા પશુધન સુધી ઘાસચારો પહોંચાડવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં સફળતાપૂર્વક ૧૬ લાખ કિલો ઘાસચારાનું વિતરણ પૂરું પાડીને પશુપાલકોને મોટી રાહત આપવામાં આવી છે. રાજ્યમાં ઘાસચારાની કોઈ અછત નથી.સરકાર પાસે પૂરતા પ્રમાણમાં જથ્થો ઉપલબ્ધ છે. રાજ્ય સરકાર દ્વારા સૌની યોજના અને સુજલામ સુફલામ યોજના મારફતે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં નર્મદા આધારિત પાઈપલાઈન નેટવર્કથી જોડાયેલા તળાવો અને ડેમોમાં પાણી આપવાની કામગીરી પૂર્ણ ઝડપે શરૂ કરી દેવામાં આવી છે.

પીવાના પાણીની સાથે સાથે ખેડૂતોના હિતને સર્વોપરી રાખીને ઊભો પાક બચાવવા માટે આણંદ અને ખેડા જિલ્લાઓમાં કડાણા ડેમમાંથી સિંચાઈનું પાણી છોડવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.રાજ્યના છેવાડાના વિસ્તારો અને ખેતરો સુધી પાણી પહોંચાડીને પાકને આર્થિક નુકસાનથી બચાવવા માટે પ્રયાસો શરૂ કરી દેવામાં આવ્યા છે.વરસાદ ખેંચતા અમરેલી, કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, પોરબંદર અને જૂનાગઢ જિલ્લામાં માં ૧૦ કલાક વીજળી આપવાનું શરૂ કરવામા આવ્યું છે.માત્ર ૭ જિલ્લાઓ પૂરતા મર્યાદિત નથી. રાજ્યના અન્ય કોઈ પણ જિલ્લામાં જો પાક માટે કે પાણી માટે વધુ વીજળીની જરૂરિયાત ઊભી થશે, તો ત્યાં પણ ૧૦ કલાક વીજળી આપવા માટે રાજ્ય સરકાર પૂરેપૂરી તૈયાર છે.

### તહેવારોની શ્રૃંખલા...

પરંપરા અનુસાર ચૂલા ઠંડા કરવામાં આવે છે. ગુરૂવારે શિતળા સાતમની ઉજવણી કરવામાં આવશે. જયારે શુક્રવારે કૃષ્ણ જન્મોત્સવ અર્થાત જન્માષ્ટમી મહોત્સવ ઉજવાશે. આમ આગામી સોમવારથી શુક્રવાર સુધી સળંગ પાંચ દિવસ વિવિધ તહેવારોની ઉજવણી કરવામાં આવશે. આવતા શનિવારે મંદિરોમાં નંદ મહોત્સવ કે પારણા નોમની ઉજવણી થશે. રક્ષાબંધનના તહેવારના બીજા દિવસે જ વિક એન્ડ શરૂ થઈ જવાના કારણે બજારમાં અત્યારથી તહેવારોની રંગત દેખાવા લાગી છે. જોકે આવતા સપ્તાહની જન્માષ્ટમીના તહેવારોની રંગત બરાબર ઘુટાશે શાળા-કોલેજો અને માર્કેટીંગ યાર્ડમાં રજા પડી જશે. તહેવાર સંદર્ભે બજારોમાં રોશની કરવામાં આવી રહી છે. સાતમ આઠમનાં પરંપરાગત લોકમેળાનો પણ આગામી મંગળ કે બુધવારથી મેળાઓ શરૂ થઈ જશે. રાજકોટના લોકમેળાનો બુધવારથી આરંભ થશે જે સળંગ પાંચ દિવસ સુધી ચાલશે. સાતમ આઠમના લોકમેળાએ સૌરાષ્ટ્રની પરંપરાની આગવી ઓળખ છે.

### જુવેનાઈલ ડાયાબિટીસ.

ઈન્જેક્શન લેવા પડે છે. વંચિત અને આર્થિક રીતે નબળા પરિવારો માટે આ સારવારનો ખર્ચ મોટો આર્થિક બોજ બની રહે છે. અમિતભાઈ શાહના સંવેદનશીલ નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ગાંધીનગર સંસદીય ક્ષેત્રમાં પણ ૦ થી ૧૮ વર્ષના ટાઈપ ૧ જુવેનાઈલ ડાયાબિટીસની સમસ્યા ધરાવતા બાળકોને કેન્દ્ર સરકારની આ દુરંદેશી પહેલ હેઠળ નિઃશુલ્ક ઈન્સ્યુલીનનો લાભ મળે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. જે સંદર્ભે આ બાળકીઓ સહિત ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં આ પ્રકારની સમસ્યા ધરાવતા બાળકોને આજીવન નિઃશુલ્ક ઈન્સ્યુલીન મળી રહે તે માટે સ્ક્રીનિંગ -નિદાન -ઈન્સ્યુલિન/સારવાર - મોનિટરિંગ - ફોલોઅપની સંકલિત વ્યવસ્થા સ્થાપિત કરવામાં આવી છે. અમિતભાઈ શાહે કહ્યું હતુ કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની આ એક ઐતિહાસિક પહેલ છે, કારણ કે અનેક વિકસિત દેશો પણ આવી નિઃશુલ્ક ઈન્સ્યુલીનની વ્યવસ્થા અમલમાં મૂકી શક્યા નથી. કોઈપણ ગરીબ કે મધ્યમવર્ગીય પરિવારના બાળકો માત્ર સારવારના ખર્ચને કારણે જીવનજરૂરી ઈન્સ્યુલીનથી વંચિત ન રહે. આ વિચાર સાથે ડાયાબિટીસગ્રસ્ત બાળકો માટે જરૂરી ઈન્સ્યુલીન ઉપલબ્ધ કરાવવાની આ પહેલ ભાજપાના 'સેવા, સંવેદના અને સુરક્ષા'ના સંકલ્પનું પ્રતિબિંબ છે. આ પ્રસંગે અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, ભાજપા સરકાર માટે જનસેવા માત્ર એક જવાબદારી નથી, પરંતુ સંવેદનશીલ શાસનનો મૂળમંત્ર છે. દીકરીનું સ્વાસ્થ્ય સુરક્ષિત હશે તો જ પરિવાર અને સમાજનું ભવિષ્ય સુરક્ષિત રહેશે. રક્ષાબંધનના પવિત્ર પર્વે દીકરીઓને નિઃશુલ્ક ઈન્સ્યુલીન આપવાની આ પહેલ 'દીકરીની રક્ષા અને દીકરીના સ્વાસ્થ્ય' પ્રત્યેની ભાજપાની પ્રતિબદ્ધતાનું પણ પ્રતીક છે. શાહે ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્રની ભાજપા સરકાર દ્વારા આરોગ્ય ક્ષેત્રે કરવામાં આવેલા સતત પ્રયાસોના પરિણામે આજે દેશના સામાન્ય નાગરિક સુધી આરોગ્ય સેવાઓ વધુ સુલભ બની રહી છે. ગુજરાતમાં પણ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર કેન્દ્રની જનકલ્યાણલક્ષી યોજનાઓને અસરકારક રીતે લોકો સુધી પહોંચાડવા માટે સતત કાર્યરત છે. રક્ષાબંધનના પવિત્ર પર્વે દીકરીઓના સ્વાસ્થ્યની રક્ષા માટે લેવાયેલ આ સંકલ્પ ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં 'સેવા પરમો ધર્મઃ'ની ભાવનાને વધુ પ્રબળ બનાવશે.

### રાજકોટથી સ્ટેચ્યુ ઓફ યુનિટી...

જે ડભોઈ, બરોડા, આણંદ અને નડિયાદ થઈ રાત્રે ૧૨.૪૫ કલાકે રાજકોટ પહોચશે જેનું ભાડુ ૭૪૭ રૂપીયા રહેશે. આ ઉપરાંત આજથી રાજકોટ, દાહોદ, રાજકોટ, મોરબી, અને મોરબી-જામનગર વચ્ચે પણ એસી સીટર લકઝરી બસની સુવિધા શરૂ કરવામાં આવી છે. રાજકોટ-દાહોદનું ભાડુ રૂ. ૭૮૪, રાજકોટ-મોરબીનું ભાડુ રૂ.૧૩૦ અને મોરબી-જામનગરનું ભાડુ રૂ.૧૯૪ નિયત કરવામાં આવ્યું છે.રાજકોટ ડિવીઝન દ્વારા હાલ અમદાવાદ, બરોડા, ભૂજ અને નાથદ્વારા રૂટ પર ૧૭ વોલ્વો સીટર, ભાવનગર, ભૂજ, દીવ, ઉના, સુરેન્દ્રનગર, અમરેલી, મોરબી, જામનગર, જૂનાગઢ, મુંદ્રા, મહુવા અને દ્વારકા રૂટ પર ૨૦ એસી સીટર જયારે જામનગર, જૂનાગઢ, મોરબી, રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ તેમજ જૂનાગઢ સોમનાથ રૂટ પર ૨૩ ઈલેક્ટ્રીક બસ દોડાવવામાં આવી રહી છે.

### ટ્રાન્સપોર્ટર ફારૂક મૌલાના...

કિસ્સાઓમાં લાંબા સમય આરોપી હોસ્પિટલમાં રહે છે, જાણે કે તેઓ હોટલમાં રહ્યા હોય. જો કોઈ ડૉક્ટર એવું પ્રમાણપત્ર જારી કરે છે જે અસ્પષ્ટ, ખોટું અથવા ગેરમાર્ગે દોરનારું હોય અને કોર્ટ દ્વારા આવા વર્તન સામે કોઈ કાર્યવાહી કરવામાં ન આવે, તો તેના સમાજ માટે પ્રતિકૂળ પરિણામો આવી શકે છે.સેશન્સ કોર્ટના આદેશને ડોક્ટરે હાઈકોર્ટમાં પડકાર્યો હતો. તબીબના વકીલે દલીલ કરી હતી કે, જામીન અરજીની સુનાવણી કરતી કોર્ટ આવા નિર્દેશો આપી શકતી નથી અને જીએમસીને ડૉક્ટર સામે કાર્યવાહી કરવાનો આદેશ આપવો પણ તેના અધિકારક્ષેત્રમાં નથી. સુનાવણી પછી ન્યાયાધીશ એમ. આર. મેંગડેએ ડૉક્ટરની અરજી સ્વીકારી અને સેશન્સ કોર્ટના આદેશ પર સ્ટે મૂકી વધુ સુનાવણી ૬ જાન્યુઆરી,૨૦૨૭ ના રોજ રાખી છે.

# દુઃખદ અવસાન

## સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ :** શાંતાબેન વિનોદરાય વસા (ઉ.વ.૯૭) તે સ્વ. રશ્મિભાઈ, સ્વ. હસુભાઈ અને કેતનભાઈ વિનોદરાય વસા (શ્રી મહાવીર ઈન્ડસ્ટ્રીઝ, લાતી પ્લોટ, રાજકોટ) તથા ક્રિનાબેન મુકેશભાઈ પારેખના માતા અને પ્રતિકભાઈ રશ્મીભાઈ વસાના દાદી તા. ૨૮ ના રોજ શુક્રવારે અવસાન પામેલ છે.

**રાજકોટ :** મુળ નિવાસી હાલ રાજકોટ, કોકીલાબેન નટવરલાલ પારેખ, (ઉ.વ.૮૬) તે સ્વ. ઈશ્વરલાલ, સ્વ. રમણીકલાલ, સ્વ. હિંમતલાલ, સ્વ. મનહરલાલ, સ્વ. કાંતિલાલના ભાઈ, સ્વ. નટવરલાલ જેઠાલાલ પારેખના પત્ની તથા ઈલેશ અને છાયાના માતા, મીતા અને હિમાંશુભાઈના સાસુ, ભૂમિ રાજ લોઢીયા, રાશી વર્ષીલ શાહના દાદી, નમ્રતાના નાની, સ્વ. કિશોરભાઈ અમૃતલાલ ગોસલિયાના બહેન તા. ૨૬ ને બુધવારના રોજ અવસાન પામેલ છે. તેમનું ઉઠમણું તા. ૩૦ ને રવિવારે સવારે ૧૦:૩૦ કલાકે અને પ્રાર્થનાસભા સવારે ૧૧ થી ૧૨, જૈન ભુવન, ૨૧ ન્યુ જાગનાથ પ્લોટ ડો. યાજ્ઞિક રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** પ્રવીણભાઈ જેઠાલાલ લાખાણી ઉ.વ. ૮૯ તેઓ સ્વ શશીભાઈ, સ્વ રાજુભાઈ તથા પ્રફુલભાઈ અને બહેન જ્યોતિબેન મહેતા તથા વિભાબેન શાહના ભાઈ અને સ્વ સુનિલાબેનના પતિ તેઓ બચુભાઈ શેઠના જમાઈ તથા મીરાબેન પરિમલભાઈ વાઘર, અલ્પાબેન મનોજભાઈ શાહ તથા ઈલેશભાઈ (સનસાઈન ઈન્ડસ્ટ્રીઝ) ના પિતા અને અમીબેનના પિતાતુલ્ય સસરા તેમજ ચીંતન અને યશવીના દાદા, કૌશલ, બિજલ અને શૈલીના નાનાનું અવસાન તા.૨૮/૮/૨૬ના અવસાન પામેલ છે. સદ્ ગતની પ્રાર્થનાસભા રાષ્ટ્રીયશાળા હોલ તા. ૩૧/૮/૨૬ સોમવારના રોજ સવારના ૧૦ થી ૧૨ રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# પ્રભાસપાટણ: પી.એમ. શાળા ખાતે વિદ્યાર્થીઓને બચાવ અને રક્ષણ અંગે મોકડ્રિલ યોજી પ્રશિક્ષીત કરાયા



**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

પે સેન્ટર શાળાના આચાર્ય પરબતભાઈ ઝાખોત્રા તથા શાળાના તમામ શિક્ષકો તથા ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓની ઉપસ્થિતમાં શાળાએ આ કાર્યક્રમ યોજાયો હતો અને શાળાના ધોરણ છ થી આઠ ના વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ આગનું દ્રશ્ય અને તે બુઝાવવા કઈ રીતે કામગીરી કરવાની થતી રહે છે તેનું ડીઝાસ્ટર મેનેજમેન્ટની ગાઈડલાઈન મુજબ નિર્દેશન કરાયું જેમાં આગ લાગે તે સમયે પ્રથમ એલાર્મ વગાડી તમામને સાવચેત કરવા અને આ માટે નિમાયેલી કમિટી નક્કી કરેલ સ્થળે ભેગી થાય પછી પ્રથમ પાણીથી ઝાડની ડાળીઓને ઝુમખાથી સીઓટુ એબીસી પાવડર સિલિન્ડરથી અને રેતી થી પાણી બુઝાવવા આગ ઓલવી નાખવા મહેનત કરવી અને વિભાગવાર ટુકડી આગમાંથી માનવ બચાવવા, આપત્તિ સમયે સુવ્યવસ્થાપન તેમજ પુર, ભૂકંપ, રાસાયણિક અકસ્માત, રોગચાળો ફાટી નીકળે, સુનામી, હિટવેવ, આંધી કે વીજળી પડવી તે સમયે કેવી રીતે બચાવ કામગીરી કરવી તેનું સંબોધન સમજૂતી આપી ભાવિ પેઢીને ભવિષ્યમાં કોઈ આપત્તિ આવે તો તેને માટે સજાગ અને સજ્જ કરાઈ પ્રશિક્ષીત કરાયા.

### રમત ગમત દિવસ નિમિત્તે

# સોમનાથ સંસ્કૃત યુનિ.માં એનએસએસ સ્વયંસેવકોએ 'ખેલો ઈન્ડિયા સંવાદ' કાર્યક્રમનું પ્રસારણ નિહાળ્યું




**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

રમતગમત દિવસ નિમિત્તે, ગીર સોમનાથ જિલ્લામાં ''ખોલો ઈન્ડિયા સંવાદ'' (પીએમ મોદી સાથે રમતગમતની ચર્ચા) નામનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા સંચાલિત સંસ્કૃત કોલેજના એનએસએસ એકમે ''ખોલો ઈન્ડિયા સંવાદ'' કાર્યક્રમનું જીવંત પ્રસારણ કર્યું હતું. એનએસએસ સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન અને પ્રસારણ સમયપત્રક મુજબ સવારે ૧૦:૪૫ થી બપોરે ૧૨:૪૦ વાગ્યા સુધી કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં રમતગમતના મહત્વ પર પ્રકાશ પાડ્યો અને યુવાનોને નવી રમતો શીખવા અને તેમાં ભાગ લેવા માટે પ્રેરણા અને માર્ગદર્શન આપ્યું, જેનાથી ભારત અને તેમના પ્રદેશનું ગૌરવ વધ્યું. પ્રધાનમંત્રીએ ઘણી વિશ્વ કક્ષાની ઈવેન્ટ્સમાં રમતગમતના મહત્વ પર ભાર મૂક્યો જ્યાં આપણા યુવાનો ભાગ લેતા નથી. તેથી, ભારતીય યુવાનોએ તમામ સંગઠિત રમતગમત કાર્યક્રમોમાં ભાગ લેવો જોઈએ અને મેડલ જીતવા જોઈએ. રમતગમત આપણા દિનચર્યાને વ્યવસ્થિત અને ઉર્જાવાન બનાવે છે. આપણા યુવાનો દરેક ક્ષેત્રમાં ભારતનું નામ રોશન કરી રહ્યા છે. સરકાર યુવાનોને સમયસર જરૂરી રમતગમત સુવિધાઓ પૂરી પાડી રહી છે. છેલ્લા ૧૨ વર્ષોમાં, રમતગમતમાં યુવાનોનો રસ વધ્યો છે. આદર્શ રમતવીર તરીકે હાજર રહેલા કવિ બેન વાલાએ વિદ્યાર્થીઓને રમતગમતમાં રસ લેવા માટે પ્રેરણા આપી અને પોતાના અનુભવો શેર કર્યા.

# વડિયા: રક્ષાબંધન પર્વે સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ભૂદેવોએ સ્વાદિષ્ટ ભોજનીયા પિરસાયા

## બ્રહ્મ સમાજના આગેવાનો, વડીલો, બાળકોએ બહોળી સંખ્યામાં ભોજન પ્રસાદનો લાભ લીધો



**અબતક, માહિર સુમરા, વડિયા**

પવિત્ર શ્રાવણ માસના તહેવારો અને ભાઈ-બેનના પવિત્ર પ્રેમ સમાન રક્ષાબંધન (બળદેવ/શ્રાવણી પૂનમ) ના પાવન પર્વની ઉજવણીના ભાગરૂપે સમસ્ત બ્રહ્મ સમાજ, વડીયા દ્વારા એક સ્તુત્ય અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. બ્રાહ્મણ સંસ્કૃતિ અને પરંપરાને જીવંત રાખવાના હેતુથી સમાજના તમામ ભુદેવો માટે સ્વાદિષ્ટ અને શાસ્ત્રોકત ''બ્રહ્મભોજન''ના કાર્યક્રમનું સુંદર આયોજન યોજાયું હતું.

બ્રહ્મભોજનના પ્રારંભ પૂર્વે ભગવાન પરશુરામજી અને ઈષ્ટદેવનું વિધિવત પૂજન-અર્ચના કરવામાં આવ્યું હતું અને સમસ્ત સમાજની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના સાથે મહાઆરતી કરવામાં આવી હતી.

વિત્રતા અને સત્વગુણી ભાવ સાથે તૈયાર કરવામાં આવેલ ભોજન પ્રસાદનો વડીયા ગામ તથા આસપાસના વિસ્તારમાંથી પધારેલા મોટી સંખ્યામાં બ્રહ્મપરિવારો, વડીલો, યુવાનો અને બાળકોએ સાથે બેસીને લાભ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સમસ્ત બ્રહ્મ સમાજ વડીયાના હોદ્દેદારો, કારોબારી સભ્યો અને ભુદેવ યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી. સમાજના દાતાઓ અને કાર્યકરો તરફથી મળેલા આર્થિક તથા સેવાના સરાહનીય સહયોગ બદલ આયોજકો વતી સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ અશ્વિનભાઈ પ્રેમશંકરભાઈ મહેતાએ તમામનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# રામપરા ગામે એસટી બસ શરૂ થતાં ગ્રામજનો અને વિદ્યાર્થીઓમાં ખુશીની લહેર

## કાર્યશીલ સરપંચ બાબુભાઈના સતત પ્રયાસોથી બસોનો નવો રૂટ ફાળવાયો: વિદ્યાર્થીઓને મોટો લાભ




**અબતક, સલીમ પતાણી, કોટડાસાંગાણી**

કોટડાસાંગાણી તાલુકાના રામપરા ગામે આઝાદીના ૮૦ વર્ષ બાદ પણ એસ.ટી. બસની સુવિધા ન હોવાથી વિદ્યાર્થીઓને અભ્યાસ અધવચ્ચે છોડી દેવો પડતો હોય તેવો આ ખૂબ જ જૂનો અને ગંભીર પ્રશ્ન હતો. આ પ્રશ્નને હલ કરવા માટે રામપરા ગામના જાગૃત અને કાર્યશીલ સરપંચ બાબુભાઈ ભલાભાઈ બાબરીયા દ્વારા સતત પ્રયાસો કરવામાં આવ્યા હતા.

સરપંચએ પદ સંભાળ્યા બાદ સૌપ્રથમ સાંસદસભ્ય પરસોત્તમભાઈ રૂપાલાને રૂબરૂ મળી આ અંગેની સઘળી હકીકત જણાવી હતી. સાંસદસભ્યએ આ પ્રશ્નને સત્વરે હકારાત્મક કાર્યવાહી કરી એસ.ટી. બસ ફાળવવાની ખાતરી આપી હતી અને રૂપાલાસાહેબે અંગત રસ લઈને વિદ્યાર્થીઓના ૯?માં તુરંત અમલવારી કરાવી હતી.

આ વિશેષ પ્રયાસોના પરિણામે એસ.ટી. ડેપો, ગોંડલ દ્વારા રામપરા ગામે નવો બસ રૂટ ફાળવવામાં આવ્યો છે, જેનાથી રામોદ, રામપરા અને સતાપર ગામના વિદ્યાર્થીઓ તેમજ ગ્રામજનોને મોટો લાભ મળશે.

વધુમાં, સરપંચશ્રી દ્વારા બપોરે ૧૨:૩૦ વાગ્યે એક રીટર્ન રૂટ ફાળવવામાં આવે તેવી પણ રજૂઆત કરવામાં આવી છે, જેથી વિદ્યાર્થીઓ અને ગ્રામજનોની અવરજવર વધુ સરળ બની શકે.

# વેરાવળ: આજોઠા ખાતે ડો.એમ. બારડ સંકુલમાં વિદ્યાર્થીઓએ માજી સૈનિકોને રાખડી બાંધી કૃતજ્ઞતા વ્યક્ત કરી

## વીર સૈનિકોને વંદન સાથે રક્ષાબંધનની દેશભક્તિ પૂર્વક કરાઈ ઉજવણી



**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

જશુભાઈ ધાનાભાઈ બારડ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ - આજોઠા ખાતે રક્ષાબંધન પર્વની વિશેષ અને દેશભક્તિપૂર્વક ઉજવણી ગીર સોમનાથ જિલ્લા ના માજી સૈનિકો, સૈનિક અધિકારીઓ તથા આજોઠા ગામ ના ગ્રામજનો ની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી.


કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ, રાષ્ટ્રભાવના અને ભારતીય સશસ્ત્ર દળોના વીર જવાનો પ્રત્યે સન્માનની ભાવના વિકસાવવાનો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ હાથે બનાવેલી રાખડી માજી સૈનિકોને બાંધી તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

માજી સૈનિકોના સન્માનથી સમગ્ર શાળા પરિસર દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું. વિદ્યાર્થીઓ માટે આ પ્રસંગ માત્ર રક્ષાબંધનની ઉજવણી પૂરતો સીમિત ન રહેતા દેશની રક્ષા કરનાર વીર જવાનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવાનો અવસર બની રહ્યો હતો.

શાળાના આ કાર્યક્રમમાં શાળા પરિવાર, શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા આમંત્રિત મહેમાનોની ઉપસ્થિતિમાં રક્ષાબંધન પર્વની ભાવનાત્મક અને ગૌરવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી.

# બીએસએફ જવાનોના કાંડે રક્ષાસુત્ર બાંધી દુર્ઘાયુ માટે કરી પ્રાર્થના

## ગાંધીધામ ૯૦ બટાલિયન ખાતે કમાન્ડન્ટ વિજય કુમાર સહિત જવાનો સાથે રક્ષાબંધનની ઉજવણી



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ : ગાંધીધામ ખાતે આવેલી ૯૦ બટાલિયન સીમા સુરક્ષા દળ ખાતે રક્ષાબંધનના પવિત્ર પર્વની લાગણીસભર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, મેયર દિવ્યાબેન નાથાણી, ગાંધીધામ મહાનગરપાલિકાના કોર્પોરેટરો તેમજ વિવિધ સંગઠનોની મહિલા આગેવાનોએ બીએસએફના કમાન્ડન્ટ વિજય કુમાર સહિત જવાનોને રાખડી બાંધી રક્ષાબંધનની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. દેશની સરહદો અને રાષ્ટ્રની સુરક્ષા માટે સતત સજાગ રહી ફરજ બજાવતા જવાનો સાથે બહેન-ભાઈના પવિત્ર સ્નેહનું બંધન આ પ્રસંગે વધુ ગાઢ બન્યું હતું. મહિલાઓએ જવાનોની કાંડે રાખડી બાંધી તેમના ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

# લખતર તાલુકામાં શ્રાવણી પૂનમે બળેવા દોડવાની પરંપરા આજે પણ અકબંધ



**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

લખતર તાલુકામાં અંદર રક્ષાબંધન એટલે કે બળેવના દિવસે બળેવા દોડાવવાની વર્ષો જુની પરંપરા રહેલી છે. જે હાલમાં મોટાભાગે અનેક ગ્રામ્ય વિસ્તારમાં લુપ્ત થઇ ગઇ છે. ત્યારે લખતર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં બળેવા દોડાવવાનો ઉત્સવ આજે પણ અંકબંધ જોવા મળી રહ્યો છે.

શ્રાવણ સુદ પુનમ એટલે કે રક્ષાબંધનના પવિત્ર દિવસે ગામડા ગામોની અંદર બળેવા દોડાવવાની પરંપરા જોવા મળી રહી છે. લુપ્ત થતી આ વર્ષો જૂની પરંપરાને લખતર તાલુકાનાં આદલસર, કડુ જેવા ગામોનાં ગ્રામજનોએ જાળવી રાખી છે જેમાં ચાર મહીના અષાઢ, શ્રાવણ, ભાદરવો, અને આસો એમ ચાર મહીનાના નામ ઉપરથી ચાર યુવાનોને તૈયાર કરવામાં આવે છે. ચારેય બળેવના માથે માટીની માટલી મુકીને ગામના તળાવની અંદર પાંચ પ્રદક્ષીણા ફરી ડુબકી લગાવીને કયા મહીનાના નામની માટલીમાં વધુ પાણી આવ્યું અને કઈ માટલીમાં ઓછુ પાણી આવ્યુ તે જોઈ તેના ઉપરથી આવતા વર્ષનો વરસાદનો વર્તારો નકકી કરવામાં આવે છે. બળેવ તળાવમાં ડુબકી લગાવીને પાછા ફરે ત્યારબાદ માટલી ફોડે છે. તે માટલીમાંથી નીકળતી કાટલીઓ અને ઠીકરીઓ લેવા ગ્રામજનોમાં પડાપડી થાય છે કારણ કે આ માટીના ઘડાઓના ટુકડા લોકો શ્રદ્ધા સાથે પોતાના ઘરે લઈ જાય છે અને અનાજના કોઠારમાં તથા પાણીયારા પર મુકવામાં આવે તો ઘરમાં ધાનના ભંડાર હંમેશા ભરેલા રહેતા હોવાની અને ધાન પણ સડતુ નથી એવી માન્યતા ગ્રામજનોમાં રહેલી છે. ત્યાર બાદ બળેવા બનેલા ચાર યુવાનોની દોડની હરીફાઈ લગાવીને જે હરીફાઈમાં પ્રથમ નંબર આવે તે યુવાનને ગ્રામજનો દ્વારા બનાવામાં આવેલ લાકડાનું હળ પુરસ્કાર રૂપે આપીને સન્માનિત કરવામાં આવે છે.

### રક્ષાબંધન પર્વ અને પૂનમ નિમિત્તે

# બોટાદના ગઢડા ગોપીનાથજી મંદિરે ભક્તો ઉમટયાં





**અબતક, વિપુલ લુહાર, બોટાદ**

બોટાદ જિલ્લાના વિશ્વ પ્રસિદ્ધ અને સ્વામિનારાયણ સંપ્રદાયના અતિ પવિત્રધામ તરીકે જાણીતા એવા ગઢડા ગોપીનાથજીદેવ મંદિર ખાતે પૂનમ અને રક્ષાબંધનના પર્વ નિમિત્તે ભક્તોનું ઘોડાપુર ઉમટી પડ્યુ.ગઢડા ગોપીનાથજીદેવ મંદિર પ્રશાસન દ્વારા આજે રક્ષાબંધનના તહેવાર નિમિત્તે ગોપીનાથજી મહારાજને અસલી હીરા-મણીઓથી જડીત દિવ્ય રત્નમય મુગટ તેમજ તેજસ્વી હીરા જડીત દિવ્ય કુંડળો પહેરાવી દિવ્ય વાઘા પહેરાવવામાં આવ્યા છે. મંદિરના ચેરમેન શાસ્ત્રી હરીજીવનદાસજી સ્વામી દ્વારા આરતી ઉતારવામાં આવી હતી.

### એસજીએફઆઈ વોલીબોલ અન્ડર-૧૭ સ્પર્ધામાં

# તપોવન વિદ્યા સંકુલ આંકોલવાડીના વિદ્યાર્થીઓ જીલ્લામાં દ્વિતીય નંબરે વિજેતા

## ચાર વિદ્યાર્થીઓ સૌરાષ્ટ્ર ઝોન કક્ષાએ ગીર સોમનાથ જીલ્લાનું પ્રતિનિધિત્વ કરશે



**અબતક, આંકોલવાડી:** સ્પોર્ટસઓથોરીટી ઓફ ગુજરાત જિલ્લા રમત-ગમત અધિકારી દ્વારા ૨૦૨૬-૨૭ અંતર્ગત જિલ્લા કક્ષાની વોલીબોલ સ્પર્ધા ૨૭/૦૮/૨૦૨૬ ના રોજ યોજાયેલી હતી. આ અંતર્ગત તપોવન વિદ્યા સંકુલ - આંકોલવાડી ગીરના વિદ્યાર્થીઓએ વોલીબોલ સ્પર્ધામાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરેલ છે. જેમાં સોસા રોહિત, વાઢેર મોહિત, વેગડ સાવન, વાજા પ્રભાકર, ચુડાસમા રૂદ્ર, બારૈયા નયન, જાદવ પિયુષ, વાઢેર મિત, ગોહિલ જતિન, ગોહિલ ક્રિપાલ, વાળા દિગ્વિજય, સોલંકી હાર્દિક હતાં. ઉપરોક્ત ખેલાડીઓએ સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં દ્વિતિય નંબર પ્રાપ્ત કરી હવે પછી આગામી દિવસોમાં સમગ્ર ગીર સોમનાથ જિલ્લાનું પ્રતિનિધિત્વ સૌરાષ્ટ્ર ઝોન કક્ષાએ કરશે. આ બદલ શાળા અને માતા-પિતાનું નામ રોશન કરી અને શાળાના સંચાલક રાજેશભાઈ પાનેલીયા તથા ટ્રસ્ટીઓ તેમજ સમગ્ર સ્ટાફ ગણે ખેલાડીઓ અને કેમ્પસ ડાયરેક્ટર અને રમત-ગમત શિક્ષક ભરતભાઈ બેરાને ખુબ-ખુબ અભિનંદન પાઠવ્યા હતા અને હંમેશા આવી ઉતરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

# અંજાર: નગરસેવિકાઓ દ્વારા બીએસએફ જવાનોને રાખડી બાંધી શુભેચ્છાઓ પાઠવી



## ભાઈ-બહેનના પવિત્ર સ્નેહ અને રક્ષા સાથે દેશ સેવા જોડતી ભાવનાત્મક ક્ષણ સર્જાઈ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

પવિત્ર રક્ષાબંધન પર્વ નિમિત્તે અંજાર નગરપાલિકાની મહિલા નગર સેવિકાઓ દ્વારા ગળપાદર સ્થિત બીએસએફ કેમ્પ ખાતે જઈ દેશની સુરક્ષા માટે ફરજ બજાવતા બીએસએફના જવાનોને રાખડી બાંધી રક્ષાબંધન પર્વની હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે અંજાર નગરપાલિકાના પ્રમુખ ધર્મિષ્ઠાબેન ખાંડેકા તેમજ મહિલા નગર સેવિકાઓ સોનલબેન મહેતા, પ્રીતિબેન માણેક, કલ્પનાબેન ગોર, હર્ષાબેન ચોટારા અને સંદિપાબેન સાકરીયા ઉપસ્થિત રહ્યા હતા. સાથે દિવ્યાંગ ન્યૂઝના બ્યુરો ચીફ જયશ્રીબેન મહેતા પણ જોડાયા હતા. રક્ષાબંધનના આ પાવન પર્વે જવાનોને રાખડી બાંધી તેમના શૌર્ય, સમર્પણ અને દેશસેવા પ્રત્યે સન્માન વ્યક્ત કરવામાં આવ્યું હતું. દેશની સરહદોની રક્ષા કરતા જવાનો સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી કરી સૌએ તેમના સુખ, સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

આજે રાષ્ટ્રીય રમત દિવસ

# ૧૯૨૮થી ૧૯૩૬ સુધી ઓલિમ્પિક્સમાં ભારતનો સુવર્ણ યુગ સર્જનાર હોકીના જાદુગર મેજર ધ્યાનચંદ

## ઓલિમ્પિકમાં સતત ૩ ગોલ્ડ અને ૪૦૦થી વધુ ગોલ કરનાર મેજર ધ્યાનચંદ, જેમની યાદમાં આજે રાષ્ટ્રીય રમત દિવસ તરીકે ઉજવવામાં આવે છે



**અબતક, રાજકોટ**

દેશ દર વર્ષે ૨૯ ઓગસ્ટના રોજ રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણી કરે છે. આ દિવસ હોકીના જાદુગર મેજર ધ્યાનચંદના જન્મદિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે દેશના નામાંકિત લોકોને પુરસ્કાર આપવામાં આવે છે. મેજર ધ્યાનચંદ, જેમની યાદમાં આજે રાષ્ટ્રીય રમત દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

મેજર ધ્યાનચંદને હોકીના જાદુગર કહેવામાં આવે છે. તેનો જન્મ ૨૯ ઓગસ્ટ ૧૯૦૫ ના રોજ ઉત્તર પ્રદેશના અલ્હાબાદ જિલ્લામાં એક રાજપૂત પરિવારમાં થયો હતો. તેમને હોકીના મહાન ખેલાડી તરીકે યાદ કરવામાં આવે છે. તેને હોકીનો જાદુગર કહેવા પાછળનું કારણ મેદાનમાં તેનું પ્રદર્શન છે. તેણે ૧૯૨૮, ૧૯૩૨ અને ૧૯૩૬ વર્ષોમાં ત્રણ ઓલિમ્પિક ગોલ્ડ મેડલ જીત્યા હતા.આ ખેલાડીની સફળતાની વાર્તા અહીં સમાપ્ત થતી નથી. ધ્યાનચંદે પોતાની કારકિર્દીમાં ૪૦૦ થી વધુ ગોલ કર્યા હતા. ભારત સરકારે ૧૯૫૬ માં ધ્યાનચંદને દેશના ત્રીજા સર્વોચ્ચ નાગરિક સન્માન પદ્મ ભૂષણથી સન્માનિત કર્યા હતા. તેથી તેનો જન્મદિવસ એટલે કે ૨૯ ઓગસ્ટ ભારતમાં રાષ્ટ્રીય રમત દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

૧૯૨૮ માં પ્રથમ વખત ઓલિમ્પિક રમવા ગયેલા ધ્યાનચંદે આ સમગ્ર ટુર્નામેન્ટમાં પોતાની હોકીનો એવો જાદુ બતાવ્યો હતો કે, મેદાન પર તેને જોયા બાદ જ વિરોધી ટીમો ડરવા લાગી હતી. ૧૯૨૮ માં નેધરલેન્ડમાં રમાયેલી ઓલિમ્પિકમાં ધ્યાનચંદે ૫ મેચમાં ૧૪ ગોલ કર્યા અને ભારત માટે ગોલ્ડ મેડલ જીત્યો. આ જીત બાદ હજારો લોકોએ બોમ્બે હાર્બરમાં ટીમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું.

ધ્યાનચંદને ૧૯૨૮ ના કરિશ્માનું પુનરાવર્તન કરવામાં કોઈ સમસ્યા નહોતી. ભારતે લોસ એન્જલસમાં ૧૯૩૨ ઓલિમ્પિકમાં જાપાન સામે ૧૧-૧ થી પ્રથમ મેચ જીતી હતી. એટલું જ નહીં, આ ટુર્નામેન્ટની ફાઈનલમાં ભારતે યુએસએને ૨૪-૧ થી હરાવીને વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો, જે બાદમાં વર્ષ ૨૦૦૩ માં તૂટી ગયો હતો. આ ઓલિમ્પિકમાં ભારત ફરી એકવાર ગોલ્ડ મેડલ વિજેતા બન્યું. મેજર ધ્યાનચંદે તેમની છેલ્લી મેચ વર્ષ ૧૯૪૮ માં રમી હતી અને તેમના સમગ્ર કાર્યકાળમાં ૪૦૦ થી વધુ ગોલ કર્યા હતા. જે એક રેકોર્ડ છે.

### ૧૯૩૬ બર્લિન ઓલિમ્પિક્સઃ હિટલરની હાજરી વચ્ચે મેજર ધ્યાનચંદે જર્મનીને ધૂળ ચાટતું કર્યું હતું

અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં અભ્યાસ કરનારા ધ્યાનચંદ માટે આ ઓલિમ્પિક સૌથી યાદગાર બની રહ્યું હતું. ધ્યાનચંદની કેપ્ટનશીપ હેઠળ બર્લિન પહોંચેલી ભારતીય ટીમ પાસેથી ફરી એકવાર ગોલ્ડ મેડલની અપેક્ષા રાખવામાં આવી હતી. ભારતીય ટીમ આ ટુર્નામેન્ટમાં પણ અપેક્ષાઓ પર ખરી ઉતરી અને વિરોધી ટીમોને હરાવીને ફાઈનલમાં પહોંચી. ફાઈનલમાં ભારતને જર્મની તરફથી જર્મન ચાન્સેલર એડોલ્ફ હિટલરની ટીમનો સામનો કરવાનો હતો.આ મેચ જોવા માટે ખુદ હિટલર પણ પહોંચી ગયો હતો. પરંતુ હિટલરની હાજરી અથવા ગેરહાજરી ભારતીય ટીમ અથવા ધ્યાનચંદના પ્રદર્શનને અસર કરતી ન હતી. જોકે આ મેચ પહેલા ભારતીય ટીમ ટેન્શનમાં હતી કારણ કે, અગાઉની મેચમાં ભારતીય ટીમને જર્મની સામે હારનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ મેદાનમાં ઉતર્યા પછી, તે તણાવ જાતે જ ગયો.જર્મનીએ મેચના પહેલા હાફમાં ભારતને એક પણ ગોલ કરવા દીધો ન હતો. આ પછી, બીજા હાફમાં, ભારતીય ટીમે એક પછી એક ગોલ કરવાનું શરૂ કર્યું. જર્મનીએ બીજા હાફમાં પણ એક ગોલ ફટકાર્યો હતો, જે આ ઓલિમ્પિકમાં ભારત સામે એક માત્ર ગોલ હતો. હિટલર મેચ પૂરી થતા પહેલા સ્ટેડિયમ છોડી ગયો કારણ કે તે પોતાની ટીમને હારતો જોવા માંગતો ન હતો. એટલું જ નહીં, આ મેચ દરમિયાન હિટલરે મેજર ધ્યાનચંદની હોકી સ્ટિક પણ તપાસવા માટે કહ્યું હતું.

### આજે દિલ્હીમાં મહાન હોકી જાદુગર ધ્યાનચંદને અપાશે શ્રદ્ધાંજલિ

આજે દેશભરમાં ઉત્સાહભેર 'રાષ્ટ્રીય રમતગમત દિવસ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. ભારતીય હોકીના મહાન જાદુગર મેજર ધ્યાનચંદની જન્મજયંતિ નિમિત્તે દેશભરમાં વિવિધ કાર્યક્રમો દ્વારા તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવશે. દેશમાં રમતગમત પ્રત્યે જાગૃતિ ફેલાવવા અને યુવા પેઢીને રમતો તરફ પ્રોત્સાહિત કરવા માટે આ દિવસ વિશેષ રીતે ઉજવવામાં આવે છે.

# પુણેમાં દવા બનાવતી સિપ્લા કંપનીના યુનિટનું લાઈસન્સ રદ

## દવાના સંગ્રહ, પેકેજિંગ અને રિકોલ પ્રક્રિયામાં ગંભીર ગેરરીતિઓ જોવા મળતા ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન દ્વારા હાથ ધરાઈ કડક કાર્યવાહી

**અબતક, નવી દિલ્હી**

મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન દ્વારા પુણેમાં આવેલી સિપ્લા ફાર્મા એન્ડ લાઈફ સાયન્સિસ લિમિટેડના કેરી એન્ડ ફોરવર્ડિંગ યુનિટનું ડ્રગ સેલ લાઈસન્સ રદ કરવામાં આવ્યું છે. આ કાર્યવાહી દવાના સંગ્રહ, પેકેજિંગ અને રિકોલ પ્રક્રિયામાં ગંભીર ગેરરીતિઓ જોવા મળતા કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ લાઈસન્સ રદ કરવાનો આદેશ ૨૭ ઓગસ્ટથી પુણે જિલ્લાના વાડકી ખાતે આવેલા કંપનીના પ્રાથમિક વેરહાઉસ પર લાગુ કરવામાં આવ્યો છે.

આ અગાઉ જૂન મહિનામાં એફડીએ અધિકારીઓએ કરેલી પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું હતું કે 'રિએક્ટિન પ્લસ' નામની શેડ્યૂલ એચ પ્રિસ્ક્રિપ્શન દવાના પેકેજિંગ પર બિનઅધિકૃત રીતે તેને 'એનાલજેસિક અને એન્ટિપાયરેટિક' તરીકે દર્શાવવામાં આવી હતી. આ તારણોને આધારે, એફડીએએ ૧૧.૧૯ લાખ રૂપિયાની કિંમતનો સ્ટોક જપ્ત કર્યો હતો. અધિકારીઓએ નોંધ્યું હતું કે આવા પ્રમોશનલ દાવાઓ ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ ૧૯૪૦ અને ડ્રગ્સ રૂલ્સ ૧૯૪૫ ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે.

તપાસ બાદ નિયામક દ્વારા કંપનીને બજારમાંથી મિસબ્રાન્ડેડ દવાઓ પાછી ખેંચવાનો (રિકોલ) આદેશ આપવામાં આવ્યો હતો, પરંતુ એફડીએ ના જણાવ્યા અનુસાર કંપની આ આદેશોનું સંપૂર્ણ પાલન કરવામાં નિષ્ફળ રહી હતી. ત્યારબાદ યુનિટની ડિસ્ટ્રિબ્યુશન અને સેલ્સ સિસ્ટમની વધુ તપાસમાં અન્ય અનેક અનિયમિતતાઓ બહાર આવી હતી. જેમાં કોમ્પ્યુટરાઈઝ્ડ સ્ટોક અને વાસ્તવિક ખરીદ-વેચાણના રેકોર્ડ વચ્ચે વિસંગતતાઓ, દવાઓને સીધી જમીન પર રાખવી, અપૂરતા પેલેટ અને રેક સેટઅપ, તેમજ એક્સપાયર થયેલી દવાઓના નિકાલ માટેની ખામીયુક્ત પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે.

આ તમામ ખામીઓ અને રિકોલના આદેશોનું યોગ્ય રીતે પાલન ન થતાં એફડીએ દ્વારા લાઈસન્સ ધારકને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી હતી. આ મામલે એફડીએ કમિશનર તુકારામ મૂંધે એ સ્પષ્ટ કર્યું હતું કે જાહેર સ્વાસ્થ્ય અને દવાની સુરક્ષા, ખાસ કરીને શેડ્યૂલ એચ દવાઓના સંગ્રહ, વેચાણ, જાહેરાત અને વિતરણ અંગે વિભાગ 'ઝીરો-ટોલરન્સ' ની નીતિ ધરાવે છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે દવાઓના ઉત્પાદન અને વિતરણમાં સંકળાયેલી કોઈપણ સંસ્થા દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવશે તો કાયદા મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે.

બીજી તરફ, સિપ્લા ફાર્મા એન્ડ લાઈફ સાયન્સિસએ આ કાર્યવાહીનો વિરોધ કર્યો છે. કંપનીએ જણાવ્યું છે કે તેણે પુણે એફડીએના આદેશ સામે વાંધો ઉઠાવ્યો છે અને હાલમાં આ મામલો ન્યાયાધીન (સબ જ્યુડીસ) હોવાથી વધુ ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો છે. જોકે, સિપ્લાએ સ્પષ્ટતા કરી છે કે નિયમનકારી આદેશમાં તેમની પ્રોડક્ટ્સની સલામતી, ગુણવત્તા અથવા અસરકારકતા અંગે કોઈ ચિંતા વ્યક્ત કરવામાં આવી નથી અને તેનાથી દર્દીઓની સલામતીને કોઈ ખતરો નથી.

# સીએનજીના ભાવમાં રૂ.૩.૮૯નો વધારો આયાતી ગેસ મોંઘો થતા ભાવ સળગ્યાં

## હોર્મુઝની સામુદ્રધુનીમાં અડચણ અને શિયાળા પહેલાં યુરોપ દ્વારા મોટા પાયે સંગ્રહથી વૈશ્વિક બજારમાં અછત સર્જાઈ

**અબતક, રાજકોટ**

ઈન્દ્રપ્રસ્થ ગેસ લિમિટેડ દ્વારા દિલ્હી-એનસીઆરમાં આયાતી લિક્વિફાઈડ નેચરલ ગેસના વધતા ખર્ચને પગલે સીએન્જીના ભાવમાં પ્રતિ કિલો રૂપિયા ૩.૮૯ નો વધારો કરવામાં આવ્યો છે. આ નવા વધારેલા દરો આજથી જ અમલી બની ગયા છે, જેના કારણે હવે રાજધાની દિલ્હીમાં સીએનજીનો નવો ભાવ વધીને પ્રતિ કિલો રૂપિયા ૮૬.૯૮ થઈ ગયો છે. ચાલુ વર્ષ દરમિયાન સીએનજીના ભાવમાં કરાયેલો આ પાંચમો મોટો વધારો છે. આ અગાઉ મે મહિનામાં પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટને લીધે વૈશ્વિક સ્તરે ઊર્જાના ભાવ વધતાં કંપનીએ માત્ર ૧૦ દિવસના ગાળામાં ચાર તબક્કામાં કુલ રૂપિયા ૬ નો ભાવવધારો ઝીંક્યો હતો.

આ તાજેતરના વધારા બાદ નોઈડા અને ગાઝિયાબાદમાં સીએનજીનો ભાવ પ્રતિ કિલો રૂપિયા ૯૫.૫૯, મેરઠમાં રૂપિયા ૯૫.૪૭ અને ગુરુગ્રામમાં રૂપિયા ૯૨.૦૧ ના સ્તરે પહોંચી ગયો છે. અલગ-અલગ રાજ્યોમાં વેલ્યુ એડેડ ટેક્સનું માળખું ભિન્ન હોવાને કારણે શહેરો અનુસાર કિંમતોમાં આ તફાવત જોવા મળી રહ્યો છે. દિલ્હી-એનસીઆરમાં મોટાભાગની ઓટોરિક્ષા, ટેક્સીઓ અને માલવાહક વાહનો આ પર્યાવરણપૂરક બળતણ પર ચાલતા હોવાથી આ નિર્ણયની સીધી અસર પેસેન્જર ભાડા અને માલસામાનની હેરફેરના દરો પર પડી છે. જેના કારણે સામાન્ય અને દૈનિક મુસાફરો માટે પરિવહન વધુ મોંઘું બનવાની શક્યતા ઊભી થઈ છે.

ભાવ વધારા પાછળનું મુખ્ય કારણ હોર્મુઝની સામુદ્રધુનીમાં પશ્ચિમ એશિયાના તણાવ વધવાથી દરિયાઈ કાર્ગોની હેરફેર પર પડેલી ગંભીર અસર છે, જેના લીધે જુલાઈ મહિનાથી આંતરરાષ્ટ્રીય સ્તરે એલએનજીની કિંમતો બમણી થઈ ગઈ છે. એશિયા-જેકેએમ એલએન્જીનો બેન્ચમાર્ક આ વર્ષના ફેબ્રુઆરીમાં પ્રતિ એમએમબીટીયુ લગભગ ૧૧ ડોલર હતો જે ઓગસ્ટમાં વધીને ૨૩.૪ ડોલર પર પહોંચી ગયો છે, જ્યારે યુરોપિયન ટીટીએફ ગેસ બેન્ચમાર્ક પણ ૧૧.૩ ડોલરથી વધીને ૨૩.૩ ડોલર થઈ ગયો છે. આ ઉપરાંત, આગામી શિયાળાની ઋતુને ધ્યાનમાં રાખીને યુરોપિયન દેશો દ્વારા મોટા પાયે એલએનજીનો સંગ્રહ કરવાનું શરૂ કરાતા વૈશ્વિક બજારમાં અછત સર્જાઈ છે, જેણે કિંમતોમાં મોટો ઉછાળો આણ્યો છે.

### ડોલર સામે રૂપિયો ૧૭ પૈસા મજબૂત થયો

વૈશ્વિક નાણાકીય રોકાણના પ્રવાહ અને સરકારી બેંકો દ્વારા વિદેશી ચલણના વેચાણને કારણે ભારતીય નાણાંની સ્થિતિ મજબૂત બની છે અને રૂપિયો ૧૭ પૈસા વધીને બંધ રહ્યો હતો. આ કારોબારી દિવસે ડોલર સામે રૂપિયો ૯૫.૩૭ ના મથાળે બંધ રહ્યો હતો, જે તેના અગાઉના ૯૫.૫૪ ના બંધ ભાવ કરતાં વધુ મજબૂત છે. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિંમત પ્રતિ પીપ ૮૮ ડોલર રહેતા ચલણને વધારાનો ટેકો મળ્યો હતો. સોમવારે ચલણનો વેપાર ૯૫.૨૫ થી ૯૫.૭૫ની સપાટી વચ્ચે રહેવાની શક્યતા વેપારીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

વિશ્વના ઈતિહાસની સૌથી મોટી ઓઈલ ડીલ

# અમેરિકાએ વેનેઝુએલાના ૬૫ અબજ બેરલ ઓઈલ ભંડાર પર નિયંત્રણ મેળવ્યું

## વેનેઝુએલાના વચગાળાના રાષ્ટ્રપતિ સાથે કરાર : અમેરિકામાં હવે પેટ્રોલના ભાવ ઉપરનું દબાણ ઘટશે

**અબતક, નવી દિલ્હી**

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે એક મોટી જાહેરાત કરતા જણાવ્યું હતું કે અમેરિકાએ વેનેઝુએલા સાથે એક ઐતિહાસિક ઓઈલ ડીલ કરી છે. આ કરાર હેઠળ અમેરિકાને દક્ષિણ અમેરિકન દેશ વેનેઝુએલાના ૬૫ અબજ બેરલ ઓઈલ ભંડાર પર સીધું નિયંત્રણ મળશે. સોશિયલ મીડિયા પર આ અંગેની માહિતી આપતા ટ્રમ્પે તેને ''વિશ્વના ઈતિહાસની સૌથી મોટી ઓઈલ ડીલ'' ગણાવી હતી. આ કરાર અમેરિકાના સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રૂબિયો, ડિફેન્સ સેક્રેટરી પીટ હેગસેથ અને વેનેઝુએલાના વચગાળાના રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝ વચ્ચેની લાંબી વાટાઘાટો બાદ નક્કી કરવામાં આવ્યો છે.

આ ઐતિહાસિક ઓઈલ ડીલની જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે લગભગ ૯ મહિના પહેલા અમેરિકન સૈન્યએ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ પર વેનેઝુએલાના તત્કાલિન રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને પકડવા માટે એક ખાસ ઓપરેશન પાર પાડ્યું હતું. માદુરોને અમેરિકામાં લાવવામાં આવ્યા છે અને તેમની પર નાર્કો-ટેરરિઝમ અને ડ્રગ હેરફેરના ગંભીર ફેડરલ આરોપો હેઠળ કેસ ચાલી રહ્યો છે. જાન્યુઆરીમાં માદુરોને સત્તા પરથી હટાવ્યા બાદ તરત જ ટ્રમ્પે અમેરિકન ઓઈલ કંપનીઓને વેનેઝુએલામાં પાછી લાવવા અંગેની દિશામાં કામગીરી શરૂ કરી દીધી હતી.

અમેરિકા માટે આ કરાર અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે કારણ કે હાલમાં ટ્રમ્પ પ્રશાસન સ્થાનિક સ્તરે મોંઘા પેટ્રોલના ભાવને કારણે ભારે દબાણનો સામનો કરી રહ્યું છે. ઈરાનમાં ચાલી રહેલા યુદ્ધને ૬ મહિના વીતી ગયા હોવા છતાં તેનો કોઈ અંત દેખાતો નથી, જેના કારણે ઉર્જા પુરવઠા અંગે ચિંતાઓ વધી છે. ઉર્જા સંકટને પહોંચી વળવા માટે અમેરિકા તેના વ્યૂહાત્મક પેટ્રોલિયમ ભંડારનો ઉપયોગ કરી રહ્યું છે. ઓગસ્ટની શરૂઆતમાં આ ભંડાર ૩૦૦ મિલિયન બેરલથી નીચે આવી ગયો હતો, જે વર્ષ ૨૦૨૬ ની શરૂઆતથી લઈને અત્યાર સુધીમાં ૧૦૦ મિલિયન બેરલનો જંગી ઘટાડો દર્શાવે છે. વેનેઝુએલા વિશ્વના સૌથી મોટા ઓઈલ ભંડાર ધરાવતા દેશોમાંનો એક છે. યુએસ એનર્જી ઈન્ફોર્મેશન એડમિનિસ્ટ્રેશન મુજબ, વેનેઝુએલા પાસે અંદાજિત ૩૦૩ અબજ બેરલ ક્રૂડ ઓઈલનો ભંડાર છે, જે વૈશ્વિક ઓઈલ ભંડારના લગભગ ૧૭% જેટલો થાય છે. વેનેઝુએલાનું મોટાભાગનું ઓઈલ પહેલેથી જ મેપ થયેલું છે, જેથી નવી કંપનીઓને ભંડાર શોધવાની કોઈ મથામણ કરવાની રહેતી નથી. જોકે, વર્ષોથી ખરાબ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કારણે દેશ આ ભંડારને ઉત્પાદનમાં ફેરવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે અને અત્યારે વિશ્વના કુલ ઓઈલ ઉત્પાદનમાં તેનો હિસ્સો માત્ર ૧% જેટલો જ છે.



### માદુરોનું પતન થતા જ ઓઈલ માટે વેનેઝુએલાના દરવાજા ખુલ્યા

નિકોલસ માદુરોના શાસન દરમિયાન અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ હ્યુગો ચાવેઝની નીતિઓને કારણે અમેરિકન ઓઈલ કંપનીઓ માટે વેનેઝુએલાના દરવાજા લગભગ બંધ થઈ ગયા હતા. વિદેશી અને અમેરિકન સંપત્તિઓનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું. જોકે, અમેરિકન મિલિટરી ઓપરેશન બાદ માદુરોની ધરપકડ અને ત્યાં થયેલા સત્તા પરિવર્તનને કારણે અમેરિકાએ પોતાની ઉર્જા જરૂરિયાતો પૂરી કરવા માટે ફરીથી વેનેઝુએલામાં પગપેસારો કરવાની શાનદાર તક ઝડપી લીધી છે. અમેરિકાની આ આક્રમક કૂટનીતિના કારણે હવે તેમના દેશની ઓઈલ કંપનીઓ ફરીથી વૈશ્વિક સ્તરે પોતાનો દબદબો જાળવી શકશે.

### યુદ્ધ વચ્ચે પણ ઉર્જા સંકટ નિવારવા અમેરિકાની વ્યૂહરચના

સતત વધી રહેલા પેટ્રોલના ભાવ અને મધ્ય પૂર્વમાં ઈરાન સાથેના લાંબા યુદ્ધને કારણે અમેરિકાનું એનર્જી રિઝર્વ ઝડપથી ઘટી રહ્યું હતું. વર્ષ ૨૦૨૬ માં રિઝર્વ ૩૦૦ મિલિયન બેરલની અંદર પહોંચી જતાં ટ્રમ્પ સરકાર માટે નવી ઉર્જા નીતિ શોધવી અનિવાર્ય બની ગઈ હતી અને ચૂંટણીના વર્ષમાં આ મુદ્દો ભારે પડી શકે તેમ હતો. વેનેઝુએલાના ૩૦૩ અબજ બેરલના વિશાળ ભંડારમાંથી ૬૫ અબજ બેરલનો સીધો એક્સેસ મેળવીને અમેરિકાએ પોતાના ભવિષ્યના ઉર્જા સંકટનો એક લાંબા ગાળાનો અને અત્યંત પ્રભાવશાળી ઉકેલ શોધી કાઢ્યો છે.

પાણી માટે કરગરતું પાકિસ્તાન

# સિંધુ જળ સંધિ મુદ્દે પાકના આંતરરાષ્ટ્રીય મંચ પર હવાતિયાં

## 'લોહી અને પાણી એકસાથે ન વહી શકે': આતંકવાદ સામે કડક પગલાં વિના સંધિ પુનઃસ્થાપિત નહીં થાય તેવા વલણ પર ભારત અડગ ૨૫ કરોડ લોકોની આજીવિકા સંકટમાં હોવાની દુહાઈ દઈ ઈશાક ડારે વૈશ્વિક સમર્થન માંગ્યું

**અબતક, નવી દિલ્હી**


ભારતે વર્ષ ૧૯૬૦ની સિંધુ જળ સંધિ (સ્થગિત કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધા બાદ ભારે આર્થિક સંકટ અને આંતરરાષ્ટ્રીય સ્તરે એકલવાયા પડી ગયેલા પાકિસ્તાને હવે વૈશ્વિક સમુદાય સમક્ષ ગુહાર લગાવવાનું શરૂ કર્યું છે. અમેરિકા ખાતેના પાકિસ્તાની દૂતાવાસ દ્વારા આયોજિત એક વર્ચ્યુઅલ સેમિનારને સંબોધતા પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડારે આ સંધિની મોકૂફી સામે ગંભીર ચિંતા વ્યક્ત કરી આંતરરાષ્ટ્રીય હસ્તક્ષેપની માંગણી કરી હતી.

ઈશાક ડારે જણાવ્યું હતું કે સિંધુ નદી તંત્ર ૨૫ કરોડ પાકિસ્તાનીઓ માટે જીવનરેખા સમાન છે અને દેશની કૃષિ, ખાદ્ય સુરક્ષા, ઉર્જા અને આર્થિક વ્યવસ્થા સંપૂર્ણપણે તેના પાણી પર નિર્ભર છે. દેશની કથળેલી સ્થિતિનો દોષ ક્લાઈમેટ ચેન્જ અને પાણીની અછત પર ઢોળતા તેમણે ચેતવણીભર્યા સૂરમાં કહ્યું કે પાકિસ્તાનને પાણીથી વંચિત રાખવાના પ્રયાસો પ્રાદેશિક શાંતિ અને સુરક્ષા માટે જોખમી સાબિત થશે. સાથે જ તેમણે જળ સંસાધનોને હથિયાર ન બનાવવાની અપીલ કરી હતી.

બીજી તરફ, નવી દિલ્હીએ પોતાના વલણમાં કોઈ પણ પ્રકારની બાંધછોડ કરવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો છે. જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં ૨૬ નાગરિકોનો ભોગ લેનારા પાકિસ્તાન-પ્રાયોજિત આતંકવાદી હુમલા બાદ ભારતે આ સંધિ સ્થગિત કરી હતી. ભારતે પુનરોચ્ચાર કર્યો છે કે ''લોહી અને પાણી એકસાથે ન વહી શકે''. જ્યાં સુધી પાકિસ્તાન પોતાની ધરતી પરથી ચાલતા સીમાપારના આતંકવાદી માળખાને કાયમી ધોરણે ખતમ નહીં કરે ત્યાં સુધી સિંધુ જળ સંધિ મોકૂફ જ રહેશે. ભારતે સ્પષ્ટ કર્યું છે કે રાજ્ય-પ્રાયોજિત આતંકવાદ ચાલુ રહે ત્યાં સુધી સંસાધનોની વહેંચણી શક્ય નથી અને ભારત કોઈ પણ આંતરરાષ્ટ્રીય દબાણ સામે ઝૂકશે નહીં.

# હવે ઓછા ટાવરથી પણ મળશે વધુ સારું 5G નેટવર્ક

## આ ફેરફાર સાથે ભારત હવે યુરોપિયન યુનિયન, યુકે, ઓસ્ટ્રેલિયા, જાપાન, દક્ષિણ કોરિયા અને સિંગાપોર સહિતના ૧૩૭ દેશોની વૈશ્વિક લાઈન સાથે જોડાઈ ગયું છે



**અબતક, રાજકોટ**

ભારત સરકારે ટેલિકોમ સેક્ટરમાં એક મોટો અને દૂરગામી નિર્ણય લેતા મોબાઈલ નેટવર્ક માટેના ઈલેક્ટ્રોમેગ્નેટિક ફિલ્ડ રેડિયેશન નોમ્ર્સને વૈશ્વિક ધોરણો મુજબ હળવા કર્યા છે. આ નવા નિયમો હેઠળ 5G બેઝ સ્ટેશન માટે પાવર ડેન્સિટીની મર્યાદા પ્રતિ ચોરસ મીટર ૫ વોટથી વધારીને ૧૦ વોટ કરવામાં આવી છે.

આ પગલાથી ટેલિકોમ ઓપરેટરોને ઓછા ટાવર સાથે વધુ વિસ્તારોમાં મજબૂત કવરેજ આપવાની છૂટ મળશે, જે વધતા જતા પ્રશ્ન ડેટા ટ્રાફિક વચ્ચે ગ્રાહકોને ઉત્તમ સર્વિસ ક્વોલિટી પૂરી પાડવા માટે અત્યંત જરૂરી હતું. અગાઉના કડક નિયમોના કારણે 5G ના વિસ્તરણમાં ભારે મુશ્કેલીઓ આવી રહી હતી, જે હવે દૂર થવાની પૂરી સંભાવના છે.

આ ફેરફાર સાથે ભારત હવે યુરોપિયન યુનિયન, યુકે, ઓસ્ટ્રેલિયા, જાપાન, દક્ષિણ કોરિયા અને સિંગાપોર સહિતના આશરે ૧૩૭ દેશોની વૈશ્વિક લાઈન સાથે જોડાઈ ગયું છે. આ નવા નિયમો વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનને સલાહ આપતી આંતરરાષ્ટ્રીય સંસ્થા આઈસીએનઆઈઆરપીના માર્ગદર્શિકા પર આધારિત છે. આ સંશોધિત રેડિયેશન નિયમો આગામી મહિનાથી સત્તાવાર રીતે અમલમાં આવશે.ભારત સરકારનો આ નિર્ણય દેશના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા અને ટેલિકોમ સેક્ટરને આર્થિક રીતે સક્ષમ બનાવવાની દિશામાં એક માઈલસ્ટોન સાબિત થશે. તેનાથી માત્ર નેટવર્કની કાર્યક્ષમતા વધશે નહીં, પરંતુ ડિજિટલ ઈન્ડિયાના વિઝનને સાકાર કરવામાં પણ મોટો વેગ મળશે.

અગ્રણી બિલ્ડર મેરામણ પરમારના મોતમાં ચોંકાવનારો વળાંક!

# કુદરતી મોત નહીં, ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું હોવાનો પરિવારે કર્યો ખુલાસોઃબે સુસાઇડ નોટ મળી

## ૧૫૩ કરોડની ૨૮ મિલકતો પચાવી પાડ્યાનો આક્ષેપઃ વ્યાજ સહિત નાણાં ચૂકવ્યા છતાં વધુ નાણાં માંગી ધાકધમકી આપી આપઘાત કરવા મજબૂર કર્યાનો પુત્ર દેવ પરમારનો આરોપ

## નંદવિદ્યા નિકેતન સ્કૂલનો ૫૦% હિસ્સો લખાવી લીધાનો ઉલ્લેખઃ પાંચ કરોડની રેન્જ રોવર ખરીદનાર બિલ્ડરે ૨૦૨૦માં પણ આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું બહાર આવ્યું

**અબતક, રાજકોટ**

જામનગરના અગ્રણી બીલ્ડર મેરામણભાઈ પરમાર ના મૃત્યુના મામલે પરિવાર દ્વારા ચોંકાવનારો ખુલાસો કરાયો છે, અને તેઓનુ મૃત્યુનો બનાવ આકસ્મિક નહીં, પરંતુ આપઘાત નો હોવાનો ઘટસ્ફોટ કરાયો છે. જામનગરની જમીન-મિલકત અને નાણાંની લેવડદેવડના મામલે બીલ્ડર મેરામણભાઈ પરમાર ને કથિત રીતે માનસિક ત્રાસ આપી આપઘાત કરવા મજબૂર કર્યાના આક્ષેપ સાથે અમદાવાદના વેપારીએ ગાંધીનગરના અડાલજ પોલીસ સ્ટેશનમાં ૧૧ વ્યકિત સામે ફરિયાદ નોંધાવી છે. ફરીયાદ ને હાલાર પંથકનું રાજકારણ આવ્યું છે. મૃતક મેરામણભાઈ પરમાર વર્ષોથી જમીન-મકાનના વ્યવસાય સાથે સંકળાયેલા હતા અને જામનગર સહિતના વિસ્તારોમાં જમીન-મિલકતના વ્યવહારો કરતા હતા.ફરિયાદ મુજબ મેરામણભાઈએ વિવિધ વ્યક્તિઓ પાસેથી નાણાં લીધા હતા અને તેની સામે જમીન-મિલકતના દસ્તાવેજો તેમજ અન્ય વ્યવહારો કરવામાં આવ્યા હતા. નાણાં તથા વ્યાજ પરત ચૂકવ્યા હોવા છતાં આરોપીઓ દ્વારા વધુ નાણાંની માગણી કરી ધાકધમકી આપવામાં આવતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ અંગે મેરામણભાઈએ અલગ-અલગ સુસાઈડ નોટમાં પણ નાણાંની લેવડદેવડ અને મિલકતના વ્યવહારો અંગે વિગતો લખી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે.ફરિયાદમાં વધુમાં જણાવ્યા પ્રમાણે તા.૧૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ મેરામણભાઈએ ઝેરી પદાર્થ પી લેતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. મૃતક મૃતક ના ગાંધીનગર સ્થિત પુત્ર દેવ મેરામણભાઈ પરમારે સમગ્ર બનાવ અંગે ફરિયાદ નોંધાવી છે.આ કેસમાં પોલીસ દ્વારા નાણાંની લેવડદેવડ, જમીન-મિલકતના દસ્તાવેજો તથા સુસાઈડ નોટ સહિતના મુદ્દે તપાસ હાથ ધરવામાં આવી છે.કુલ ૧૫૩ કરોડ થી વધુ ની ૨૮ જેટલી મિલકતો પચાવી પાડયા નો આક્ષેપ છે.



સમગ્ર બનાવની સિલસિલા વાર વિગતો જોઈએ તો ગત ૭મી જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ બિલ્ડર મેરામણભાઈ પરમાર સતત માનસિક તણાવવામાં રહેતા હતા અને પોતાનો ફોન બંધ કરી દીધો હતો ત્યારબાદ ૧૦ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ રાત્રે ગાંધીનગરના અડાલજ ખાતે ગાડી ઉભી રખાવી હતી અને પોતાના ડ્રાઈવરને પાન લેવા મોકલી અને પોતે ઝેરી દવા પી લીધી હતી. તેઓ બેશુદ્ધ થઈ ગયા બાદ પરિવારને જાણ કરતાં તેઓને કે.ડી. હોસ્પિટલમાં લઈ જવાયા હતા, જેના મોઢા પર વાદળી ચીન્હો જોવા મળ્યા હતા, સારવાર દરમિયાન તેઓને મૃત્યુ પામેલા જાહેર કરાયા હતા. જોકે જે તે વખતે પરિવારજનોએ કોઈ કાનૂની કાર્યવાહી કર્યા વિના અંતિમ વિધિ કરી લીધી હતી.પરંતુ ઘટનાના દસેક દિવસ પછી એટલે કે ૨૧ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ મૃતકના પત્નીને બે સ્યુસાઈડ નોટ મળી આવી હતી. એક સ્યુસાઈડ નોટ ૨૯ ડિસેમ્બર ૨૦૨૪ ની તારીખ ની લખેલી હતી, જયારે બીજી સુસાઈડ નોટમાં બે જાન્યુઆરી ૨૦૨૫ ની તારીખની લખેલી હતી. આમ બંને સ્યુસાઈડ નોટ અગાઉથી તેઓએ લખીને રાખી હતી, અને સમગ્ર ઘટના બાદ આખરે દોઢ વર્ષબાદ ગઈકાલે ૨૭ ઓગષ્ટ ૨૦૨૬ ના રોજ પુત્ર દેવ પરમારે ગાંધીનગરના અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં જામનગરના પ્રતિષ્ઠિત મનાતા વાઢેર પરિવાર અને દોમડીયા પરિવારના ૧૧ સભ્યો સામે ગુનો દાખલ કરાવ્યો છે. બંને સુસાઈડ નોટ ની વાત કરવામાં આવે તો પ્રથમ ૨૯ ડીસેમ્બર ૨૦૨૪ ના રોજ લખેલી ચાર પાનાની સુસાઈડ નોટમાં આક્ષેપ કરાયો હતો કે જામનગર ના વ્યાજખોરો ભીખુભા હરીસિંહ વાઢેર, ને તેના પુત્રો ધવલસિંહ, વિરેનૂદ્રસિંહ અને શૈલેન્દ્રસિંહ કે જેઓએ મુદ્દલ અને વ્યાજની તમામ રકમ ત્રણ ટકા લેખે ચુકવી આપી હોવા છતાં સેફટી માટે પોતાના નામે કરાવેલી મિલકતો પરત આપતા નથી ઉપરથી ચક્રવૃદ્ધિ વ્યાજ વસુલી ત્રાસ આપી રહ્યા છે ત્યારબાદ બીજી સુસાઈડ નોટ ૨- જાન્યુઆરી ૨૦૨૫ના લખેલી હતી જેમાં પ્રવીણભાઈ દોમડીયા અને તેના પરિવારે નંદવિદ્યા નિકેતન સ્કૂલની ૫૦ ટકા મિલકતનો દસ્તાવેજ કરાવી લીધા બાદ રૂપિયા ૩.૫૦ કરોડ થી વધુ માંગણી કરી અસમાનસિક ત્રાસ આપ્યાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો સમગ્ર સ્ટેટમેન્ટ અને દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવે તો કુલ ૨૮ જેટલી પ્રોપર્ટી પચાવી પાડયા નું અનુમાન લગાવવામાં આવ્યું છે. જેમાં બેંક સ્ટેટમેન્ટ અને સબ રજીસ્ટર કચેરીના દસ્તાવેજો વગેરે પણ ચકાસવામાં આવ્યા હતા, જેમાં વ્યાજ પેટે લીધેલા નાણા ની સિક્યુરિટી અને જામીનગીરી પેટે વાઢેર પરિવાર જામનગર શહેર, નાઘેડી નગરસિમ અને રાવલસર ગામની સીમમાં આવેલી કુલ ૨૮ કીમતી જમીનો તથા પ્લોટ વગેરેના વેચાણ દસ્તાવેજો પોતાના તથા પોતાના પરિવારની મહિલાઓના નામે કરાવી લીધા જામનગર નજીક ઢીંચડા ગામની સીમમાં આવેલી ૧૭,૦૨૭ ચોરસ ફૂટ જમીન પરની નંદવિજ્ઞાન નિકેતન સ્કૂલ પૈકી ૭,૦૦૨૧ ચોરસ મીટર મિલકત ૫૦% હિસ્સો પ્રવીણભાઈ લખમણભાઈ નાણાકીય રોકાણ સામે સિક્યુરિટી પેટે પોતાના તથા પત્ની કાંતાબેન ના નામે રજીસ્ટર કરાવી દીધો હતો, અવેજ પેટે પાંચ વર્ષ દરમિયાન વાર્ષિક બે ટકા લેખે કરોડોનું વ્યાજ વસુલ્યું હોવા છતાં દોમડીયા પરિવારે સ્કૂલ નો સો ટકા કબજો વગરનો કરાર પોતાના પુત્ર વિશાલ દોમડીયા ના નામે કરાવી લીધો હતો, જે દસ્તાવેજ કરી દીધા બાદ પણ ૫૦ કરોડની વધુ માંગણી કરી માનસિક ત્રાસ આપવાનું ચાલુ રખાયું હતું.

અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે મેરામણભાઈ પરમાર એ ૨૦૧૬ માં સૌરાષ્ટ્રની સૌ પહેલી પાંચ કરોડની રેન્જ રોવર કારની પણ ખરીદી કરી હતી અગાઉ ૨૦૨૦ માં પણ મેરામણભાઈએ મોડી રાતે માકડ મારવાની ઝેરી દવા પી લઈ આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. આ સમગ્ર પ્રકરણમાં હવે પોલીસ ફરિયાદ થઈ છે, ત્યારે તપાસ બાદ અનેક ચોંકાવનારા ખુલાસાઓ થાય તેમ મનાઈ રહ્યું છે અને જામનગર વર્તુળમાં આ ફરિયાદને લઈને ભારે ચકચાર મચી ગઈ છે.

### વાઢેર અને દોમડિયા પરિવારના ૧૧ સભ્યો સામે ફરિયાદ

હાલારના અગ્રણી ભીખુભા હરીસિંહ વાઢેર, ધવલસિંહ ભીખુભા વાઢેર, વિરેન્દ્રસિંહ ભીખુભા વાઢેર, શૈલેન્દ્રસિંહ ભીખુભા વાઢેર, ગજરાબા ભીખુભા વાઢેર, અનિતાબા વિરેન્દ્રસિંહ વાઢેર, કશ્મીરાબા ધવલસિંહ વાઢેર, પ્રવિણભાઈ શૈલેન્દ્રસિંહ વાઢેર, પ્રવિણભાઈ લક્ષ્મણભાઈ દોમડિયા, કાંતાબેન પ્રવિણભાઈ દોમડિયા અને વિશાલ પ્રવિણભાઈ દોમડિયા સામે અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

# જન્માષ્ટમી તહેવારોમાં જામનગર એસ.ટી વિભાગ દ્વારા વધારાની બસો દોડાવશે

## રાજકોટ, મોરબી, દ્વારકા, જૂનાગઢ, સોમનાથ, અમદાવાદ, પોરબંદર સહિતના રૂટ પરની એક્સ્ટ્રા બસો દોડશે

જન્માષ્ટમી સહિતના તહેવારોને પગલે મુસાફરોની વધતી ભીડને ધ્યાનમાં રાખીને જામનગર એસ.ટી. વિભાગ દ્વારા જન્માષ્ટમીમાં એક્સ્ટ્રા એસ.ટી. બસોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. તહેવારો દરમિયાન મુસાફરોને અવરજવરમાં કોઈ અગવડતા ન પડે અને વતન તથા વિવિધ ધાર્મિક સ્થળોએ સરળતાથી પહોંચી શકે તે માટે એસ.ટી. તંત્ર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

જામનગર એસ.ટી. ડિવિઝનના જામનગર, દ્વારકા, ખંભાળિયા, ધ્રોલ અને જામજોધપુર ડેપોથી વિવિધ સ્થળો માટે વધારાની બસો દોડાવવામાં આવશે. જેમાં રાજકોટ, મોરબી, દ્વારકા, જૂનાગઢ, સોમનાથ, અમદાવાદ, પોરબંદર સહિતના વિવિધ રૂટનો સમાવેશ થાય છે.

જન્માષ્ટમી સહિતના તહેવારો દરમિયાન લોકો મોટી સંખ્યામાં પોતાના વતન, ધાર્મિક સ્થળો તથા સંબંધીઓના ઘરે જતા હોવાથી એસ.ટી. બસોમાં મુસાફરોની સંખ્યામાં વધારો થવાની શક્યતા છે. આ વધારાના ટ્રાફિકને પહોંચી વળવા માટે વિભાગ દ્વારા અગાઉથી આયોજન કરી એક્સ્ટ્રા બસોનું સંચાલન શરૂ કરવામાં આવ્યું છે.મુસાફરોને લાંબી રાહ જોવી ન પડે તેમજ તહેવારોના દિવસોમાં પરિવહન વ્યવસ્થા સરળતાથી જળવાઈ રહે તે માટે મુસાફરોની સંખ્યા અને ટ્રાફિકની સ્થિતિને ધ્યાનમાં રાખીને જરૂરી રૂટ પર વધારાનું સંચાલન કરવામાં આવશે.

### ૫૧થી વધુ મુસાફરો હોય તો ગ્રુપ બુકિંગનો લાભ

એક જ ગ્રુપના ૫૧થી વધુ મુસાફરો હોય તો ગ્રુપ બુકિંગની સુવિધાનો લાભ લેવા માટે નજીકના એસ.ટી. ડેપોનો સંપર્ક કરવા જામનગર એસ.ટી. વિભાગ દ્વારા અપીલ કરવામાં આવી છે. અગાઉથી ગ્રુપ બુકિંગ કરાવવાથી મુસાફરોને સરળ અને સુવિધાજનક મુસાફરીનો લાભ મળી શકશે.જન્માષ્ટમી સહિતના તહેવારો દરમિયાન મુસાફરોને પરિવહનની કોઈ મુશ્કેલી ન પડે તે માટે એસ.ટી. તંત્ર દ્વારા કરવામાં આવેલા વધારાના બસ સંચાલનનો વધુમાં વધુ લાભ લેવા જામનગર એસ.ટી. વિભાગીય મેનેજર દ્વારા મુસાફરોને અનુરોધ કરવામાં આવ્યો છે.

# તહેવારો પૂર્વે જામનગર પોલીસ એક્શન મોડમાંઃ મેગા કોમ્બિંગ ડ્રાઈવ

## મયુરનગર આવાસથી દિગ્જામ સર્કલ અને બાવરીવાસ સુધી સઘન ચેકિંગઃ ૬૫ વાહનો તપાસ્યા, છ વાહનો ડિટેઈન

તહેવારોના દિવસો નજીક આવી રહ્યા છે ત્યારે જામનગર પોલીસ એક્શન મોડમાં આવી છે. શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેમજ અસામાજિક તત્વો પર કડક નજર રાખવાના ભાગરૂપે પોલીસ દ્વારા વિવિધ વિસ્તારોમાં ખાસ કોમ્બિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી.



મયુરનગર આવાસથી દિગ્જામ સર્કલ અને બાવરીવાસ સુધીના વિસ્તારોમાં પોલીસની ટીમોએ સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. કોમ્બિંગ દરમિયાન વાહનોની તપાસ ઉપરાંત અગાઉથી પોલીસ ચોપડે ચડેલા શખ્સોની પણ તપાસ કરવામાં આવી હતી.પોલીસની કાર્યવાહીમાં કુલ ૬૫ વાહનોનું ચેકિંગ કરવામાં આવ્યું હતું, જેમાં નિયમભંગ સહિતની બાબતોને ધ્યાને લઈ ૬ વાહનો ડિટેઈન કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત અગાઉ ગુનામાં સંડોવાયેલા અને પોલીસ ચોપડે ચડેલા કુલ ૩૭ શખ્સોની તપાસ કરવામાં આવી હતી.કોમ્બિંગ ડ્રાઈવ દરમિયાન બુટલેગર, જુગારી તેમજ પાસા હેઠળના આરોપીઓ સહિત અસામાજિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા શખ્સોનું પણ ચેકિંગ કરવામાં આવ્યું હતું. પોલીસની કાર્યવાહીમાં પ્રોહિબીશન સહિત કુલ ૧૫ કેસ નોંધવામાં આવ્યા હતા.આ ઉપરાંત ટ્રાફિક નિયમોના ભંગ બદલ વાહનચાલકો સામે કાર્યવાહી કરી કુલ રૂ. ૫,૬૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો. તહેવારો દરમિયાન શહેરમાં શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા ચેકિંગ વધુ સઘન બનાવવામાં આવ્યું છે.જામનગરના વિવિધ વિસ્તારોમાં પોલીસની મેગા કોમ્બિંગ ડ્રાઈવથી અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાયો છે. આગામી દિવસોમાં પણ પોલીસ દ્વારા આવી કામગીરી ચાલુ રાખવામાં આવે તેવી શક્યતા છે.

# નિકાવામાં બળેવે જીવંત થઈ વર્ષો જૂની વરસાદના વરતારાની પરંપરા

## ચાર માસના પ્રતિનિધિ બાળકોની દોડમાં જેઠ નામનો યુગ શિયાણી અવ્વલ, આવતા વર્ષ સારા વરસાદની લોકઆશા

**અબતક, રાજુ રામોલિયા**
**કાલાવડ**

કાલાવડ તાલુકાના નિકાવા ગામે બળેવ પૂનમના પવિત્ર પર્વ નિમિત્તે વર્ષો જૂની પરંપરા મુજબ ભગવાન બળભદ્રના શસ્ત્ર હળનું પૂજન તથા પરંપરાગત દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારોમાં કૃષિ સંસ્કૃતિ અને વરસાદ સાથે જોડાયેલી આવી લોકપરંપરાઓ આજે પણ ગ્રામજનોમાં ઉત્સાહ અને આશાનો સંચાર કરતી જોવા મળે છે.



નિકાવા ગામની પરંપરા મુજબ ચાર બાળકોને વર્ષના ચાર માસના પ્રતિનિધિ તરીકે પસંદ કરવામાં આવે છે. આ વર્ષે યુગ શિયાણી જેઠ, શુભ ગમઢા અષાઢ, વાસુ ગમઢા શ્રાવણ અને પારસ રોક ભાદરવા માસનું પ્રતિનિધિત્વ કરી રહ્યા હતા. પરંપરા મુજબ ચારેય બાળકોએ ગોળા નદીમાંથી પાણી ભર્યું હતું અને ત્યારબાદ ગોળા લઈને ગામના નંદીગ્રામ ચોક ખાતે પહોંચ્યા હતા.નંદીગ્રામ ચોકમાં ગ્રામજનો દ્વારા ગોળામાં ભરાયેલા પાણીનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કૃષિ સંસ્કૃતિના પ્રતીક સમાન હળને ચોકની મધ્યમાં રાખવામાં આવ્યું હતું. ચારેય બાળકોએ હળની ચાર પ્રદક્ષિણા કરી હતી અને ત્યારબાદ ચારેય ગોળાનું પાણી ધરતી માતાને અર્પણ કરવામાં આવ્યું હતું.પરંપરાના આગલા તબક્કામાં ચારેય બાળકો વચ્ચે દોડ યોજાઈ હતી. દોડમાં જે બાળક પ્રથમ આવે તેને હળ પ્રાપ્ત થાય છે.

# રક્ષાબંધને જેલની દીવાલો વચ્ચે પણ છલકાયો ભાઈ-બહેનનો અતૂટ સ્નેહ

## ૫૭૦ જેટલા બંદીવાન ભાઈઓને બહેનોએ રાખડી બાંધી, ભાવુક મિલનથી વાતાવરણ લાગણીસભર બન્યું

ભાઈ-બહેનના પવિત્ર સ્નેહ અને લાગણીના પર્વ રક્ષાબંધનની જામનગર જિલ્લા જેલમાં પણ ભાવુક વાતાવરણ વચ્ચે ઉજવણી કરવામાં આવી હતી. જેલમાં સજા ભોગવી રહેલા ૫૭૦ જેટલા બંદીવાન ભાઈઓને તેમની બહેનોએ રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી. ભાઈ-બહેનના મિલનના દશ્યોથી જેલ પરિસરમાં લાગણીસભર માહોલ સર્જાયો હતો.





રક્ષાબંધનને ધ્યાનમાં રાખીને જામનગર જિલ્લા જેલ તંત્ર દ્વારા બંદીવાનોને તેમની બહેનો સાથે પવિત્ર પર્વની ઉજવણી કરવાની તક મળે તે માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. જેલ પરિસરમાં બંદીવાન ભાઈઓ માટે અલગ-અલગ ટેબલની વ્યવસ્થા કરવામાં આવી હતી, જ્યાં બહેનોએ પોતાના ભાઈઓને રાખડી બાંધી હતી.એક પછી એક બંદીવાન ભાઈઓ પોતાની બહેનો પાસે પહોંચ્યા હતા. બહેનોએ ભાઈના કાંડા પર રાખડી બાંધી તેમના સુખ, સ્વાસ્થ્ય અને ઉજ્જ્વળ ભવિષ્ય માટે પ્રાર્થના કરી હતી. ત્યારબાદ ભાઈ-બહેનોએ એકબીજાનું મોઢું મીઠું કરાવ્યું હતું. આ દરમિયાન સમગ્ર વાતાવરણ સ્નેહ અને લાગણીથી ભરાઈ ગયું હતું.લાંબા સમય બાદ ભાઈને મળવાનો અવસર મળતાં અનેક બહેનોની આંખોમાં આંસુ છલકાઈ આવ્યા હતા. બીજી તરફ, બહેનને પોતાની સામે જોઈ બંદીવાન ભાઈઓના ચહેરા પર પણ લાગણી અને સ્નેહની લાગણી સ્પષ્ટ જોવા મળી હતી. રાખડી બાંધતી વેળાએ ભાઈ-બહેન વચ્ચેના ભાવુક મિલનના દશ્યો ઉપસ્થિત સૌને સ્પર્શી ગયા હતા.

જેલની ઊંચી દિવાલો અને કડક વ્યવસ્થાની વચ્ચે પણ રક્ષાબંધનના પર્વે ભાઈ-બહેનના પ્રેમનો અતૂટ સંબંધ જીવંત જોવા મળ્યો હતો. બહેનોના હાથે ભાઈઓના કાંડા પર બંધાયેલી રાખડીએ સ્નેહ, વિશ્વાસ અને લાગણીનો સંદેશ આપ્યો હતો.

જામનગર જિલ્લા જેલ તંત્રની વિશેષ વ્યવસ્થાના કારણે ૫૭૦ જેટલા બંદીવાન ભાઈઓને પોતાની બહેનો સાથે રક્ષાબંધન ઉજવવાનો અવસર મળ્યો હતો. રાખડી બાંધવા અને મોઢું મીઠું કરાવવાના આ પ્રસંગે જેલ પરિસરમાં સર્જાયેલું સ્નેહસભર અને ભાવુક વાતાવરણ રક્ષાબંધનના પર્વની લાગણીસભર યાદ બની રહ્યું હતું.

# ધ્રોલના ખારવા ગામે હડકાયા શ્વાને ૮ લોકોને બચકાં ભર્યા

## મહિલા, પુરુષ અને બાળકો સહિત ૮ લોકોને લોહીલુહાણ કર્યા બાદ ગામમાં ફેલાયો ભારે ફફડાટ

**અબતક,સંજય ડાંગર**
**ધ્રોલ**

ધ્રોલ તાલુકાના ખારવા ગામે એક હડકાયા શ્વાને ભારે આતંક મચાવતાં સમગ્ર પંથકમાં ભય અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. માર્ગ પરથી પસાર થઈ રહેલા નિર્દોષ ગ્રામજનો પર હડકાયા શ્વાને અચાનક હુમલો કરી દીધો હતો. શ્વાને મહિલા, પુરુષ અને બાળકો સહિત એક પછી એક એમ કુલ ૮ લોકોને બચકાં ભરીને ગંભીર રીતે લોહીલુહાણ કરી દીધા હતા.બનાવને પગલે ગામમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

બનાવની જાણ થતાં જ ધ્રોલ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને તમામ ઈજાગ્રસ્તોને ધ્રોલ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. ત્યાં પ્રાથમિક સારવાર અને હડકવા વિરોધી રસી આપ્યા બાદ, ઈજાઓ ગંભીર હોવાથી વધુ સારવાર અર્થે તમામ ૮ લોકોને તાબડતોબ જામનગરની જી.જી. હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા હતા.તમામ ઈજાગ્રસ્તો સ્વસ્થ, મોડી રાત્રે રજા અપાઈજામનગર જી.જી. હોસ્પિટલમાં સઘન સારવાર આપ્યા બાદ તમામ દર્દીઓની તબિયતમાં સુધારો જણાતાં મોડી રાત્રે જ તમામને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. હાલ તમામ ઈજાગ્રસ્તોની તબિયત સારી હોવાનું જાણવા મળ્યું છે.

# ખંભાળિયા : જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ

**અબતક, વિનાયક ભટ્ટ**
**ખંભાળિયા**

ખંભાળીયા જિલ્લા સેવા સદન ખાતે આજરોજ જિલ્લા કલેકટર રાજેશ તન્નાની અધ્યક્ષતામાં ૯ૠ૫૨ઈ-? દ્વારકા જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં નાગરીક સંરક્ષણની પ્રાથમિકતા આપી નેશનલ હાઈવે પર આવેલ અનધિકૃત ગેપ ઈન મીડીયન બંધ કરવા તેમજ જો ગેપ ઈન મીડીયન પુનઃ શરૂ કરે તો તેની સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. તેમજ અન્ય માર્ગો નજીક અનધિકૃત દબાણો, ઈમારતો દૂર કરવાની કામગીરી કરવા પણ સૂચના આપવામાં આવી હીત. તેમજ હિટ એન્ડ રન અંતર્ગત કેસોની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક જયરાજસિંહ વાળા, નિવાસી અધિક કલેકટર એમ.વી. દેસાઈ, એ.આર.ટી.ઓ. જી.વી. તલસાણીયા તેમજ સમિતિના સભ્યો ઉપસ્થિત રહયા હતા.



# સાતમ-આઠમ પછી ૬ થી ૧૦ સપ્ટેમ્બર સાર્વત્રિક વરસાદની આશ: હવામાન શાસ્ત્રીઓની આગાહી

## ચોમાસાની સિસ્ટમમાં થોડો સુધારો: આગામી એક સપ્તાહ સુધી માત્ર સામાન્ય ઝાપટા વરસશે, રાજ્યમાં ૭૫.૨૮ ટકા વરસાદ

### ચોમાસામાં ઉનાળા જેવી ગરમી પારો ૩૫ ડિગ્રીએ આંબી ગયો

ચોમાસાની સિઝનમાં વાતાવરણમાં ઠંડક અનુભવાતી હોય છે પરંતુ આ વર્ષે સંતોષકારક વરસાદના અભાવે રાજ્યભરમાં ચોમાસામાં ઉનાળા જેવા આકરા તડકા પડી રહ્યા છે. જેના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. આગામી પાંચ દિવસ સુધી વાદળછાંયુ વાતાવરણ છવાયેલું રહેશે. જેના કારણે મહત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રી સુધીનો ઘટાડો જોવા મળશે. શુક્રવારે કંડલા એરપોર્ટ પરનું મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે રાજકોટનું તાપમાન પણ ૩૪.૯ ડિગ્રી રહેવા પામ્યું હતું. અમદાવાદનું તાપમાન ૩૪.૨ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૩.૧ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૩૩.૮ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું તાપમાન ૩૩.૫ ડિગ્રી, વડોદરાનું તાપમાન ૩૪ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૨.૬ ડિગ્રી, ભુજનું તાપમાન ૩૩.૮ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૨.૪ ડિગ્રી, કંડલા પોર્ટ પરનું તાપમાન ૩૩.૫ ડિગ્રી, અમરેલીનું તાપમાન ૩૧.૯ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૪.૭ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૨૯.૮ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૨.૪ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૨.૫ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૩૧.૩ ડિગ્રી, સુરેન્દ્રનગરનું તાપમાન ૩૪.૧ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૨.૪ ડિગ્રી અને કેશોદનું તાપમાન ૩૨ ડિગ્રી નોંધાયું હતું.

**અબતક, રાજકોટ**

અનરાધાર મેઘ મહેરની વાટ જોઈ રહેલા સૌરાષ્ટ્ર - કચ્છના લોકો માટે થોડા સારા સમાચાર મળી રહ્યા છે. સાતમ - આઠમના તહેવાર પછી આવતા સપ્તાહના અંતે ૬ થી ૧૦ સપ્ટેમ્બર સુધી રાજ્યમાં સાર્વત્રિક વરસાદની સંભાવના જણાય રહી છે. હજી એક સપ્તાહ સુધી રાજ્યના છુટા છવાયા વિસ્તારોમાં હળવા ઝાપટા વરસતા રહેશે. નોંધપાત્ર વરસાદની કોઈ જ સંભાવના નથી. રાજ્યમાં આજ સુધીમાં ૭૫.૨૮ ટકા વરસાદ વરસી ગયો છે.



આજે સવારે પૂરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૧૧ તાલુકામાં હળવા ઝાપટા પડ્યા હતા. કપરાડા, ઉમરગામ, ડાંગ-આહવા, સુબીર, પારડી, વાપી, મહુવા, ધરમપુર, ખેરગામ, વલસાડ અને નાના પોંઢામાં ઝાપટા વરસ્યા હતા. હાલ લો-પ્રેશર સક્રિય છે પણ બહુ મજબૂત નથી. જેના કારણે રાજ્યમાં સાર્વત્રિક વરસાદની કોઈ જ શકયતા નથી. છુટા છવાયા વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ પડશે. ચોમાસાની સ્થિતિમાં થોડો સુધારો દેખાય રહ્યો છે. જેના કારણે આગામી એક સપ્તાહ બાદ રાજ્યમાં સાર્વત્રિક વરસાદની સંભાવના દેખાય રહી છે. સાતમ - આઠમના તહેવાર બાદ એટલે કે આગામી ૬ થી ૧૦ સપ્ટેમ્બર સુધી રાજ્યમાં સાર્વત્રિક વરસાદની શકયતા હવામાન નિષ્ણાંતો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

રાજ્યમાં ચાલુ સાલ ચોમાસાની સિઝનનો કુલ ૭૫.૨૮ ટકા વરસાદ આજ સુધીમાં વરસી ગયો છે. કચ્છ રિજીયનમાં સૌથી ઓછો ૨૯.૨૯ ટકા, ઉત્તર ગુજરાતમાં ૫૬.૨૩ ટકા, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૭૪.૯૨ ટકા, સૌરાષ્ટ્રમાં ૫૬.૦૧ ટકા અને દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૧૦૩.૪૯ ટકા વરસાદ વરસી ગયો છે.

રાજ્યના ૩ તાલુકામાં બે ઈંચ સુધી પણ વરસાદ પડ્યો નથી. ઓગસ્ટ માસમાં માત્ર ૯૬.૪૩ મીમી વરસાદ પડ્યો છે. ઓગસ્ટ મહદંઅંશે કોરો ધ્રાકોડ રહેવાના કારણે વાવણી નિષ્ફળ ગઈ છે. જળાશયોની હાલત પણ ચિંતાજનક છે.

રાજ્યની જીવાદોરી સમાન નર્મદા ડેમ ૮૬.૩૫ ટકા ભરાય ગયો છે. ડેમની સપાટી ૪૪૧.૪ ફૂટે પહોંચી જવા પામી છે. અન્ય ૨૦૬ ડેમ પૈકી માત્ર ૨૮ ડેમ જ ઓવરફ્લો થયા છે. જ્યારે ૩૨ ડેમોમાં ૭૦થી લઈ ૧૦૦ ટકા સુધી પાણી છે. ૨૮ ડેમમાં ૫૦થી ૭૦ ટકા સુધી, ૪૫ ડેમમાં ૨૫થી ૫૦ ટકા સુધી અને ૭૩ જળાશયોમાં માત્ર ૨૫ ટકા જ પાણી છે. વાતાવરણ વાદળછાંયુ રહે છે પણ મેઘરાજા વરસતા નથી. ગુજરાત પરથી ચોમાસાના વાદળો ગાયબ થઈ ગયા છે.

વરસાદની ઘટની સ્થિતિમાં રાજ્ય સરકાર પશુપાલકો અને પશુધનની સુરક્ષા માટે સંપૂર્ણ

(અનુ. આઠમા પાને)

# બોળ ચોથ સાથે સોમવારથી સાતમ આઠમના તહેવારોની શ્રૃંખલાનો આરંભ

## સૌરાષ્ટ્રમાં હવે તહેવારોની રંગત દેખાવા લાગી: મંગળવારે નાગ પાંચમ, બૂધવારે રાંધણ છઠ્ઠ, ગુરૂવારે શિતળા સાતમ અને શુક્રવારે જન્માષ્ટમી




**અબતક, રાજકોટ**

ઉત્સવ પ્રેમી સૌરાષ્ટ્રની જનતાની બીજી દિવાળી એટલે સાતમ-આઠમનો તહેવાર આગામી સોમવારે બોળ ચોથ સાથે જન્માષ્ટમી પર્વ શ્રૃંખલાનો આરંભ થઈ જશે સૌરાષ્ટ્રમાં હાલ તહેવારોનો માહોલ જોવા મળી રહ્યો છે. કેટલાક માર્કેટીંગ યાર્ડમાં આજથી જ રજા પડી ગઈ છે. જ્યારે કેટલાકમાં આગામી મંગળવારથી સાતમ આઠમના તહેવારની રજા પડશે. તહેવારોની રોનક પણ દેખાય રહી છે. ચોકે ચોકે શણગાર અને શાનદાર રોશની ઉભી કરવામાં આવી છે.

સૌરાષ્ટ્રમાં દિવાળી, જન્માષ્ટમી અને ઉતરાયણ પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવે છે. સાતમ આંમના પર્વની ત્રણથી ચાર દિવસ સુધી ઉજવણી કરવામાં આવતી હોય છે. ગઈકાલે શુક્રવારે રક્ષા બંધનની ઉજવણી કરવામાં આવી હતી. શનિ-રવિવાર હોવાના કારણે હવે લોકો તહેવારના મૂડમાં આવી ગયા છે. એક તીથીનો ક્ષય હોવાના કારણે આગામી સોમવારે બોળચોથની ઉજવણી કરવામાં આવશે બોળચોથ સાથે જ સાતમ આઠમના તહેવારોની શ્રૃંખલાનો આરંભ થઈ જશે. બોળચોથના દિવસે પરિણીત મહિલાઓ ગૌ માતાનું પૂજન કરતી હોય છે. બાજરાનો રોટલો અને બાફેલા મગનું શાક ખાઈને આખો દિવસ આરાધના કરવામાં આવે છે. મંગળવારે નાગ પાંચમની ઉજવણી કરવામાં આવશે. આ દિવસે નાગ દેવતાની પુજા કરવામાં આવે છે. બુધવારે રાંધણ છઠ્ઠ છે આ દિવસે મહિલાઓ દ્વારા આખો દિવસ વિવિધ પ્રકારના પકવાન બનાવવામાં આવે છે. ત્યારબાદ રાતે

(અનુ. આઠમા પાને)

# જુવેનાઈલ ડાયાબિટીસ ધરાવતા બાળકોને આજીવન નિ:શૂલ્ક ઈન્સ્યુલીન અપાશે

## નિ:શુલ્ક ઈન્સ્યુલીનની પહેલ 'દીકરીની રક્ષા અને દીકરીના સ્વાસ્થ્ય' પ્રત્યેની ભાજપાની પ્રતિબદ્ધતાનું પ્રતીક: ગૃહમંત્રી અમિત શાહ



**અબતક, રાજકોટ**

કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી અમિતભાઈ શાહે રક્ષાબંધન પર્વની ઉજવણી ટાઈપ ૧ જુવેનાઈલ ડાયાબિટીગ્રસ્ત બાળકીઓ સાથે કરી હતી. રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે બાળાઓએ શ્રી શાહને રક્ષાસૂત્ર બાંધી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે આ બાળકીઓ ટાઈપ ૧ ડાયાબિટીસગ્રસ્ત હોય તેમને જીવનભર ઈન્સ્યુલિનનાં ઈન્જેકશન લેવા જરૂરી બન્યા છે. આ પ્રકારની આરોગ્ય સમસ્યાઓના નિવારણ માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૩૦ એપ્રિલ ૨૦૨૬ના રોજ રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ ૨.૦ હેઠળ બાળકોમાં ડાયાબિટીસ મેલિટસ માટે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હતી.

આ પ્રકારની સમસ્યામાં આજીવન ઈન્સ્યુલિનના

(અનુ. આઠમા પાને)



# રાજકોટથી સ્ટેચ્યુ ઓફ યુનિટી વચ્ચે એસ.ટી. દોડાવશે એસી લકઝરી બસ

## ભાડુ ૭૪૭ રૂપીયા: રાત્રે ૯.૩૦ કલાકે રાજકોટથી એસી બસ ઉપડી સવારે ૬ કલાકે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પહોંચશે



**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા આજથી પાંચ નવી એસી સીટર લકઝરી બસ સેવાનો આરંભ કરવામાં આવશે. રાજકોટથી સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે એસટી નિગમ દ્વારા એસી સીટર લકઝરી બસ દોડાવશે રાજકોટ દક્ષિણ વિધાનસભા બેઠકના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ આ નવી સેવાનો આરંભ કરાવ્યો હતો.

રાજકોટ બસ પોર્ટ પરથી સ્ટેચ્યુ ઓફ યુનિટી જવા માટે રોજ રાત્રે ૯.૩૦ કલાકે એસટી નિગમ દ્વારા એસી સીટર લકઝરી બસ દોડાવવામાં આવશે જે રાજકોટથી ઉપડી વાયા નડિયાદ, આણંદ, બરોડા અને ડભોઈ હોલ્ડ કર્યા બાદ વહેલી સવારે ૬ કલાકે સ્ટેચ્યુઓફ યુનિટી ખાતે પહોચશે જયારે બપોરે ૪ કલાકે સ્ટેચ્યુઓફ યુનિટી ખાતેથી આ બસ રાજકોટ ખાતે ઉપડશે




(અનુ. આઠમા પાને)

# ટ્રાન્સપોર્ટર ફારૂક મૌલાનાને મેડિકલ સર્ટિફિકેટ આપનાર તબીબ સામેની કાર્યવાહી પર રોક

## હત્યા અને ખંડણીના ગુનામાં સંડોવાયેલા આરોપીને જામીન અપાવવા બોગસ સર્ટિફિકેટ આપ્યાનું માની સેશન્સ કોર્ટએ મેડિકલ કાઉન્સિલને તબીબ સામે પગલાં લેવા આદેશ આપ્યો'તો હાઈકોર્ટનો સ્ટે

**અબતક, રાજકોટ**

ગુજરાત હાઈકોર્ટે ગુજરાત મેડિકલ કાઉન્સિલ (જીએમસી)ને કેશોદના તબીબ સામે વ્યાવસાયિક ગેરવર્તણૂક બદલ કાર્યવાહી કરવાનો નિર્દેશ આપતા સેશન્સ કોર્ટના આદેશ પર રોક લગાવી દીધી છે. હત્યાના આરોપીને કામચલાઉ જામીન મેળવવા માટે ખોટા મેડિકલ સર્ટિફિકેટ જારી કરવાના આરોપસર જિલ્લા અદાલતે તબીબ સામે કાર્યવાહી કરવા આપેલા આદેશ પર ઉચ્ચ અદાલતે સ્ટે આપ્યો છે.

સમગ્ર બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો મામલો કેશોદના કાર્ડિયોલોજિસ્ટ ડૉ. રાજેશ સાંગાણી સાથે સંબંધિત છે, જેમણે ૩ જૂન અને ૧૯ જૂનના રોજ હત્યા અને ખંડણીના આરોપી વેરાવળના ટ્રાન્સપોર્ટર ફારુક મૌલાનાને ખોટા મેડિકલ સર્ટિફિકેટ જારી કર્યા હોવાનો આરોપ છે. મૌલાનાએ વેરાવળ સેશન્સ કોર્ટ સમક્ષ જામીન અરજી દાખલ કરી હતી, જ્યાં તેમણે ડૉ. સાંગાણી દ્વારા જારી કરાયેલા બે પ્રમાણપત્રો રજૂ કર્યા હતા. ફરિયાદ પક્ષે દાવો કર્યો હતો કે, આરોપીની તપાસ કર્યા વિના જ સર્ટિફિકેટ જારી કરવામાં આવ્યા હતા.

જામીન અરજીની સુનાવણી કરતી વખતે, એડી. સેશન્સ જજ જે જે પંડ્યાએ ડોક્ટરને નોટિસ જારી કરીને પ્રમાણપત્રોનો ખુલાસો કરવા આદેશ આપ્યો હતો. તબીબે કહ્યું હતું કે, પ્રમાણપત્રો દર્દીની સ્થિતિ અને સંબંધીઓ દ્વારા આપવામાં આવેલી માહિતીના આધારે તેમના તબીબી અભિપ્રાયને પ્રતિબિંબિત કરે છે. જોકે, સેશન્સ કોર્ટે એવું માન્યું કે પ્રમાણપત્ર કેદીને જામીન આપવા માટે અપાયું હતું.

કે બાદ અદાલતે ૧૧ ઓગસ્ટના રોજ જીએમસીને ભારતીય તબીબી પરિષદ (વ્યાવસાયિક ગેરવર્તણૂક) શિષ્ટાચાર અને નૈતિકતા નિયમનો, ૨૦૨૨ હેઠળ ડૉક્ટર સામે યોગ્ય કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો હતો.

કોર્ટે આદેશમાં કહ્યું હતું કે, ઘણી વાર એવું જોવા મળે છે કે પ્રભાવશાળી અને સાધનસંપન્ન વ્યક્તિઓ જે ગુનાહિત પ્રવૃત્તિઓમાં સામેલ છે અને જેલમાં બંધ છે તેઓ ડૉક્ટરોની સહાય લઈને તેમની મુક્તિ સુરક્ષિત કરવા અથવા જેલમાંથી રાહત મેળવવાનો પ્રયાસ કરે છે.

તેમને તબીબી કારણોસર હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવે છે અને કેટલાક

(અનુ. આઠમા પાને)

